

णमो तित्थस्स
णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
शिवमस्तु सर्वजगतः

श्री जगदीश तर्कालंकार विरचिता

અવચ્છેદકત્વ નિરુક્તિ

(ગુજરાતી વિવેચન સહિત)

-: વિવેચનકાર :-
પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી

-: પ્રકાશક :-
કમલ પ્રકાશન ટ્રસ્ટ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

અવચ્છેદકત્વ-નિરુક્તિ

: લેખક :

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૫૪

કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૧

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

લેખક :

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી

આવૃત્તિ :

પ્રથમ સંસ્કરણ : નકલ : ૫૦૦

વિ.સં. ૨૦૬૪ તા. ૧-૧-૨૦૦૮

મૂલ્ય રૂા. ૧૦૦/-

ટાઈપસેટિંગ :

અરિહંત ગ્રાફિક્સ

ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

મુદ્રક :

નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ

રીલિફ રોડ,અમદાવાદ.

ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

● સૌજન્ય ●

શ્રી ટાંકલ શ્વેતાબર મૂર્તિપૂજક જૈન સંઘ

૧૦૨, રાજ રત્ન એપાર્ટમેન્ટ, નાગ તલાવડી,
નવસારી. ફોન : ૨૫૩૯૭૫

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના

સોપાન સર કરવાના લક્ષને વરેલા

તપોવનમાં ભણતા બાળકો

અતિથિઓને નમોનમઃ કરે છે.

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

માતાપિતાના સેવક બને છે.

પ્રભુના ભક્ત બને છે.

ગરીબોના બેલી બને છે.

પ્રાણીઓના મિત્ર બને છે.

શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.

લેખકીય પ્રસ્તાવના

આશરે ૪૦ વર્ષ પૂર્વે મારા પરમારાધ્યપાદ ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ સુવિશુદ્ધ બ્રહ્મચારી પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની અનન્ય કૃપા મેળવવાના એકમાત્ર ઉદ્દેશથી એમના માર્ગદર્શન પ્રમાણે તે વખતના વિદ્વાન પંડિતવર્યો પાસે ન્યાય ગ્રન્થોનો અભ્યાસ કર્યો અને અભ્યાસની સાથે જ એના ઉપર ગુજરાતીમાં વિવેચન પણ લખતો ગયો.

તે વખતે એવો અંદાજ પણ ન હતો કે આ લખાણ ભવિષ્યમાં પુસ્તક રૂપે પ્રકાશિત થશે...પણ આજે ૪૦ વર્ષ બાદ સાધુ-સાધ્વીજીઓને ન્યાયાભ્યાસમાં સહાય મળે એ ઉદ્દેશથી આ ગુજરાતી વિવેચન છપાવવાનું શરૂ કર્યું છે.

અભ્યાસકાળે આ લખાણ થયું, શક્ય છે કે એમાં ભૂલો રહી પણ ગઈ હોય. એટલે જ એનું સંશોધન કરવા માટે વિદ્વાન મુનિરાજોને બતાવવાનો નિર્ણય કર્યો. વિદ્વદ્વર્ય મુનિરાજ રત્નજયોતવિજયજી, મુનિરાજ સૌમ્યરત્નવિજયજી અને પંડિતશ્રી સંતોકભાઈએ આ લખાણ તપાસ્યું. સુધારા-વધારાઓ સૂચવ્યા. એ બધાથી આ પુસ્તકનું પરિમાર્જન એકંદરે ઘણું સારું થયું છે. છતાં કંઈક ક્ષતિઓ રહી ગઈ હોય એ શક્ય છે એની ક્ષમા ચાહું છું.

સંશોધક બંને મુનિરાજોનો ખૂબ આભાર ! એમણે આ કાર્ય માટે ઘણો ભોગ આપ્યો છે.

એ બધા કરતા ય સૌથી વધુ યશનો હકદાર છે મારો શિષ્ય મુનિજિનપદ્મવિજય ! મારા ન્યાયના તથા અન્ય તમામ પુસ્તકોનું અત્યંત બારીકાઈથી પ્રુફરીડીંગ કરવાનું કાર્ય એ કરે છે. તદ્દન નિઃસ્વાર્થભાવે, કોઈ અપેક્ષા વિના એક માત્ર ગુરુસેવા કરવાના શુભભાવથી એ વર્ષોથી મારી આ અદ્વિતીયભક્તિ કરી રહ્યો છે...એને હું કેમ ભૂલી શકું ? એને મારા તો ખોબે ખોબા ભરીને આશિષ છે કે આ ગુરુભક્તિના પ્રતાપે એ વહેલી મુક્તિ પામે.

અંતે આ પુસ્તકની સહાયથી સંયમીઓ સારો ન્યાયાભ્યાસ કરી, એનાથી પરિકર્મિતબુદ્ધિથી આગમોનો બોધ પામી વહેલી મુક્તિ પામે એ જ એક માત્ર અભ્યર્થના.

અષાઢ સુદ-૫, સં. ૨૦૬૩

— પં. ચન્દ્રશેખરવિજયજી
નવસારી
મહાવીર સોસાયટી

એક નજર ઈધર ભી

વિદ્વાનો નવ્યન્યાયને 'સિંહમુખી ગૌ' કહે છે. દૂરથી ડર લાગે પણ નજીક ગયા બાદ (પરિભાષાઓ સમજાયા બાદ) ગાયની જેમ અત્યંત સરળ.

શકસંવત ૭૦૦ થી ૧૧૦૦ વચ્ચે થયેલ ગંગેશ ઉપાધ્યાયે શરૂ કરેલી નવ્ય શૈલી પછી તો અત્યંત વ્યાપક બની રહી. પદાર્થને સ્પષ્ટ કરવાની સચોટતાને લઈને પછી તો પ્રાયઃ અન્ય દર્શનીય પણ દરેક વિદ્વાનોએ નવ્યશૈલીમાં ગ્રંથરચના શરૂ કરી, ગંગેશની પરંપરામાં વર્ધમાન - પક્ષધર, પ્રગલ્ભ-વાચસ્પતિ-યજ્ઞપતિ-વાસુદેવ-સાર્વભૌમ-ચક્રવર્તી રઘુનાથ શિરોમણિ - ભવાનંદ વગેરે વિદ્વાનોએ વિસ્તૃત વ્યાખ્યાનો કર્યા.

અને તે વ્યાખ્યાનો પણ જગદીશ, ગદાધર, મથુરાનાથ આદિએ વિસ્તાર્યા. હાલ નજીકના જ સમયમાં થયેલા મિથિલાવાસી ધર્મદત્ત (બચ્ચા) ઝા (વિક્રમ સં. ૧૯૧૭, જન્મ) એ વ્યાપ્તિપંચકથી માંડી લગભગ સંપૂર્ણ તત્ત્વચિંતામણી પર ક્યાંક વિવેચનાત્મક ટીકા તો ક્યાંક ટીપ્પણો રચી. સામાન્યનિરુક્તિ, વ્યુત્પત્તિવાદાદિ આકર ગ્રંથો પર ગૂઢાર્થતત્વાલોક નામે રચાયેલી તેમની ટીકાઓ અત્યંત વિદ્વત્તાપૂર્ણ છે કે જે ટીકાઓ પણ અન્ય ટીકા વગર ન બેસે. તેમણે ખુદ ૧ લાખથી પણ અધિક શ્લોકપ્રમાણ નવ્યન્યાયસાહિત્યસર્જન કર્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે આજ સુધીમાં ૩૦ લાખથી પણ અધિક શ્લોક પ્રમાણ નવ્યન્યાયસાહિત્ય રચાયેલું કહેવાય છે. તેમ છતાં આજે મિથિલા-બંગાળ આદિમાં નવ્ય ન્યાય પરંપરા ડૂસકાં ખાતી દેખાય છે. આવતી કાલે ?

પ્રસ્તુત ગ્રંથના મૂળ અવચ્છેદકત્વ પદાર્થની ચર્ચા 'ચિંતામણી'માં નથી. તાર્કિકશિરોમણિ રઘુનાથે દીધિતિમાં કરેલ ચર્ચા પર જગદીશનું વિસ્તૃત વિવેચન અહીં છે.

હેત્વાભાસગ્રંથોમાં પ્રભુત્વશાલી એવા ગદાધરના વિસ્તૃત વિવેચનશૈલીવાળા ગ્રંથો વિદ્વાનોને આકર્ષતા હોવાથી 'મોહક' કહેવાતા હોવા છતાં પણ વ્યાપ્તિગ્રંથોમાં તો જગદીશનું જ પ્રભુત્વ અખંડિત છે. જગદીશના ગ્રંથો વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી હોઈ 'વ્યુત્પાદક' કહેવાય છે. જગદીશ બહુ સચોટ તથા સંક્ષિપ્ત વર્ણન કરે છે જેથી શંકા રહેતી નથી.

સાધુજીવનના પ્રાણ સમાન 'સ્વાધ્યાય'માં પ્રેરક હોઈ જગદીશના જીવનની કેટલીક વાતનો સપ્રસંગ અહીં ઉલ્લેખ કરું છું.

૧૮ વર્ષની ઉંમરે ભણવાની લગની લાગી ત્યારે તો માત્ર બારાખડી જ આવડતી. પણ હિંમત ને ઉત્સાહથી આગળ વધ્યા. રાત્રે વધુ ભણવા, ઊંઘ ટાળવા ચોટલીને

દોરડેથી થાંભલે બાંધતો. નિદ્રા આવે તો ચોટલી ખેંચાતા જાગી જવાય. જાગીને બધુ પુનરાવર્તન કરે. નિર્ધન હોવાથી રાત્રે બાળવા તેલના રૂપિયા નહોતા તો દિવસે સૂકાયેલા વાંસના પાંદડા ભેગા કરી રાત્રે તે બાળી તેના પ્રકાશમાં વાંચતો.

૨-૩ વર્ષમાં તો આમ સખત મહેનતથી કાવ્યકોશાદિમાં પારંગત થયો. નવ્યન્યાય ભણવા ભવાનંદતર્કવાગીશ પાસે ગયા. ત્યાં તેની વિદ્વત્તા જોઈ થોડા જ દિવસમાં તેને બધુ ભણાવી 'તર્કાલંકાર' ઉપાધિ આપી. હવે જગદીશ બધાને ભણાવતા થયા.

રઘુનાથ શિરોમણિકૃત દીધિતિ ભણાવતા ત્યારે ઉપલબ્ધ સર્વ ટીકાઓ ખૂબ ભૂલ ભરેલી લાગતા નવી ટીકા રચવી શરૂ કરી. પણ તે કાર્ય પણ રૂપિયાની સગવડ ન હોઈ વિલંબાતું રહ્યું. અંતે શૂદ્રાન્ધિકોને તાન્ત્રિક વિદ્યા શીખવી ધન મેળવી 'અનુમિતિ' પ્રકરણથી માંડી 'બાધ' પ્રકરણ સુધીની વિસ્તૃત જાગદીશી રચી તથા અન્ય ગ્રંથો પણ રચ્યા.

ગ્રંથસારાંશઃ 'અવચ્છેદકત્વ'ના લક્ષણની ચર્ચા કરતાં પારિભાષિક અવચ્છેદકના બે લક્ષણો આપ્યા. તથા સિદ્ધાન્તલક્ષણીય પ્રતિયોગિતાધર્મિકોભયાભાવઘટિત વ્યાપ્તિલક્ષણની વાત કરી. પ્રાચીનો ગુરુધર્મને અવચ્છેદક માનતા નથી. વિસ્તૃત ચર્ચા દ્વારા નવ્યોએ ગુરુધર્મ પણ અવચ્છેદક બને છે તેમ સિદ્ધ કર્યું.

આજના કાળે અદ્વિતીય કહી શકાય એવી શાસન પ્રભાવનાના સુમધુર ફળોને ચોતરફ વેરતા ને વિસ્તૃત ફલકમાં ફેલાયેલ ઘેઘૂર વડલા સમાન પરમ શાસનપ્રભાવક પંન્યાસજી ભગવંતશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબના મૂળીયા કેટલા ઊંડા ગયા હોઈ શકે તે આવા પ્રકાશનો પરથી ખ્યાલમાં આવે છે. મુખ્યતયા એકમાત્ર પોતાની ગુરુમા (પૂ.સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી મહારાજા)ને પ્રસન્ન કરવા ખાતર જ દિવસ-રાત જોયા વગર સ્વાધ્યાય કરતા અને એ અધ્યયન કાળમાં અત્યલ્પ સમયમાં ન્યાયના કઠિનતમ ગ્રંથો વિવેચન લખવા સહ ભણ્યા. હજારો પાનામાં વિસ્તૃત આ વિવેચનો આ રીતે દીર્ઘતમ અવસ્થાને પ્રાપ્ત કરી રહ્યા છે. તે લખવાના સંસ્કારો હજી પણ એવા જ જાગૃત છે કે આજે પણ એક દિ'માં ૭૦-૭૦ ફૂલસ્કેપ પાના જેવું લખાણ એક બેઠકે કરી શકે છે. ૫-૭ દિ'માં તો પુસ્તક તૈયાર થઈ જાય.

અંતે, કરૂણાસાગર પ્રભુને એક જ પ્રાર્થના કરીએ કે તેમને વધુને વધુ દીર્ઘાયુ તથા સ્વાસ્થ્યની સાનુકૂળતા પ્રાપ્ત થાય ને હજીયે શાસનના અકબંધ રહેલા પ્રભાવના-રક્ષાના કાર્યો તેમના હાથે સાર્થક થાય.

સં. ૨૦૬૩, જ્ઞાનપંચમી — **પંન્યાસપ્રવરશ્રી કલ્યાણબોધિવિજયજી ગ. શિષ્યાણુ**

પાલી નવલખા મંદિર **મુનિ સૌમ્યરત્નવિજય**

ઓ માતાઓ ! ઓ પિતાઓ !

તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે
તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે
તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને
તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને
તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને
તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને
તેવું તમે ઈચ્છો છો ?

તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.

ॐ ह्रीं अर्हं श्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ।

ऐं नमः

कलिकालश्रुतकेवलीसम - न्यायाचार्य - महामहोपाध्याय श्री यशोविजय गणिवराय नमः ॥

श्री प्रेम-भुवनभानु-पद्म-जयघोषसूरि सद्गुरुभ्यो नमः ॥

अवच्छेदकत्व-निरुक्ति

अवच्छेदकत्व-निरुक्ति

रघुनाथशिरोमणिकृताऽवच्छेदकत्वनिरुक्तिदीधितिः ।

दीधितिः ननु अवच्छेदकत्वमिह न स्वरूपसम्बन्धविशेषः । सम्भवति च लघौ धर्मे गुरौ तदभावात्, प्रमेयधूमत्व-कम्बुग्रीवादिमत्त्व-घ्राणग्राह्य-गुणत्वादेरतथात्वेन तेन रूपेण साध्यतायां व्यभिचारिणि अतिप्रसङ्गात् ।

श्रीजगदीशतर्कालङ्कारकृताऽवच्छेदकत्वनिरुक्तिजागदीशी ।

जागदीशी : *नन्विति* । इह अनवच्छेदकत्वमित्यत्र । 'अवच्छेदकत्वम्' अवच्छेदकत्वपदार्थः ।

સિદ્ધાન્ત-લક્ષણમાં વિશિષ્ટપ્રતિયોગિતાનવચ્છેદકસાધ્યતાવચ્છેદકાવચ્છિન્નનું સામાનાધિકરણ્ય વ્યાપ્તિ કહ્યું છે. પ્રતિયોગિતાનવચ્છેદક એટલે પ્રતિયોગિતા-વચ્છેદકત્વાભાવ. દીધિતિકાર આમાં ઘટક **'અવચ્છેદકત્વ'** એ શું છે ? એના ઉપર આ ગ્રન્થમાં સ્વયં વિચાર કરે છે જેના ઉપર જગદીશે ટીકા લખેલી છે.

અવચ્છેદકત્વ એ સ્વરૂપસંબંધ વિશેષ માની શકાય નહિ કેમકે **જે સ્વરૂપસંબંધ વિશેષ અવચ્છેદકત્વ હોય તે તો સંભવત્-લઘુધર્મમાં જ રહે,** ગુરુધર્મમાં તે અવચ્છેદકત્વ ન રહે, એટલે કે ગુરુધર્મ અનવચ્છેદક બની જાય. અને તેમ થતાં ***પ્રમેયધૂમવાન્, દ્રવ્યત્વાત્*** સ્થળે પ્રમેયધૂમત્વની અપેક્ષાએ ધૂમત્વ એ સંભવત્-લઘુધર્મ હોવાથી, કમ્બુગ્રીવાદિમત્ત્વની અપેક્ષાએ ઘટત્વ એ સંભવત્-લઘુધર્મ હોવાથી,

ઘ્રાણગ્રાહ્યગુણત્વની અપેક્ષાએ ગ્રાહ્યગન્ધત્વ એ સંભવલ્લઘુધર્મ હોવાથી તેમાં જ અવચ્છેદકત્વ રહે, અર્થાત્ પ્રમેયધૂમત્વાદિ અનવચ્છેદક બની જાય. અને તેમ થતાં પ્રમેયધૂમાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ બને. પણ પ્રમેયધૂમત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બને અને તે જ સાધ્યતાવચ્છેદક છે એટલે આમ પ્રતિયોગિતાનવચ્છેદક એ સાધ્યતાવચ્છેદક બની જતાં પ્રમેયધૂમત્વાવચ્છિન્ન પ્રમેયધૂમનું સામાનાધિકરણ્ય (વ્યાપ્તિ) દ્રવ્યત્વમાં આવી જતા અતિવ્યાપ્તિ આવી ગઈ.

કહેવાનું તાત્પર્ય એ છે કે અવચ્છેદકત્વને સ્વરૂપસંબંધરૂપ માનવાથી સંભવલ્લઘુધર્મ જ અવચ્છેદક બનતાં પ્રમેયધૂમત્વાદિ અનવચ્છેદક બને. અને તેથી વ્યભિચાર સ્થળોમાં અતિવ્યાપ્તિ દોષ ઉપપન્ન થઈ જાય છે. માટે અવચ્છેદકત્વને સ્વરૂપસંબંધ રૂપ માનવું જોઈએ નહિ.

સંભવલ્લઘુધર્મમાં સંભવત્વ એટલે આપત્તિનું અનાપાદકત્વ. ઉક્ત સ્થળે **'धूमत्वं यदि प्रमेयधूमाभावीयप्रतियोगीतावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात्'** અર્થાત્ ધૂમત્વ જો પ્રમેયધૂમાભાવીયપ્રતિયોગિતાનું અવચ્છેદક બને તો કોઈ દોષનું સંપાદન થતું નથી અર્થાત્ ધૂમત્વને પ્રતિ. અવચ્છેદક માનવામાં કોઈ મુશ્કેલી-દોષ આપી શકાતો નથી માટે આ લઘુધર્મ ધૂમત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને, અર્થાત્ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ તેમાં જ રહે, ગુરુધર્મમાં ન રહે.

આ ઉપરથી નક્કી થયું કે જે આપત્તિનો અનાપાદક (વ્યભિચારાદિ દોષ-અનાપાદક) હોય તેવો જ લઘુધર્મ એ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વનું અધિકરણ બને.

વિશિષ્ટસત્તાત્વની અપેક્ષાએ સત્તા એ લઘુભૂત ધર્મ તો છે પણ આપત્તિનો આપાદક છે. **'सत्तात्वं यदि विशिष्टसत्ताभावीयप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि गुणनिष्ठाभावप्रतियोगितावच्छेदकं स्यात्'** આવી આપત્તિ સત્તાત્વમાં વિશિષ્ટસત્તાભાવ-પ્રતિયોગિતાવચ્છેદકત્વ માનવામાં આપાદિત થાય છે, અર્થાત્ વિશિષ્ટસત્તાભાવપ્રતિ-યોગિતાવચ્છેદક સત્તા પણ બને તો તો તે ગુણમાં સત્તાભાવ પણ આરોપિત થઈ જાય. આમ આપત્તિનું આપાદન હોવાથી વિશિષ્ટસત્તાની અપેક્ષાએ સત્તા એ સંભવલ્લઘુધર્મ ન હોવાથી તેમાં જ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ રહે તેમ ન કહેવાય.

એ જ રીતે **'घटत्वं यदि कम्बुग्रीवादिमत्त्वावच्छिन्नप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात् ।'** ***कम्बुग्रीवादिमान् द्रव्यत्वात्*** અહીં દ્રવ્યત્વાધિકરણ આકાશ કમ્બુગ્રીવાદિમાન્ નથી એટલે આ વ્યભિચારી સ્થળ છે. અહીં કમ્બુગ્રીવાદિમદભાવ લેવો

જોઈએ. હવે આપત્તિનું અનાપાદન (કારણ કે જ્યાં કમ્બુગ્રીવાદિમત્ત્વાભાવ મળે છે, ત્યાં ઘટત્વાભાવ મળે જ છે) હોવાથી કમ્બુગ્રીવાદિમત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાવચ્છેદક સંભવલ્લઘુધર્મ ઘટત્વ બની જતાં કમ્બુગ્રીવાદિમત્ત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બને, તે સાધ્યતાવચ્છેદક છે એટલે અતિવ્યાપ્તિ પ્રાપ્ત થઈ.

આમ સ્વરૂપસંબંધવિશેષ અવચ્છેદકત્વ માનવાથી સંભવત્-લઘુધર્મમાં જ તે રહે એટલે વ્યભિચાર સ્થળોમાં અતિવ્યાપ્તિ આવી જાય છે.

जागदीशी : विशिष्टसत्तात्वसमनियतस्य सत्तात्वस्य लघुनोऽपि न विशिष्टाभावस्य प्रतियोगितावच्छेदकत्वम्, गुणादावपि सत्ता नास्तीति प्रतीतिप्रसङ्गात् ।

ભવાનંદતર્કવાગીશ કહે છે કે **समनियतत्वे सति लघुत्वं अवच्छेदकत्वं** અર્થાત્ જેમાં આપત્તિનું અનાપાદન હોય તેવો લઘુધર્મ જ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકતાનું અધિકરણ બને તેમ નહિ પણ જે સમનિયત હોય અને લઘુભૂત હોય તે ધર્મ તાદેશઅવચ્છેદકતાનું અધિકરણ બને.

આનું ખંડન કરતાં જગદીશ તેમાં અન્વયવ્યભિચાર અને વ્યતિરેકવ્યભિચાર બતાવે છે.

શુદ્ધ સત્તા એ વિશિષ્ટસત્તાસમનિયત છે અને લઘુભૂત છે એટલે તે અવચ્છેદક બની જાય. તેમ થતાં નિરૂક્ત રીતે ગુણાદિમાં પણ સત્તાભાવપ્રતીતિ પ્રસંગ આવી જાય. આથી 'સમનિયતત્વે સતિ લઘુત્વ' હોવા છતાં તેમાં અવચ્છેદકત્વ માની શકાય નહિ. આ થયો અન્વય-વ્યભિચાર. (**समनियत=स्वव्यापकगुरुधर्मव्यापक.** સ્વ=શુદ્ધસત્તા, તેને વ્યાપક = વિશિષ્ટસત્તા. કેમકે શુદ્ધસત્તા અને વિશિષ્ટ સત્તા એક હોવાથી જ્યાં શુદ્ધસત્તા છે, ત્યાં બધે જ વિશિષ્ટ સત્તા છે. એ વિશિષ્ટ સત્તા શુદ્ધ સત્તા કરતાં ગુરુ = મોટો ધર્મ છે. આવા ગુરુધર્મને વ્યાપક એવી શુદ્ધસત્તા છે. કેમકે જ્યાં વિશિષ્ટ સત્તા છે, ત્યાં શુદ્ધ સત્તા છે. માટે શુદ્ધ સત્તા એ વિશિષ્ટ સત્તાને સમનિયત કહેવાય.)

जागदीशी : पृथिवीसमवेतत्वस्याऽसमनियतस्यापि च समवेतत्वस्य पृथिवीसमवेताभावप्रतियोगितावच्छेदकत्वमनतिप्रसङ्गात् ।

કરક : पृथ्वीसमवेतवान्, द्रव्यत्वात् સ્થળે પૃથ્વીસમવેતત્વનું અસમનિયત સમવેતત્વ છે, કેમકે પૃથ્વીસમવેતત્વ પૃથ્વીસમવેતમાં રહે, સમવેતત્વ તો જલાદિસમવેતમાં પણ રહે. આમ સમવેતત્વ અસમનિયત લઘુભૂત હોવા છતાં પણ તે

પૃથ્વીસમવેતત્વની અપેક્ષાએ આપત્તિનું અનાપાદક હોવાથી સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વનું અધિકરણ બને જ છે.

કરક : પૃથ્વીસમવેત(પૃથ્વીત્વ)વાન્ દ્રવ્યત્વાત્ । અહીં પૃથ્વીસમવેતાભાવ લક્ષણઘટક બનાવવો જોઈએ. હવે પૃથ્વીસમવેતા-ભાવીયપ્રતિયોગિતાવચ્છેદક પૃથ્વીસમવેતત્વ ન બને, કેમકે સમવેતત્વ એ આપત્તિ-અનાપાદક લઘુભૂત ધર્મ હોવાથી સમવેતત્વ જ પ્રતિયોગિતાવચ્છેદક છે.

यदि समवेतत्वं पृथीवीसमवेताभावप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात् ।

(પૃથ્વીસમવેતત્વાભાવ એટલે પૃથ્વીનિરૂપિતકાલિકસંબંધાવચ્છિન્નવૃત્તિત્વાભાવ. હવે પૃથ્વીનિરૂપિતકાલિકસંબંધાવચ્છિન્નવૃત્તિતા તો જલમાં પણ છે જ, એટલે કે ત્યાં પૃથ્વીનિરૂપિતકાલિકસંબંધાવચ્છિન્નવૃત્તિત્વાભાવરૂપ સમવેતત્વાભાવ નથી જ. તે અભાવ તો નિત્યમાં મળે. **(नित्येषु कालिकायोगात्)** અને ત્યાં સમવેતત્વાભાવ પણ છે જ. માટે સમવેતત્વને જ (લઘુધર્મને) અવચ્છેદક માનવું જોઈએ. ટૂંકમાં, દ્રવ્યત્વાધિકરણ નિત્યજલાદિમાં નિરુક્ત પૃથ્વીસમવેતત્વાભાવ છે તો સમવેતત્વાભાવ પણ છે જ. એટલે કે સમવેતત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ છે. આમ પૃથ્વીસમવેતત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બને અને તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ આવી.)

जागदीशी : एवं घटरूपत्वस्याऽसमनियतमपि रूपत्वं व्यधिकरणसंयोगादि-सम्बन्धावच्छिन्नघटरूपाद्यभावस्य प्रतियोगितावच्छेदकमतः समनैयत्यमकिञ्चित्करम् ।

બીજો પણ વ્યતિરેકવ્યભિચાર બતાવે છે. જ્યાં સંયોગેન ઘટરૂપાભાવ છે ત્યાં સંયોગેન રૂપાભાવ જ કહેતાં આપત્તિ નથી. ખાલી ઘટરૂપાભાવ પટમાં છે પણ ત્યાં રૂપાભાવ નથી. પણ સંયોગેન ઘટરૂપાભાવ પટમાં છે ત્યાં સંયોગેન રૂપાભાવ (પટ-રૂપ પણ સંયોગેન તો પટમાં છે જ નહિ, સમવાયથી છે.) પણ છે. એટલે **रुपत्वं यदि संयोगावच्छिन्नघटरूपाभावीयप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात् ।**

અહીં પણ ઘટરૂપત્વનું અસમનિયત રૂપત્વ હોવા છતાં તે સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વનું અધિકરણ બને. અને ઘટરૂપત્વ અનવચ્છેદક બની જાય એટલે **'समनैयत्ये सति लघुत्वं अवच्छेदकत्वं'** એ નિયમ બિલકુલ બરોબર નથી. કેમકે રૂપત્વમાં ઘટરૂપત્વસમનિયતત્વ ન હોવા છતાં તે વ્યધિકરણસંયોગાદિસંબંધથી

ઘટરૂપાદિ અભાવનું અવચ્છેદક બને જ છે.

जागदीशी : यस्यावच्छेदकत्वस्वीकारेऽतिप्रसङ्गाद्यभावः स एवावच्छेदक इत्याशयेनाह *सम्भवतीति*। अतिप्रसङ्गाद्यनापादके लघौ धर्मे सम्भवतीत्यर्थः।

જે આપત્તિનું અનાપાદક હોય તેવો લઘુભૂત ધર્મ જ સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વનું અધિકરણ બને એમ કહેવું જોઈએ, અર્થાત્ જેને અવચ્છેદક તરીકે માનતાં અતિપ્રસંગાદિનો (આપત્તિના આપાદનથી પણ) અભાવ હોય તે જ સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વનું અધિકરણ બને. તદન્ય ગુરુભૂતધર્મ અનવચ્છેદક બને અને તેથી વ્યભિચારી સ્થળોમાં અતિવ્યાપ્તિ આવે. એટલે સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વ માનવું જોઈએ નહિ.

जागदीशी : प्रमेयधूमत्वस्य तादृशप्रतियोगितावच्छेदकतापर्याप्त्यधिकरण-धूमत्वानतिरेकादाह *कम्बुग्रीवेति*।

દીધિતિકારે સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ માનતાં ત્રણ વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ દોષ આપ્યા છે તેમાં જગદીશ પૂર્વપૂર્વની અરૂચિ પ્રગટ કરે છે.

પ્રમેયધૂમત્વ એ ધૂમત્વથી અનતિરિક્ત છે, કેમકે 'પ્રમેયત્વ' એ ઇતરવ્યાવર્તક વિશેષણ નથી એટલે ધૂમત્વ અને પ્રમેયધૂમત્વ બે જુદા નથી, અનતિરિક્ત જ છે. અર્થાત્ અવચ્છેદકત્વનું પર્યાપ્ત્યધિકરણ ધૂમત્વ છે તો પ્રમેયધૂમત્વ તેનાથી અનતિરિક્ત હોવાથી અવચ્છેદકત્વનું અધિકરણ પ્રમેયધૂમત્વ પણ છે જ. આમ પ્રમેયધૂમત્વ પણ પ્રતિયોગિતાવચ્છેદક બની જવાથી તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અહીં અતિવ્યાપ્તિ પ્રસંગ નથી.

માટે હવે દીધિતિકાર કમ્બુગ્રીવાદિમત્ત્વને ઘટત્વની અપેક્ષાએ ગુરુભૂત ધર્મ કહીને અનવચ્છેદક કહે છે તેથી ***कम्बुग्रीवादिमान् द्रव्यत्वात्*** સ્થળે અતિવ્યાપ્તિ આપત્તિ આપે છે.

પહેલા આપણે કહી ગયા છીએ કે ઘટત્વ એ સંભવલ્લઘુધર્મ છે, કેમકે તે આપત્તિ-અનાપાદક રહે છે. **घटत्वं यदि कम्बुग्रीवादिमदभावप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात्।** જ્યાં **'कम्बुग्रीवादिमान् नास्ति'** પ્રતીતિ થાય છે ત્યાં **घटो नास्ति** પ્રતીતિ પણ થાય જ છે, એટલે ઘટત્વને જ પ્રતિયોગિતાવચ્છેદક માનવું જોઈએ. એમ થતાં કમ્બુગ્રીવાદિમત્ત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક રહેતાં તે જ સાધ્યતાવચ્છેદક

બનવાથી અતિવ્યાપ્તિની આપત્તિ.

(જો કે પ્રમેયધૂમત્વ અને ધૂમત્વની જેમ સામાન્ય રીતે કમ્બુગ્રીવાદિમત્વ અને ઘટત્વ એ બંને ધર્મો પણ અવચ્છેદકત્વનું પર્યાપ્તિ અધિકરણ બની શકે છે. તેથી અહીં પણ અતિવ્યાપ્તિ આપી ન શકાય. તેમ છતાં અહીં કમ્બુગ્રીવાદિમત્વથી કપાલદ્વયસંયોગરૂપ ભિન્ન ભિન્ન કમ્બુગ્રીવાદિ વ્યક્તિની જ વિવક્ષા કરીને આગળ ઉપર ઘટત્વ ને જ લાઘવથી અવચ્છેદક સિદ્ધ કરશે. ને અતિવ્યાપ્તિ આપશે. Pg. 7)

जागदीशी : न च कम्बुग्रीवादिमत्त्वं कम्बुग्रीवादिव्यक्तिरेव, सा च प्रत्येक हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदिकैवेति कुतोऽतिव्याप्तिरिति वाच्यम् ।

પૂર્વપક્ષ : કમ્બુગ્રીવાદિમત્ત્વ એટલે કમ્બુગ્રીવાદિ વ્યક્તિ જ કહેવાય. અને કમ્બુગ્રીવા એટલે કપાલ-સંયોગ. આ સંયોગ તો પ્રતિવ્યક્તિમાં ભિન્ન ભિન્ન જ છે. એટલે એક ભૂતલ ઉપર ઘટ પડેલો હોવા છતાં **कम्बुग्रीवादिमान् नास्ति (तत् कम्बुग्रीवात्मककपालसंयोगवान् अत्र नास्ति)** એમ કહી શકાય છે. હવે ત્યાં કમ્બુગ્રીવાદિમત્ત્વાવચ્છિન્નપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ બની શકે જ નહિ, કેમકે તેમ થતાં તો ત્યાં **'घटो नास्ति'** એવી આપત્તિનું આપાદન થઈ જાય. વસ્તુતઃ ત્યાં ઘટ તો પડેલો જ છે.

घटत्वं यदि कम्बुग्रीवात्वादिमत्त्वावच्छिन्नप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि घटवद्वृत्ति-अभावप्रतियोगितावच्छेदकं स्यात् । આ આપત્તિનું આપાદન થઈ જાય છે એટલે કમ્બુગ્રીવાદિમત્ત્વાપેક્ષયા ઘટત્વ સંભવત્ લઘુભૂત ધર્મ બની શકતો નથી, માટે સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વ માત્ર ઘટત્વમાં હવે રહે નહિ, અર્થાત્ કમ્બુગ્રીવાદિમત્ત્વ એ કપાલસંયોગરૂપ થવાથી તત્તત્પ્રતિયોગિતાનું અવચ્છેદક જ બને. આમ કમ્બુગ્રીવાદિમત્ત્વમાં પણ પ્રતિયોગિતાનું અવચ્છેદકત્વ રહી જાય, તે જ સાધ્યતાવચ્છેદક બની જતાં લક્ષણ અતિવ્યાપ્ત થતું જ નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે નીલઘટાધિકરણમાં જેમ પીતઘટાભાવ કહેવાય પણ ઘટાભાવ તો ન જ કહેવાય તેમ કમ્બુગ્રીવાદિમદ્=ઘટાધિકરણમાં કમ્બુગ્રીવાદિમદભાવ કહેવાય પણ ઘટાભાવ તો ન જ કહેવાય. એટલે કમ્બુગ્રીવાદિમદભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ ન જ થાય. તેમ કરતાં તો ત્યાં જ ઘટત્વાવચ્છિન્નાભાવની આપત્તિનું આપાદન થઈ જાય છે. માટે **कम्बुग्रीवादिमान् नास्ति** એ અભાવ કમ્બુગ્રીવાદિમત્ત્વા-

વચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ જ કહેવો જોઈએ. અને તેથી પ્રતિયોગિતાવચ્છેદક અને સાધ્યતાવચ્છેદક એક બનતાં અતિવ્યાપ્તિ-પ્રસંગ છે જ નહિ.

સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વ માનવા છતાં પણ તે અવચ્છેદકત્વ આપત્તિ-અનાપાદનવિશિષ્ટ લઘુભૂત ધર્મમાં જ હોય. અહીં ઘટત્વમાં નિરૂક્તાપત્તિના આપાદનને લીધે અવચ્છેદકત્વ આવતું નથી, અર્થાત્ ઘટત્વ એ સંભવલ્લઘુધર્મ જ બનતો નથી એટલે ગુરૂભૂત ધર્મ અનવચ્છેદક બને તેવું નથી. તે અવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ-પ્રસંગ જ નથી.

આમ નિષ્કર્ષ એ આવ્યો કે સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વ સંભવલ્લઘુધર્મમાં માનવા છતાં અતિવ્યાપ્તિ-પ્રસંગ નથી તો પૂર્વે અહીં અતિવ્યાપ્તિ-દાન કેમ કર્યું ?

जागदीशी : परम्परया संस्थानगतकम्बुग्रीवात्वादिजातिमत्त्वस्यैव साध्यतावच्छेदकत्वात् । तस्य च परम्परया अवच्छेदकत्वकल्पनामपेक्ष्य लाघवेन घटत्वस्यैव साक्षात्तथात्वादिति भावः ।

ઉત્તરપક્ષ : ભલે અહીં કમ્બુગ્રીવાદિમત્ત્વ=કમ્બુગ્રીવા=કપાલદ્વયસંયોગ લઈ તેને પ્રતિવ્યક્તિ ભિન્ન કહીને ઘટત્વને સંભવલ્લઘુધર્મ ન માનો અને **कम्बुग्रीवादिमान् नास्ति** સ્થળે પ્રતિયોગિતાવચ્છેદક કમ્બુગ્રીવાદિમત્ત્વ જ બનાવો, પણ એ જ સાધ્યતાવચ્છેદક બને તો અતિવ્યાપ્તિ નથી ને ? પણ હવે અમે તો કહીશું કે સ્વાશ્રયાશ્રયસમવેતત્વ સંબંધથી સાધ્યતાવચ્છેદક કમ્બુગ્રીવાત્વ બને છે. (સાધ્ય = કમ્બુગ્રીવાત્વવાન્)

સ્વ = કમ્બુગ્રીવાત્વનું આશ્રય કમ્બુગ્રીવા, એનો આશ્રય કપાલ, એમાં સમવેત ઘટ.

આમ પ્રતિયોગિતાવચ્છેદક કમ્બુગ્રીવાદિમત્ત્વ બને, સાધ્યતાવચ્છેદક કમ્બુગ્રીવાત્વ બને એટલે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે. માટે સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ માની શકાય નહિ.

પૂર્વપક્ષ : વારું, તો અમે પણ તે જ પરંપરા-સંબંધથી **कम्बुग्रीवात्ववान् नास्ति** અભાવ લઈશું, એટલે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક એક થઈ જતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

ઉત્તરપક્ષ : એમ કરો તો તો જ્યાં **कम्बुग्रीवात्ववान् नास्ति** વ્યવહાર થાય છે ત્યાં જ **घटो नास्ति** વ્યવહાર પણ થાય જ છે એટલે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ બને, સાધ્યતાવચ્છેદક કમ્બુગ્રીવાત્વ બને તેથી અતિવ્યાપ્તિ દુર્વાર છે.

અહીં તમે પ્રશ્ન કરો કે કમ્બુગ્રીવાત્વ અને ઘટત્વ બે ય જાતિ છે. શરીરકૃતગૌરવ કમ્બુગ્રીવાત્વમાં તો છે નહિ, તો કમ્બુગ્રીવાત્વ જ કેમ પ્રતિયોગિતાવચ્છેદક ન બને ? એના ઉત્તરમાં અમે કહીશું કે કમ્બુગ્રીવાત્વ સ્વાશ્રયાશ્રયત્વ સંબંધથી સાધ્યમાં જાય છે. ઘટત્વ સીધું સમવાયસંબંધથી સાધ્યમાં જાય છે. આમ પૂર્વમાં સંબંધકૃત ગૌરવ છે એટલે ઘટત્વ એ સંભવલ્લઘુભૂત ધર્મ બની જવાથી તે જ અવચ્છેદક બને. કમ્બુગ્રીવાત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બનતાં તે જ સાધ્યતાવચ્છેદક બને એટલે અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે.

जागदीशी : ननु पृथिवीत्वतेजस्त्वादिना सांकर्याद् घटत्वं यदि नाना तदा नैकमपि घटत्वं कम्बुग्रीवादिमत्त्वसमनियतमत आह *घ्राणग्राह्येति* ।

પૂર્વપક્ષ : પૃથ્વીત્વ કે તૈજસ્ત્વ સાથે ઘટત્વનું સાંકર્ય આવવાથી ઘટત્વ એ જાતિ **નથી** એટલે ઘટત્વ અનેક બની જાય. અને તેમ થતાં કોઈપણ (પાર્થિવઘટત્વ કે તૈજસઘટત્વાદિ) ઘટત્વ એ કમ્બુગ્રીવાદિમત્ત્વનું સમનિયત બનતું જ નથી, અર્થાત્ ઘટત્વ એ લઘુભૂત ધર્મ જ બની શકતો નથી, અર્થાત્ કમ્બુગ્રીવાદિમત્ત્વની અપેક્ષાએ ઘટત્વમાં સમનિયતત્વાભાવાદ્ કોઈ જાતનું લાઘવ જ નથી, પછી સ્વરૂપસંબંધ રૂપ અવચ્છેદકત્વ માનવા છતાં ય તે ઘટત્વમાં જ આવે અને કમ્બુગ્રીવાદિમત્ત્વમાં ન આવે તેવું બનતું નથી, એટલે કે પ્રતિયોગિતાવચ્છેદક કમ્બુગ્રીવાદિમત્ત્વ પણ બની જતાં તે જ સાધ્યતાવચ્છેદક બનવાથી અતિવ્યાપ્તિ ઊભી રહેતી નથી.

(સાંકર્ય આ પ્રમાણે : સુવર્ણઘટમાં ઘટત્વ છે પૃથ્વીત્વ નથી. સુવર્ણ એ તૈજસ પદાર્થ છે. મૃન્મયકપાલમાં પૃથ્વીત્વ છે, ઘટત્વ નથી. જ્યારે મૃન્મયઘટમાં બંને ધર્મો છે. એમ ઘટત્વ, સુવર્ણત્વ વચ્ચે પણ સાંકર્ય સમજી લેવું. આમ ઘટત્વ એ જાતિ ન બને. એટલે બધા મૃન્મય ઘટોમાં પાર્થિવઘટત્વ અને સુવર્ણઘટોમાં તૈજસઘટત્વ એ ય બે પ્રકારના ઘટત્વ બની જશે. હવે કમ્બુગ્રીવાદિમત્ત્વ તો બંને પ્રકારના ઘટોમાં છે. પણ પાર્થિવઘટત્વ કે તૈજસઘટત્વ સર્વ ઘટોમાં નથી, માટે એ કમ્બુગ્રીવાદિમત્વને સમનિયત ન બને.)

जागदीशी : घ्राणग्राह्यगुणत्वापेक्षया लघोर्ग्राह्यगन्धत्वस्यैव प्रतियोगितावच्छेदकत्वं बोध्यम् । अन्यथा परमाणौ गन्धत्वेन सह घ्राणग्राह्यगुणत्वस्य समनियतत्वाभावाद् गन्धत्वस्यैव प्रतियोगितावच्छेदकत्वाभावादिति भावः ।

घ्राणग्राह्यगुणवान् पृथ्वीत्वात् । પરમાણુમાં ગંધ તો છે પણ ઘ્રાણગ્રાહ્ય ગંધ નથી.

પરમાણુમાં ઘ્રાણગ્રાહ્યગુણાભાવ મળે, તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગ્રાહ્યગન્ધત્વ જ બની શકે, કેમકે

'ग्राह्यगन्धत्वं यदि घ्राणग्राह्यगुणाभावीयप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि किमपि न स्यात्' અહીં આપત્તિથી વ્યભિચારાદિનું આપાદન થઈ શકતું નથી. જ્યાં ઘ્રાણગ્રાહ્યગુણત્વાભાવ છે ત્યાં ગ્રાહ્યગન્ધત્વાભાવ છે એટલે પ્રતિયોગિતાવચ્છેદક ગ્રાહ્યગન્ધત્વ બને, ઘ્રાણગ્રાહ્યગુણત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બને, તે જ સાધ્યતાવચ્છેદક બનતાં લક્ષણ અતિવ્યાપ્ત થાય. આમ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ માનતાં આવા વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ ઊભી રહે છે માટે તે માની શકાય નહિ.

અહીં ઉક્ત સ્થળે ખ્યાલ રાખવો કે લઘુભૂત ધર્મ તરીકે ગન્ધત્વ માત્ર ન લેવાય, કેમકે ત્યાં આપત્તિનું આપાદન થઈ જાય છે.

પરમાણુમાં ગન્ધત્વ એ ઘ્રાણગ્રાહ્યગુણત્વનું સમનિયત નથી માટે ગન્ધત્વ એ ઘ્રાણગ્રાહ્યગુણત્વથી લઘુભૂત ધર્મ ન બને.

यदि गन्धत्वं घ्राणग्राह्यगुणाभावीयप्रतियोगितावच्छेदकं स्यात् तर्हि गन्धवद-भावीयप्रतियोगितावच्छेदकं स्यात् ।

ગન્ધવત્ પરમાણુમાં ઘ્રાણગ્રાહ્યગુણાભાવ છે જ, એની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગન્ધત્વ કરી દઈએ તો તો ગન્ધત્વાવચ્છિન્ન ગન્ધાભાવ પરમાણુમાં સિદ્ધ થઈ જવાની આપત્તિ આવી જાય. માટે લઘુભૂત ધર્મ તરીકે ગ્રાહ્યગન્ધત્વ જ બને.

जागदीशी : अत्र घ्राणग्राह्यगुणत्वम् घ्राणग्राह्यत्वे सति गुणत्वाव्यापक-जातिमत्त्वम्, तेन गन्धत्वस्य लघोः समनैयत्ये तात्पर्यमित्यपि कश्चित् ।

બીજા કેટલાક કહે છે કે ઘ્રાણગ્રાહ્યગુણત્વનો લઘુભૂત ધર્મ ગન્ધત્વ માત્ર અવચ્છેદક બને. કેમકે **ઘ્રાણગ્રાહ્યગુણત્વ એટલે ઘ્રાણગ્રાહ્યત્વે સતિ ગુણત્વાવ્યાપકજાતિમત્ત્વમ્** અર્થાત્ ઘ્રાણગ્રાહ્ય એવી ગુણત્વ-અવ્યાપકજાતિ એનું જ નામ ઘ્રાણગ્રાહ્યગુણત્વ. ઘટાદિગંધમાં જે ગન્ધત્વ જાતિ છે, તે ઘ્રાણગ્રાહ્ય છે અને ગુણત્વ-અવ્યાપક છે. એટલે એ ઘ્રાણગ્રાહ્યગુણત્વ કહેવાય. હવે પરમાણુગ્રન્ધમાં પણ આજ ગન્ધત્વ છે, એટલે તેમાં પણ ઘ્રાણગ્રાહ્યગુણત્વ છે. આમ જ્યાં જ્યાં નિરુક્ત ઘ્રાણગ્રાહ્યગુણત્વ છે, ત્યાં બધે જ ગન્ધત્વ છે. આમ લઘુભૂત ગન્ધત્વ એ ઘ્રાણગ્રાહ્યત્વસમનિયત હોવાથી તે અવચ્છેદક

બની શકે. ગ્રાહ્યગન્ધત્વને જ લઘુભૂત ધર્મ માનવાની જરૂર નથી. આમ પ્રતિયોગિતાવચ્છેદક ગન્ધત્વ બનતાં ઘ્રાણગ્રાહ્યગુણત્વ પ્રતિયોગિતાનવચ્છેદક, એજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ દુર્વાર છે.

जागदीशी : *अतथात्वेन* =प्रतियोगितानवच्छेदकत्वेन, *तेन रूपेण* = प्रमेयधूमत्वादिरूपेण, *व्यभिचारिणि* = प्रमेयत्वादौ ('सपक्षवृत्तिप्रमेयत्वादौ') तेन विरुद्धे साध्यसामानाधिकरण्याभावादतिव्याप्त्यभावेऽपि न क्षतिः ।

આમ *प्रमेयधूमवान्, प्रमेयत्वात्* વિગેરે વ્યભિચારી સ્થળોમાં સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ કહેતાં અતિવ્યાપ્તિ પ્રસંગ ઉભો થાય છે. અહીં સપક્ષવૃત્તિ એવા પ્રમેયત્વાદિ હેતુમાં લક્ષણની અતિવ્યાપ્તિ કહી છે. અર્થાત્ વિપક્ષવૃત્તિમાં નહિ. કેમકે ત્યાં તો પ્રતિયોગિતા અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવા છતાં તદવચ્છિન્ન સાધ્યનું હેતુમાં સામાનાધિકરણ્ય જ ન આવતાં અતિવ્યાપ્તિ પ્રસંગ રહેતો નથી. એટલે સપક્ષવૃત્તિ પ્રમેયત્વાદિ હેતુ લેતા પ્રતિયોગિતા અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનેલા પ્રમેયધૂમત્વાવચ્છિન્ન ધૂમનું સામાનાધિકરણ્ય પ્રમેયત્વમાં મળી જતા અતિવ્યાપ્તિ ઉભી જ રહે છે.

આમ સ્વરૂપસંબંધરૂપ અવચ્છેદકત્વ માનતા વ્યભિચારી સ્થળે અતિવ્યાપ્તિ ઉભી જ રહે છે.

दीधिति : नाप्यनतिरिक्तवृत्तित्वम्, स्वरूपसम्बन्धात्मिकायाः प्रतियोगितायाः प्रतिव्यक्तिभिन्नत्वेन धूमत्वादेरपि तदतिरिक्तवृत्तित्वात् ।

जागदीशी : *नाऽपीति* । तादृशप्रतियोगिताश्रयस्तद्व्यक्तित्वावच्छिन्नाभाववदवृत्तित्वमपि नेत्यर्थः । तेन तादृशप्रतियोगिताप्रतियोगिकाभाववदवृत्तितया धूमत्वादेरेवावच्छेदकत्वाभावादतिप्रसङ्गसम्भवात् स्वरूपसम्बन्धात्मिकायाः इत्यस्य न वैयर्थ्यम् न वाऽग्रिमग्रन्थविरोध इति ध्येयम् ।

હવે દીધિતિકાર કહે છે કે આ અવચ્છેદકત્વ અનતિરિક્તવૃત્તિત્વરૂપ પણ નથી. કેમકે પ્રતિયોગિતા એ સ્વરૂપસંબંધ રૂપ (પ્રતિયોગી સ્વરૂપ) હોવાથી પ્રતિવ્યક્તિમાં ભિન્ન ભિન્ન હોય એટલે ધૂમત્વ પણ પ્રતિયોગિતા-અનતિરિક્ત વૃત્તિ રહી શકે નહિ. કેમકે પર્વતીયધૂમાભાવીય પ્રતિયોગિતા પર્વતીય ધૂમમાં છે. તે મહાનસીય ધૂમાભાવીય

પ્રતિયોગી મહાનસીયધૂમમાં નથી જ. અને ત્યાં ય ધૂમત્વ તો છે જ. આમ પ્રતિયોગિતાથી અતિરિક્ત વૃતિ ધૂમત્વ બની જાય એટલે અનતિરિક્તવૃત્તિત્વરૂપ ધૂમત્વ પ્રસિદ્ધ જ ન બને. એટલે કે ધૂમાભાવીયપ્રતિયોગિતાનિષ્ઠતદ્‌વ્યક્તિત્વાવચ્છિન્ન જે પ્રતિયોગિતા તાદશ પ્રતિયોગિક જે અભાવ તદ્વત્ મહાનસીયધૂમ, તેમાં ધૂમત્વ અવૃત્તિ નથી જ. એટલે આમ પ્રતિયોગિતાતિરિક્તવૃત્તિ ધૂમત્વ બનતા તે પ્રતિયોગિતાનો અવચ્છેદક ન બને. એટલે ***ધૂમવાન્, વહ્નેઃ*** સ્થળે ધૂમાભાવ લેતાં તદીયપ્રતિયોગિતા-વચ્છેદક ધૂમત્વ ન બનતા અનવચ્છેદક જ બને, એ જ સાધ્યતાવચ્છેદક છે. એટલે લક્ષણ અતિવ્યાપ્ત થઈ જવાની આપત્તિ આવે.

ઉપર તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ લીધો છે. કેમકે પ્રતિયોગિતા પ્રતિ વ્યક્તિમાં ભિન્ન ભિન્ન કહી છે. અહીં પ્રશ્ન થાય કે પ્રતિયોગિતા પ્રતિવ્યક્તિ ભિન્ન ભિન્ન કહીને અતિવ્યાતિ આપવાની શી જરૂર છે ? પ્રતિયોગિતાનું ઐક્ય હોય તોય અનતિરિક્તવૃત્તિત્વ ધૂમત્વમાં રહી શકતું નથી. જુઓ પર્વતીયધૂમનિષ્ઠ પ્રતિયોગિતા ભલે મહાનસીયધૂમમાં (પ્રતિયોગિતાયાઃ ઐક્યાત્) છે. પણ તે ધૂમમાં પ્રતિયોગિતા-ઘટોભયનો તો અભાવ જ છે. અને ત્યાં ધૂમત્વ તો વૃત્તિ છે એટલે આ રીતે અતિરિક્ત વૃત્તિ બની જાય છે માટે ધૂમત્વ એ અવચ્છેદક ન બને અને તેથી ***ધૂમવાન્, વહ્નેઃ*** સ્થળે અતિવ્યાપ્તિ કહી શકાય.

એના ઉત્તરમાં અમે કહીશું કે તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ જયાં મળે ત્યાં ધૂમત્વની વૃત્તિ મળતાં તે અતિરિક્તવૃત્તિ બની જાય છે. હવે ઉભયત્વા-વચ્છિન્નાભાવ લઈને પ્રતિયોગિતાનો ઐક્યપક્ષ લઈ શકાતો નથી. કેમકે ત્યાં તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્નાભાવ નથી. (પ્રતિયોગિતાનું જો ઐક્ય હોય તો તો પ્રતિવ્યક્તિમાં પ્રતિયોગિતા ભિન્ન બનવામાં હેતુભૂત જે સ્વરૂપસંબંધરૂપ પ્રતિયોગિતા છે તે વ્યર્થ જાય. કેમકે પ્રતિયોગિતાનું તો ઐક્ય માનીને અતિવ્યાપ્તિ આવે છે.) આ અભાવ તો પ્રતિયોગિતાને પ્રતિવ્યક્તિમાં ભિન્ન માનતાં જ મળે અને તાદશ પ્રતિયોગિત્વાભાવવદ્‌માં ધૂમત્વની વૃત્તિ મળતાં તે અવચ્છેદક ન બને. તેથી અતિવ્યાપ્તિ ઊભી રહે.

પ્રતિયોગિતા એ સ્વરૂપસંબંધાત્મક છે તે ત્યારે જ બને જો પ્રતિયોગિતાને પ્રતિવ્યક્તિ ભિન્ન માનીએ તો. પ્રતિયોગિતાના ઐક્યપક્ષે તો તન્નિવેશ વ્યર્થ જાય. અને વળી અગ્રિમ ગ્રન્થમાં 'યત્કિંચિદેકાભાવપ્રતિયોગિતા સામાન્યશૂન્યાવૃત્તિત્વં' કહ્યું ત્યાં

વિરોધ આવશે. કેમકે ત્યાં પ્રતિયોગિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાઅભાવ લીધો. અહીં પણ તે જ લે તો પુનરુક્તિ દોષ લાગે.

जागदीशी : *स्वरूपसम्बन्धात्मिकाया* इति *प्रतिव्यक्तिभिन्नत्वे* हेतुः । तत्तदभावप्रति-योग्युभयस्वरूपाया इति तदर्थः । तत्तत्प्रतियोगिमात्रस्वरूपत्वे सामान्याभावविशेषा-भावप्रतियोगितयोरविशेषापत्तिरिति ध्येयम् । *धूमत्वादेरपीति* । तथा च धूमवान् वह्नेरित्यादौ व्याप्तिलक्षणातिव्याप्तिरिति भावः ।

सामान्यतः प्रतियोगिता એ સ્વરૂપસંબંધ રૂપ છે. એટલે કે તે પ્રતિયોગી અને તદભાવ ઉભયસ્વરૂપ છે. જો તત્તત્પ્રતિયોગી માત્ર સ્વરૂપ કહીએ તો સામાન્યાભાવ અને વિશેષાભાવની પ્રતિયોગિતામાં કોઈ ભેદ ન રહે. કેમકે વિશિષ્ટઅભાવની પ્રતિયોગિતા પણ માત્ર પ્રતિયોગી સ્વરૂપ જ છે. સામાન્યાભાવ (ઘટાભાવ)ની અને વિશિષ્ટ અભાવ(નીલઘટાભાવ)ની પ્રતિયોગિતામાં ભેદ તો છે જ.

૧) વહ્ન્યભાવીય મહાનસીયવહ્નિનિષ્ઠા પ્રતિયોગિતા-સામાન્યતઃ વહ્ન્યભાવીયા.

૨) મહાનસીયવહ્ન્યભાવીય મહાનસીયવહ્નિનિષ્ઠા પ્રતિયોગિતા વિશેષતઃ મહાનસીયવહ્ન્યભાવીયા. બે ય અભિન્ન થઈ જવાની આપત્તિ આવે. વસ્તુતઃ સામાન્યતઃ વહ્ન્યભાવીયપ્રતિયોગિતા એ વહ્નિસ્વરૂપ હોવા સાથે વહ્ન્યભાવસ્વરૂપ પણ છે. વિશેષ વહ્ન્યભાવીયપ્રતિયોગિતા વહ્નિસ્વરૂપ જ છે.

આમ, પ્રતિયોગિતા પ્રતિવ્યક્તિ ભિન્ન માનવા પર ***धूमवान्, वह्नेः*** માં વ્યાપ્તિલક્ષણની અતિવ્યાપ્તિ અવશ્ય છે જ. કારણ આ રીતે ધૂમત્વ એ પારિભાષિક અવચ્છેદક જ બની શકતો નથી.

(અહીં જો કે પ્રતિયોગિતાવચ્છિન્નાભાવવદ્વૃત્તિત્વ કહ્યું નથી કેમકે આગળ ઉપર તે કહેવાના જ છે. તેથી જ અહીં તદ્વ્યક્તિત્વાવચ્છિન્નાભાવવદ્વૃત્તિત્વ કહીને પર્વતીયધૂમીયપ્રતિયોગિતા એ મહાનસીયધૂમમાં નથી. માટે અનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા ન બને તેટલું જ કહ્યું. આગળ ઉપર ધૂમસામાન્યીય પ્રતિયોગિતા ઘટમાં નથી ત્યાં ધૂમત્વ છે એટલે અનતિરિક્ત વૃત્તિ બની જાય તેમ કહ્યું છે. એટલે હવે ***धूमवान्, वह्नेः*** માં ધૂમત્વ જ અવચ્છેદક બની જવાથી અતિવ્યાપ્તિ રહેતી નથી.)

दीधिति : न च तथाविधयत्किञ्चिदेकाभावप्रतियोगितासामान्य-

शून्यावृत्तित्वं तत्।

जागदीशी : न चेति । वाच्यमिति परेणाऽन्वयः ।

પ્રથમ પૂર્વપક્ષ : વારૂ, ભલે, પ્રતિયોગિતા ભિન્ન ભિન્ન હોય પણ અમે કહીશું કે યત્કિંચિત્એકાભાવપ્રતિયોગિતાત્વેન પ્રતિયોગિતાસામાન્યાભાવવદ્‌માં ધૂમત્વની અવૃત્તિ લેવી.

ધૂમનિષ્ઠપ્રતિયોગિતા મહાનસીયધૂમમાં યત્કિંચિત્પ્રતિયોગિતાત્વેન તો છે જ. ઘટાદિમાં જ યત્કિંચિત્ પ્રતિયોગિતાત્વેન તાદૃશપ્રતિયોગિતા નથી. તો ત્યાં ધૂમત્વ પણ અવૃત્તિ જ છે. એટલે અનતિરિક્તવૃત્તિત્વરૂપ ધૂમત્વ બનતા તે અવચ્છેદક બની ગયો.

जागदीशी : तथाविधेति । यत्किञ्चित्पदं व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणाभिप्रायेण, तथा च तथाविधो 'हेतुसमानाधिकरणो' यो यत्किञ्चिदभावस्तत्प्रतियोगितात्वावच्छिन्नाभाववदवृत्तित्वं तत्रार्थः । तथाविधाभावीयप्रतियोगितासामान्यशून्यत्वमप्रसिद्धं, सर्वस्यैव वस्तुनस्तादृशयावत्त्वावच्छिन्नाभावप्रतियोगितावत्त्वादत उक्तम् *यत्किञ्चिदिति*।

અહીં **'यत्किंचित्'** પદ વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલીયલક્ષણના અભિપ્રાયથી છે. જો **यत्किंचित्** પદ ન કહે તો અર્થ એ થાય કે હેતુસમાનાધિકરણ જે યાવદભાવ, તદીય પ્રતિયોગિતાસામાન્યથી શૂન્યમાં અવૃત્તિતા તે અનતિરિક્તવૃત્તિત્વત્વ. હવે પર્વતમાં યાવદભાવ રહે છે. (પર્વતમાં યાવાન્ (સઘળા) ધૂમ નથી માટે યાવદભાવ છે.) પણ તદીયા પ્રતિયોગિતા તો પર્વતમાં પોતાનામાં પણ છે જ. આમ સઘળી ય વસ્તુમાં પોતાનામાં પણ તે પ્રતિયોગિતા મળી જતા કોઈ સ્થળ તચ્છુન્ય ન મળે. સઘળીય વસ્તુમાં **यावान्नास्ति** - એ અભાવની પ્રતિયોગિતા રહેલી જ છે. એટલે તેવા સ્થળમાં અવૃત્તિત્વ પણ અપ્રસિદ્ધ બની જાય. એમ ન થવા દેવા **यत्किंचित्** પદ મૂક્યું.

जागदीशी : समनियताभावयोरैक्यानुपगमाच्च घटादिसामान्याभावस्यैव घटीयादिसंयोगेन प्रमेयादिसामान्याभावतया पुनर्नाऽप्रसिद्धिः ।

પૂર્વપક્ષ : यत्किंचित् અભાવ લેવા છતાંય હજુ અપ્રસિદ્ધિ દોષ આવશે.

પર્વતમાં ઘટીયસંયોગાભાવ છે એટલે કે ઘટપ્રતિયોગિકસંયોગેન (ઘટાત્મક)

પ્રમેયસામાન્યાભાવ છે. કેમકે જ્યાં ઘટપ્રતિયોગિકસંયોગેન ઘટાભાવ છે ત્યાં તે જ સંબંધથી પ્રમેયસામાન્યાભાવ પણ છે જ. અને સમનિયત-અભાવનું ઐક્ય હોવાથી ઘટાભાવથી પ્રમેયસામાન્યાભાવ પણ પકડાશે. હવે તદીય પ્રતિયોગિતા તો સકળમાં છે કેમકે સકળ પ્રમેય સ્વરૂપ તો છે જ. તેથી કોઈ પ્રતિયોગિતા શૂન્ય છે નહિ, આમ અહીં ફરી અપ્રસિદ્ધિ દોષ આવે છે.

ઉત્તરપક્ષ : સમનિયત અભાવોનું ઐક્ય અમે માનતાં નથી. તેથી ઘટપ્રતિયોગિક સંબંધથી ઘટાભાવ જ લેવાય. તદીયપ્રતિયોગિતાશૂન્ય પટાદિ બને ત્યાં ઘટત્વ અવૃત્તિ છે. એટલે ઘટાભાવીયપ્રતિયોગિતાઅવચ્છેદક (અનતિરિક્તવૃત્તિત્વરૂપ) ઘટત્વ બને તદિતર સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ હોવાથી લક્ષણ સમન્વય થઈ ગયો. આમ અપ્રસિદ્ધિ દોષ નિબંધન અવ્યાપ્તિ રહેતી નથી.

અહીં ઈતરપક્ષને માન્ય એવા સમનિયતાભાવના ઐક્યનું ખંડન કરીને દોષ દૂર કર્યો. હવે તત્પક્ષને માન્ય કરીને દોષ દૂર કરે છે.

जागदीशी : एकधर्मावच्छिन्नार्थकं चैकपदमव्याप्यवृत्तिसाध्यकस्थलीय-निरुक्ताभिप्रायेण । तथाविधा या एकधर्मावच्छिन्ना प्रतियोगिता तत्सामान्यशून्या-वृत्तित्वमिति योजनया यत्प्रतियोगिताया अवच्छेदकीभूतधर्मावच्छिन्नाऽनधिकरणत्वं हेतुमतस्तत्प्रतियोगिताया अवच्छेदकीभूतधर्मावच्छिन्नप्रतियोगितासामान्यशून्यत्वं तत्रार्थ इति वस्तुगतिः ।

यत्किंचित् એકાભાવીયપ્રતિયોગિતા કહ્યું છે ત્યાં **'એક'પદ** એકધર્માવચ્છિન્નાર્થક છે. અર્થાત્ એકધર્માવચ્છિન્ના એકાભાવપ્રતિયોગિતા લેવી. તથાવિધ એકધર્માવચ્છિન્નાભાવીયા જે પ્રતિયોગિતા, તત્સામાન્યશૂન્યમાં જે અવૃત્તિ રહે તે અવચ્છેદક બને. આ પ્રમાણે યોજના કરવાથી આ અર્થ નીકળે કે જેની પ્રતિયોગિતાના અવચ્છેદકીભૂતધર્માવચ્છિન્ન પ્રતિયોગિતાનું અનધિકરણ હેત્વધિકરણ બને તે પ્રતિયોગિતાના અવચ્છેદકીભૂત ધર્મથી અવચ્છિન્ન પ્રતિયોગિતાસામાન્યશૂન્યમાં અવૃત્તિત્વ જેનું હોય તે અવચ્છેદક કહેવાય. હવે પૂર્વે જે ઘટીયસંયોગેન ઘટાભાવ એને પ્રમેયાભાવ તરીકે લઈને અપ્રસિદ્ધિ આપી, તે નહિ રહે. કેમકે ઘટાભાવીયપ્રતિયોગિતા-વચ્છેદક ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વવત્ ઘટનું અનધિકરણ હેત્વધિકરણ બને છે. પ્રમેયત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાવચ્છેદક પ્રમેયત્વવત્ પ્રમેયનું અનધિકરણ હેત્વધિકરણ નથી બનતું માટે ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ બને

કેમકે તે પ્રતિયોગિતાસામાન્યશૂન્ય પટાદિમાં અવૃત્તિ જ છે. આમ ઘટીયસંયોગેન ઘટાભાવને સમનિયત પ્રમેયસામાન્યાભાવ સ્વરૂપ માનવા છતાંય દોષ રહેતો નથી.

આ રીતે એકપદને એકધર્માવચ્છિન્નાર્થક કહ્યું અને તેના પરથી ઉપરનો વિવક્ષિતાર્થ કાઢ્યો. એટલે સમનિયતાભાવનું ઐક્ય માનનારાના મતે પણ હવે આપત્તિ રહી નહિ.ઘટપ્રતિયોગિકસંયોગેન ઘટાભાવ જયાં જયાં છે, ત્યાં ત્યાં સર્વત્ર સંયોગેન પ્રેમયાભાવ પણ છે. આ પ્રતિયોગિતા બે ધર્મથી અવચ્છિન્ન બની તેથી આવો અભાવ નહિ લેવાનો.

जागदीशी : एकपदं शृङ्गग्राहिकतया तत्तदभावप्रवेशार्थमिति तु रिक्तं वचः, हेतुसामानाधिकरण्यप्रवेशवैयर्थ्यात्, यत्किञ्चित्पदेनैव तल्लाभादिति ध्येयम् ।

કેટલાક કહે છે કે **'એક'** પદ એ શૃંગગ્રાહક છે. અર્થાત્ 'એક એક અભાવ પકડવાનો' એમ તે **'એક'** પદ સૂચવે છે. એટલે કે **'એક'** પ્રવેશથી તત્તદભાવનું જ ગ્રહણ થાય. એટલે પ્રમેયસામાન્યાભાવનું ગ્રહણ થઈ શકતું નથી. (બારણું નાનું હોવાથી એક સાથે બધી ભેંસ પ્રવેશી ન શકે તેથી શિંગડુ પકડીને એક એકને પ્રવે કરાવવો, એનું નામ શૃંગગ્રાહિકા.)

આ બરાબર નથી. કેમકે જો એક પદથી કોઈ એક અભાવ જ લેવાનો હોય તો **'यत्किंचित्'** પદ વ્યર્થ જ જાય ને ?

यत्किंचित् પદથી તત્ત્વદભાવનું જ અવશ્ય ગ્રહણ થતું હોવાથી તે માટે 'એક' પદનો નિવેશ નિરર્થક જ બને. હા, પછી તે **यत्किंचित्** પદ, હેતુ સામાનાધિકરણ્યનું જ્ઞાપક બને. અને તેમ થતાં હેતુસમાનાધિકરણ જે અભાવ, ત્યાં હેતુસમાનાધિકરણ પદ વ્યર્થ જાય. (**यत्किंचित्**ને વ્યર્થ ન કહ્યું કેમકે હેતુસમાનાધિકરણ પદ ગુરૂભૂત હોવાથી તેને જ વ્યર્થ કરવાનો આયાસ છે.)

जागदीशी : यद्यपि प्रमेयवान् वाच्यत्वादित्यादौ समवायेन साध्यतायां व्यभिचारिणि अतिव्याप्तिः, प्रमेयत्वावच्छिन्नाभावप्रतियोगितासामान्यशून्यत्वाऽप्रसिद्धेः, तादृशाभावान्तरस्य निरुक्तप्रतियोगिताऽनवच्छेदकतायाः प्रमेयत्वे सत्त्वात् ।

દ્વિ. પૂર્વપક્ષ : *समवायेन प्रमेयवान्, वाच्यत्वात्* સ્થળે અતિવ્યાપ્તિ આવશે. વાચ્યત્વ જાતિમાં છે ત્યાં સમવાયેન કોઈ પ્રમેય નથી. એટલે આ સ્થળ વ્યભિચારી છે.

હવે સાધ્યાભાવ લક્ષણઘટક લેતાં સમવાયેન પ્રમેયાભાવ લેવો જોઈએ. તદીય પ્રતિયોગિતા પ્રમેયત્વાવચ્છિન્ના બની શકતી જ નથી. અર્થાત્ અપ્રસિદ્ધ છે એટલે ઘટાભાવાદિ લેવા જોઈએ. પ્રતિયોગિતાસામાન્યશૂન્ય પટાદિમાં અવૃત્તિ ઘટત્વ હોવાથી તે પ્રતિયોગિતાવચ્છેદક બની જાય. આથી અતિવ્યાપ્તિ ઉભી રહે. અર્થાત્ ઘટાભાવીય પ્રતિયોગિતાનું પ્રમેયત્વમાં અનવચ્છેદકત્વ રહી જતાં અતિવ્યાપ્તિ આવે.

અહીં ખ્યાલ રાખવો કે જયાં જયાં પ્રમેયાભાવીય પ્રતિયોગિતા હોય ત્યાં ત્યાં પ્રમેયત્વ હોય જ. પ્રમેયાભાવીય પ્રતિયોગિતા સર્વત્ર હોય એટલે પ્રતિયોગિતા સામાન્ય શૂન્ય કોઈ મળે જ નહિ કે જયાં પ્રમેયત્વની અવૃત્તિ મેળવીને તેને અવચ્છેદક બનાવી શકાય. આમ અપ્રસિદ્ધિ દોષ ઉભો રહ્યો.

जागदीशी : तथापि तादृशयत्किञ्चिदेकाभावप्रतियोगितात्वं यद्धर्मव्यापकतावच्छेदकं तत्त्वं विवक्षितम् । अस्ति च प्रमेयत्वव्यापकत्वं प्रमेयसामान्याभावप्रतियोगितायामित्यदोषः । तत् = अवच्छेदकत्वम् ।

प्रथम पूर्व पक्ष : વારુ, અમે પારિભાષિક અવચ્છેદકત્વ કહીશું. હેતુસમાનાધિકરણ એકાભાવપ્રતિયોગિતાત્વ જે ધર્મનું વ્યાપકતાવચ્છેદક હોય તે ધર્મ તે પ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય. હવે પ્રતિયોગિતા એ પ્રમેયત્વની વ્યાપક છે (જ્યાં જ્યાં પ્રમેયત્વ છે, ત્યાં ત્યાં સર્વત્ર તાદશપ્રતિયોગિતા છે.) માટે વ્યાપકતાવચ્છેદક પ્રતિયોગિતાત્વ છે. તે યદ્ધર્મવ્યાપકતાવચ્છેદક છે એટલે કે પ્રમેયત્વ ધર્મ(નિરૂપિત) વ્યાપકતાવચ્છેદક છે માટે પ્રમેયત્વ એ પ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય. આમ પ્રતિયોગિતાનો અવચ્છેદક પ્રમેયત્વ બને છે, તેજ સાધ્યતાવચ્છેદક બનવાથી અતિવ્યાપ્તિ રહેતી નથી.

दीधिति : अत एवाऽतिरिक्तसामान्याभावस्याभावे धूमत्वादेरप्यनवच्छेदकत्वापातादग्रे तत्साधनमपि साधु सङ्गच्छत इति वाच्यम् ।

जागदीशी : *अत एवेति* । **यत्किञ्चिदेकाभावव्यक्तेः प्रवेशादेवेत्यर्थः । यदि सामान्याभावो नास्ति तदा वह्निमन्निष्ठतत्तद्धूमाभावप्रतियोगितासामान्यशून्ये धूमान्तरे वर्त्तमानतया धूमत्वस्य निरुक्तावच्छेदकत्वं न स्यादिति व्याप्तिलक्षणाऽतिव्याप्तिनिरासार्थमेव सामान्याभावः साधयिष्यते इति ।**

હવે આજ પ્રથમ પૂર્વપક્ષ (અનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વને માનનાર) કહે

છે.

अत एव 'यत्किञ्चित् એકાભાવ' નો અમે પ્રવેશ કર્યો છે એટલે પૂર્વે તો ધૂમાભાવ સામાન્યતઃ લીધેલો અને તદીયપ્રતિયોગિતાશૂન્ય ઘટમાં ધૂમત્વની અવૃત્તિ લઈ તેને અવચ્છેદક બનાવી દઈને ***धूमवान्, वह्नेः*** સ્થલીય અતિવ્યાપ્તિ દૂર કરી હતી. પણ જો કોઈ કહે કે સામાન્યાભાવ (ધૂમસામાન્યાભાવ) માનવામાં કોઈ પ્રમાણ નથી. તો હવે અમે ધૂમસામાન્યાભાવ તો લઈ શકીએ નહિ. પણ તદ્ધૂમાભાવ જ લેવાય. તદીયપ્રતિયોગિતાશૂન્ય અન્ય ધૂમ બને. તેમાં ધૂમત્વ વૃત્તિ જ હોવાથી તે અવચ્છેદક ન બને. તદ્ધૂમત્વ અવૃત્તિ જ હોવાથી તે અવચ્છેદક બને અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ધૂમત્વ બનતા વળી અતિવ્યાપ્તિ આવે. આ અતિવ્યાપ્તિ દૂર કરવા માટે જ અમે આગળ જઈને સામાન્યાભાવની સિદ્ધિ કરવાના છીએ. અને તેનાથી ધૂમત્વને જ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનાવી અતિવ્યાપ્તિ દૂર કરવાના છીએ.

जागदीशी : तथा च धूमसामान्याभावस्यैव हेतुसमानाधिकरणस्य प्रतियोगिता-सामान्यशून्ये घटादौ अवृत्त्या धूमत्वस्यावच्छेदकत्वमिति भावः ।

અમારો કહેવાનો આશય એ છે કે જો અહીં **'यत्किंचित् एकाभाव'** પદ ન હોય તો તો અમે અહીં જ તદ્ધૂમાભાવ તદ્ધૂમાભાવ તદ્ધૂમાભાવ સઘળાંય = યાવત્વિશેષાભાવ લઈ લેત ! તેના કૂટની પ્રતિયોગિતા સામાન્યશૂન્ય કોઈ ધૂમ તો ન જ બને. (કેમકે તદ્ તદ્ધૂમમાં તદ્તદ્ધૂમાભાવીયપ્રતિયોગિતા તો મળી જ જાય છે.) પટાદિ બને. ત્યાં ધૂમત્વ અવૃત્તિ હોવાથી જ અવચ્છેદક બની જાય એટલે તે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અહીં જ અતિવ્યાપ્તિ દૂર થઈ જાત. (સામાન્યાભાવ એટલે યાવત્વિશેષાભાવકૂટ) અને તેથી આગળ ઉપર સામાન્યાભાવની સિદ્ધિ કરવામાં વૈયર્થ્ય આવતા અસંગત અગ્રિમ ગ્રન્થ થઈ જાય.

હવે યત્કિંચિત્ એકાભાવ પદ લેવાથી તદ્ધૂમાભાવ જ એકાભાવ લેવાનું અનિવાર્ય બનતાં અતિવ્યાપ્તિ આવે, જેને આગળ ઉપર સામાન્યાભાવની સિદ્ધિથી દૂર કરવાનું સમર્થન યથાર્થ ઉપપન્ન થઈ જાય.

આ રીતે પ્રથમ પૂર્વપક્ષીએ તથાવિધયત્કિંચિત્ એકાભાવપ્રતિયોગિતા-સામાન્યશૂન્યાવૃત્તિત્વ રૂપ અનતિરિક્તવૃત્તિત્વ લઈને 'અનતિરિક્તવૃત્તિત્વ' ને અવચ્છેદક સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમ છતાં પણ જ્યાં

તાર્ણતાર્ણદહનવૃત્તિદ્વિત્વાદ્યવચ્છિન્નાભાવ હશે ત્યાં અભાવીયપ્રતિયોગિતાને અનતિરિક્તવૃત્તિ વહ્નિત્વ પણ અવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ આવશે તે વાત હવે રજૂ કરે છે.

दीधिति : वह्निघटवृत्तिद्वित्वतार्णातार्णदहनवृत्तिद्वित्वाद्यवच्छिन्नप्रतियोगिताकाभावप्रतियोगितानतिरिक्तवृत्तिवह्नित्वादावतिप्रसङ्गात् ।

जागदीशी : ननु तादृशप्रतियोगित्वान्यूनाऽनतिरिक्तवृत्तित्वं वाच्यम्, वह्नित्वं तु घटवृत्तितादृशप्रतियोगित्वन्यूनवृत्त्यत आह *तार्णातार्णेति* । *अतिप्रसङ्गादिति* । तथाच व्याप्ति-लक्षणाऽसम्भव इति भावः ।

દ્વિ.પૂર્વપક્ષ : નહિ, તે રીતે લેતાં પણ હજુ ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે જ અવ્યાપ્તિ આવશે. ત્યાં **વહ્નિઘટોભયાભાવ** લઈશું. તદીયપ્રતિયોગિતા વહ્નિ અને ઘટ બેયમાં છે તચ્છૂન્ય તો વહ્નિઘટથી ઈતર બધા બને. તેમાં ઘટત્વ જેમ અવૃત્તિ છે તેમ વહ્નિત્વ પણ અવૃત્તિ જ છે. એટલે પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વ બને. તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ આવશે.

પ્રથમ પૂર્વપક્ષ : નહિ, અમે કહીશું કે જે પ્રતિયોગિતાથી અન્યૂન અનતિરિક્તવૃત્તિ હોય તેજ ધર્મ અવચ્છેદક બને. વહ્નિત્વ ભલે પ્રતિયોગિતાથી અનતિરિક્તમાં વૃત્તિ છે. અર્થાત્ અતિરિક્તમાં અવૃત્તિ છે. પણ પ્રતિયોગિતાથી ન્યૂનમાં ય વૃત્તિ બની જાય છે. જુઓ પ્રતિયોગિતા છે ઘટમાં, ત્યાં વહ્નિત્વ નથી. આમ પ્રતિયોગિતા-અન્યૂનવૃત્તિ ન બનવાથી તે પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ નહિ બને. તેવો ધર્મ તો વહ્નિઘટોભયત્વ જ બને. એટલે પ્રતિયોગિતાવચ્છેદકથી ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિપ્રસંગ નથી.

દ્વિ.પૂર્વપક્ષ - વારૂ, ***વહ્નિમાન્, ધૂમાત્*** માં જ તો પણ અવ્યાપ્તિ છે.

અહીં **તાર્ણાતાર્ણવહ્ન્યભાવ** લઈશું.

(તૃણજન્યવહ્નિ તાર્ણ, મણ્યાદિજન્યવહ્નિ અતાર્ણ) આની પ્રતિયોગિતા તાર્ણાતાર્ણ બે ય પ્રકારના વહ્નિમાં છે. આ પ્રતિયોગિતાથી શૂન્ય વહ્નીતર બધા બને, તેમાં વહ્નિત્વની અવૃત્તિ છે અને પ્રતિયોગિતા બેય વહ્નિમાં છે તો ત્યાં બેય ઠેકાણે વહ્નિત્વની વૃત્તિ પણ છે આમ અન્યૂનાનતિરિક્ત વૃત્તિ રૂપ વહ્નિત્વ ધર્મ બનતાં તે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બન્યો. એટલે અવ્યાપ્તિ આવી.

આ રીતે વ્યાપ્તિના લક્ષણનો જ અતિપ્રસંગ એટલે કે અસંભવ દોષ આવી જશે.

दीधिति : एतेनाऽन्यूनवृत्तित्वविशेषितमपि परास्तम् । अत एव नानाप्रतियोगिवृत्त्येकप्रतियोगिताङ्गीकारेऽपि न निस्तारः,

जागदीशी : [एतेनेति क्वाचित्कं तत्र] एतेन = ताणर्तार्णोभयाभावमादाय दत्तदोषेण । सामान्याभावप्रतियोगित्वमेकमेव समस्तप्रतियोगिवृत्तीति तदनतिरिक्त-वृत्त्येव धूमत्वमतो नोक्ताऽतिव्याप्तिरिति प्रगल्भोक्तं दूषयति *अत एवेति* । उक्तरीत्या वह्नित्वादेरवच्छेदकत्वप्रसङ्गादेवेत्यर्थः ।

ઉપર તાર્ણતાર્ણોભયાભાવમાં આપેલા દોષથી અન્યૂનવૃત્તિત્વરૂપ કે અનતિરિક્ત વૃત્તિત્વરૂપ કે અન્યૂનાનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદકતા માનતાં બધાય પક્ષનો નિરાસ થઈ ગયો.

'પ્રગલ્ભ' મત માને છે કે સામાન્યાભાવીયા પ્રતિયોગિતા એ એક જ છે. એ ધૂમસામાન્યાભાવીયાપ્રતિયોગિતાશૂન્ય ઘટપટાદિમાં ધૂમત્વ અવૃત્તિ છે જ, એટલે *धूमवान्, वह्नेः* માં ધૂમત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

આ મતનું પણ તાર્ણતાર્ણોભયાભાવ સ્થળે દોષ આપ્યા પછી ખંડન થઈ જાય છે. ભલે તાર્ણવાન્નિ-અતાર્ણવન્નિ વગેરેમાં રહેલી પ્રતિયોગિતા એક જ હોય તોય અહીં અવ્યાપ્તિ શી રીતે દૂર કરવાના છે? પ્રતિયોગિતા જુદી જુદી હોવા છતાંય જો વન્નિત્વ પ્રતિયોગિતાનું અન્યૂનાનતિરિક્ત વૃત્તિત્વ રૂપ અવચ્છેદક બની ગયું તો પ્રતિયોગિતા ઐક્યે તો સુતરાં બને જ. (તદુભયાભાવીયા એકજ પ્રતિયોગિતા બે ય વન્નિમાં મળશે એટલું જ વિશેષ)

दीधिति : लघुरूपसमनियतगुरुरूपेण साध्यतायां सद्धेतावव्याप्तिः, तादृशतदवच्छिन्नत्वाऽप्रसिद्धेरिति चेन्न ।

जागदीशी : ननु प्रतियोगिताऽनवच्छेदकमित्यत्राऽवच्छेदकत्वं स्वरूपसम्बन्ध एव वाच्यम्, स्वावच्छेद्यप्रतियोगिताकत्वेन साध्यतावच्छेदकं पुनर्विशेषणीयमतो गुरुधर्मेण साध्यतायां नातिव्याप्तिरत आह *लघुरूपेति* ।

પ્ર. પૂર્વપક્ષ : વારૂ, તો અવચ્છેદકત્વ સ્વરૂપસંબંધરૂપ જ માનશું. તેમ થતાં

પ્રમેયધૂમવાન્, વહ્નેઃ સ્થળે પ્રમેયધૂમાભાવીય પ્રતિયોગિતા અવચ્છેદક લઘુભૂત ધૂમત્વ જ બને. પ્રમેયધૂમત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ આવે તેને દૂર કરવા અમે કહીશું કે સ્વાવચ્છેદ્યપ્રતિયોગિતાકત્વવિશિષ્ટ જે બને તે સાધ્યતાવચ્છેદક બને. અહીં પ્રમેયધૂમત્વાવચ્છેદ્ય(અવચ્છિન્ન) પ્રતિયોગિતાક પ્રમેયધૂમત્વ બની શકતો જ નથી. કેમકે પ્રમેયધૂમત્વાવચ્છેદ્ય (અવચ્છિન્ન) પ્રતિયોગિતાકની અપ્રસિદ્ધિ (ગુરૂભૂત ધર્મ અવચ્છેદક ન બને) છે. આમ પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ બનવા છતાં સાધ્યતાવચ્છેદકની અપ્રસિદ્ધિથી લક્ષણ જ જતું નથી એટલે અતિવ્યાપ્તિ પ્રસંગ નથી.

દ્વિ. પૂર્વપક્ષ : ના, લઘુરૂપ(વહ્નિત્વ)નો સમનિયત ગુરુભૂત (પ્રમેયવહ્નિત્વ) ધર્મેણ જયાં સાધ્યતા હોય તેવા સદ્ધેતુક સ્થળે અવ્યાપ્તિ આવશે.

પ્રમેયવહ્નિમાન્, ધૂમાત્ -

પ્રમેયવહ્ન્યભાવીય પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વ છે. પ્રમેયવહ્નિત્વ એ હવે સાધ્યતાવછેદક ત્યારે બને જો તે સ્વાવચ્છિન્નપ્રતિયોગિતાકત્વવિશિષ્ટ હોય. હવે પ્રમેય વહ્નિત્વાવચ્છેદ્ય પ્રતિયોગિતા જ અપ્રસિદ્ધ હોવાથી તે તાદૃશપ્રતિયોગિતાક ન બનતાં સાધ્યતાવચ્છેદક જ ન બને. એટલે લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ ઉભી રહે છે.

જગદીશે 'લઘુરૂપસમનિયતગુરૂરૂપેણ' નો દિધિતિકારે મૂકેલી પંક્તિનો અર્થ ઉપરોક્ત રીતે કરીને સદ્ધેતુક સ્થળે અવ્યાપ્તિ આપી.

जागदीशी : ननु घटवान् महाकालत्वादित्यादावव्याप्तिभियेव गुरुरूपेण साध्यतायामतिव्याप्तिभियापि प्रतियोगिताधर्मिकोभयाभावघटितं लक्षणं वाच्यमतस्तदपि दूषयति लघुरूपेत्यादिनेत्यपि कश्चित् । वह्नित्वादिलघुरूपसमनियतं यत्प्रमेयवह्नित्वादिकं ताद्रूप्येण साध्यतायां धूमादावव्याप्तिरित्यर्थः । (तादृशेति स्वावच्छेद्यप्रतियोगिताक-साध्यतावच्छेदकावच्छिन्नत्वाप्रसिद्धेरित्यर्थः ।)

બીજા કેટલાક એજ પંક્તિનો અર્થ આ રીતે કરે છે. ***ઘટવાન્, મહાકાલત્વાત્*** સ્થળે અવ્યાપ્તિના વારણ માટે અને ગુરૂરૂપેણ જયાં સાધ્યતા હોય તેવા વ્યભિચારી સ્થળોમાં અતિવ્યાપ્તિના વારણ માટે જ સિદ્ધાન્તલક્ષણીમાં અંતે પ્રતિયોગિતાધર્મિક યદ્ધર્માવચ્છિન્નત્વ-યત્સમ્બન્ધાવચ્છિન્નત્વ ઉભયાભાવ લીધો હતો. હવે તેમ થતાં તે અવ્યાપ્ત્યતિવ્યાપ્તિ ભલે દૂર થઈ પણ લઘુરૂપસમનિયતગુરૂરૂપેણ જયાં સાધ્યતા છે તેવા સદ્ધેતુક સ્થળે હજુ પણ અવ્યાપ્તિ ઉભી જ રહે છે. કેમકે ત્યાં

ઘટાભાવીયપ્રતિયોગિતામાં યદ્ધર્મવત્ત્વ = પ્રમેયવત્ત્વિત્વાવચ્છિન્નત્વ અપ્રસિદ્ધ છે.

આમ આ મતમાં સાધ્યતાવચ્છેદક સ્વાવચ્છેદ્યપ્રતિયોગિતાકત્વવિશિષ્ટ જોઈએ તેવું તો ન રહ્યું. (કેમકે પ્રતિયોગિતાધર્મિકોભયાભાવ લઈને જ અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ દૂર કરી છે.)

હવે આ રીતે દ્વિ. પૂર્વપક્ષે અન્યૂનાતિરિક્તવૃત્તિત્વ રૂપ (સ્વરૂપસંબંધરૂપ) અવચ્છેદકત્વ માનવા છતાં અવ્યાપ્તિનું દાન અંતે કરી દીધું.

दीधिति : प्रतियोगितावच्छेदकानतिरिक्तवृत्तित्वस्य विवक्षितत्वात्

जागदीशी : प्रतियोगितावच्छेदकेति । हेतुसमानाधिकरणाभावप्रतियोगिताया यदवच्छेदकं तदभाववदवृत्तित्वस्य मूलस्थप्रतियोगितावच्छेदकान्तेन विवक्षितत्वा-दित्यर्थः ।

આ બધાયનું ખંડન કરતાં હવે દીધિતિકાર કહે છે કે પ્રતિયોગિતાવચ્છેદકથી અનતિરિક્તવૃત્તિ જે હોય તે પ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકથી અતિરિક્તમાં જેની અવૃત્તિ હોય તે પ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકથી શૂન્યમાં જેની અવૃત્તિ હોય તે પ્રતિયોગિતાનો અવચ્છેદક કહેવાય.

हेतुसमानाधिकरणाभावप्रतियोगितायाः यदवच्छेदकं तदभाववदवृत्तित्वत्वस्य मूलस्थप्रतियोगितावच्छेदकान्तेन विवक्षितत्वात् । પ્રતિયોગિતાનો જે અવચ્છેદક હોય તેના અભાવવત્માં જેની અવૃત્તિ હોય તેજ પ્રતિયોગિતાનો અવચ્છેદક બને.

वह्निमान्, धूमात् । ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકઘટત્વાભાવવત્ પટાદિમાં ઘટત્વની આવૃત્તિ છે માટે ઘટત્વ એજ પ્રતિયોગિતાવચ્છેદક કહેવાય. ***धूमवान्, वह्नेः*** માં ધૂમાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકધૂમત્વાભાવવદ્ ઘટાદિમાં ધૂમત્વની અવૃત્તિ છે માટે તે પ્રતિયોગિતાવચ્છેદક કહેવાય.

प्रमेयधूमवान्, वह्नेः - પ્રમેયધૂમાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ - તદભાવવત્ પટાદિમાં પ્રમેયધૂમત્વની અવૃત્તિ છે માટે તે પ્રતિયોગિતાવચ્છેદક બની જાય. તેજ સાધ્યતાવચ્છેદક.

जागदीशी : अत्र च येन सम्बन्धेन प्रतियोगितावच्छेदकत्वं तेनैव तदभावो

ગ્રાહ્યઃ। તેન ધૂમાદિમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકસ્ય ઘટત્વાદેઃ કાલિકાદિ-સમ્બન્ધેનાભાવવતિ આત્માદૌ વહ્નિત્વાદેઃ સમવાયેનાઽવૃત્તાવપિ નોક્તાવચ્છેદકત્વમ્, ન વા ધૂમત્વાદેઃ સંયોગાદિસમ્બન્ધેન સ્વાભાવવતિ સમવેતત્વેઽપિ અવચ્છેદકત્વહાનિઃ ।

અહીં જે સંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક હોય તે સંબંધથી જ પ્રતિયોગિતાવચ્છેદકાભાવ લેવો અને તદભાવવત્માં અવૃત્તિ ધર્મ પકડવો. જો તેમ ન કહીએ તો ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે અવ્યાપ્તિ આવે. ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ એ કાલિક સંબંધથી ઘટત્વાભાવવત્ આત્મામાં અવૃત્તિ વહ્નિત્વ ધર્મ છે (કાલિક સંબંધથી ઘટત્વ બીજે બધે રહે પણ આત્મામાં તેનો અભાવ મળે. **નિત્યેષુ કાલિકાયોગાત્**) તેજ પ્રતિયોગિતાવચ્છેદક બને અને સાધ્યતાવચ્છેદક પણ તે જ બને એટલે અવ્યાપ્તિ આવે. હવે પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ સમવાય છે. એટલે સમવાયસંબંધથી ઘટત્વાભાવવત્ વહ્નિ પણ બને તેમાં વહ્નિત્વની તો વૃત્તિ છે. અવૃત્તિ ઘટત્વની છે માટે વહ્નિત્વપ્રતિયોગિતાવચ્છેદક ન બને. ઘટત્વ જ બને. સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બને એટલે અવ્યાપ્તિ ન રહી.

ધૂમવાન્, વહ્નેઃ સ્થળે વહ્નિ-અધિકરણ અયોગોલકમાં ધૂમાભાવ છે, એની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ છે, આ ધૂમત્વ ધૂમમાં સમવાયથી રહે, પણ સંયોગથી ન રહે. એટલે સંયોગથી ધૂમત્વાભાવવાન્ ધૂમ બન્યો. તેમાં સમવાયેન ધૂમત્વની વૃત્તિ જ છે. અવૃત્તિ ન હોવાથી ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક ન બને. આમ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ધૂમત્વ બનતાં અતિવ્યાપ્તિ. પણ જે સંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક લેવાનો, તે જ સંબંધથી તેનો અભાવ લેવાનો હોય તો અહીં સમવાયથી જ પ્રતિયોગિતાના અવચ્છેદક ધૂમત્વ લીધો છે. એટલે હવે પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વનો સમવાયેન અભાવ ધૂમ તો ન જ મળે. ઘટાદિમાં મળે. તેમાં ધૂમત્વની અવૃત્તિ હોવાથી તે પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. તેજ સાધ્યતાવચ્છેદક બનવાથી હવે અતિવ્યાપ્તિ ન રહી.

જાગદીશી : યત્તુ સાધ્યતાવચ્છેદકતાઘટકસમ્બન્ધેન તદભાવો ગ્રાહ્ય ઇતિ । તત્તુચ્છમ્ । ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યવાન્ વહ્નેરિત્યાદાવતિવ્યાપ્તેઃ । લઘુતયા હેતુમન્નિષ્ઠતાદૃશપ્રમાવિશેષ્યાભાવપ્રતિયોગિતાવચ્છેદકીભૂતસ્ય ધૂમત્વાદેઃ સ્વરૂપ-સમ્બન્ધેનાભાવવતિ ધૂમ એવ તાદૃશપ્રમાવિશેષ્યત્વસ્ય વૃત્તેઃ

કેટલાક કહે છે કે 'પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી તદભાવવદમાં વૃત્તિત્વ ન લેવું પણ સાધ્યતાવચ્છેદક સંબંધથી લેવું' પણ એ બરોબર નથી.

धूमत्वप्रकारकप्रमाविशेष्यत्ववान्, वह्नेः સ્થળે અતિવ્યાપ્તિ આવે. અહીં સાધ્યતાવચ્છેદક સંબંધ સ્વરૂપ છે. વ્યભિચારી સ્થળ છે. એટલે સાધ્યાભાવ લેવો જોઈએ. (धूमत्वप्रकारकप्रमाविशेष्यत्वाभावीयप्रतियोगितावच्छेदक લઘુભૂત ધર્મ ધૂમત્વ બને. પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ સમવાયેન ધૂમત્વાભાવવદ્ પટાદિમાં (ધૂમ તો સમવાયેન ધૂમત્વાભાવવદ્ બને જ નહિં) ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વ અવૃત્તિ છે માટે તે પણ પ્રતિયોગિતાવચ્છેદક બને. એજ સાધ્યતાવચ્છેદક છે એટલે અતિ-પ્રસંગ નથી.) હવે સ્વરૂપસંબંધથી ધૂમત્વાભાવવત્ ધૂમ જ બને (કા. ધૂમત્વ ધૂમમાં સમવાયસંબંધથી રહે છે.) તેમાં ધૂમત્વપ્રકારક પ્રમાવિશેષ્યત્વ હોવાથી તે પ્રતિયોગિતાવચ્છેદક ન બને અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ આવે. આથી સાધ્યતાવચ્છેદક સંબંધથી તદભાવ લઈને તદ્વત્માં અવૃત્તિત્વ રૂપ અનતિરિક્તવૃત્તિત્વ ન કહેવાય.

અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા કે પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી જે તદભાવ, તદ્વત્માં અવૃત્તિત્વ એ જ અવચ્છેદકત્વ.

जागदीशी : तद्वदवृत्तित्वं च स्वरूपसम्बन्धेन तद्वति साध्यतावच्छेदकताघटक-सम्बन्धेनाऽवर्त्तमानत्वम्, नाऽतो धूमत्वाभावस्यैव कालिकसम्बन्धेनाश्रये धूमे समवायेन, स्वरूपसम्बन्धेन च तदाश्रये स्पन्दादौ कालिकविशेषणतया धूमत्वस्य वर्तमानत्वादवच्छेदकत्वहानिः ।

હવે કહે છે કે પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી જે તદભાવ, તેનું સ્વરૂપસંબંધથી જે અધિકરણ (તદભાવવત્), એમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી અવૃત્તિત્વ લેવું.

અહીં ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ. એનો પ્રતિયોગિતાવચ્છેદકતા-વચ્છેદક સમવાય સંબંધથી અભાવ લેવાનો. તેનું સ્વરૂપ સંબંધથી અધિકરણ પટાદિ બને. તેમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાયસંબંધથી બીજાની (પટત્વાદિની)વૃત્તિતા પ્રસિદ્ધ છે એટલે ઘટત્વની તે સંબંધથી અવૃત્તિતા મળી જતાં ઘટત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને.

હવે *धूमवान्, वह्नेः* માં ધૂમાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સમવાયેન ધૂમત્વના

અભાવનું કાલિકસંબંધથી અધિકરણ ધૂમ જ બની જાય તેમાં ધૂમત્વની અવૃત્તિ ન મળતાં તે પ્રતિયોગિતાનવચ્છેદક બની જાય એટલે અતિવ્યાપ્તિ આવે.

હવે તેમ નહિ બને, કેમકે ધૂમત્વાભાવનું સ્વરૂપસંબંધથી જ અધિકરણ લેવાનું છે તે સંબંધથી ધૂમ અધિકરણ બને જ નહિ, પટાદિ બને. તેમાં ધૂમત્વની અવૃત્તિ મળી જતાં તે પ્રતિયોગિતાવચ્છેદક (સાધ્યતાવચ્છેદક) બની જાય એટલે અતિવ્યાપ્તિ રહેતી નથી.

વળી ધૂમત્વાભાવનું સ્વરૂપસંબંધથી અધિકરણ સ્પન્દાદિમાં કાલિકસંબંધથી ધૂમત્વની વૃત્તિતા પણ હવે ન લેવાય કેમકે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી તો ધૂમત્વની અવૃત્તિતા જ છે. એટલે હવે અતિવ્યાપ્તિ રહેતી નથી. (ઘટાદિ ન લેતાં સ્પન્દાદિ લેવાનું કારણ એ છે કે કાલિકસંબંધથી કોઈ નિત્ય તો અધિકરણ ન બને પણ અનિત્ય ઘટાદિ તો બની શકે છે. છતાંય અનિત્યમાં પણ ઘટાદિની અનિત્યતાની પ્રતીતિ કરતાં ક્રિયાની અનિત્યતા પ્રતીતિ બહુ જ સ્પષ્ટ થાય છે માટે તેને લીધું.)

जागदीशी : न च तथापि समवायेन प्रमेयस्य साध्यतायां भावत्वादिहेतावतिव्याप्तिः, प्रमेयत्वरूपस्यावच्छेदकस्याभावाप्रसिद्ध्या प्रमेयाभावस्य लक्षणाघटकत्वादिति वाच्यम् ।

પૂર્વપક્ષ - ***समवायेन प्रमेयवान्, भावत्वात्*** - આ વ્યભિચારી સ્થળ છે.

કેમકે ભાવત્વાધિકરણ જાતિમાં સમવાયેન પ્રમેય રહેતું નથી.

હવે સાધ્યાભાવ પ્રમેયાભાવ લઈએ. તદીયપ્રતિયોગિતાવચ્છેદક પ્રમેયત્વ બને. પ્રમેયત્વાભાવવદ્‌માં અવૃત્તિ ધર્મ પ્રતિયોગિતા-અવચ્છેદક બને.

પણ પ્રમેયત્વાભાવ જ અપ્રસિદ્ધ છે. એટલે કોઈ પ્રમેયત્વ પ્રતિયોગિતાનો અવચ્છેદક ન બને. અર્થાત્ પ્રતિયોગિતાનવચ્છેદક પ્રમેયત્વ તે જ સાધ્યતાવચ્છેદક બની જતા અતિવ્યાપ્તિ આવે.

जागदीशी : हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्धर्माऽन्यूनवृत्ति तत्त्वस्यैव विवक्षितत्वात् । अत एव समवायेन सत्ताश्रयस्य साध्यत्वेऽपि तादृशावच्छेदकीभूतस्य सत्त्वस्याभाववति सामान्यादौ साध्यतावच्छेदकताघटकीभूतसमवायसम्बन्धेन वृत्तेरप्रसिद्धावपि भावत्वादिहेतौ नातिव्याप्तिः ।

ઉત્તરપક્ષ - હેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદક એ જે ધર્મનું વ્યાપક (અન્યૂનવૃત્તિ ધર્મ) હોય તે ધર્મ જ પ્રતિયોગિતાવચ્છેદક બને એમ અમે અહીં આવું પારિભાષિક અવચ્છેદક લઈશું. પ્રતિયોગિતાવચ્છેદક પ્રમેયત્વ, એ પ્રમેયત્વ ધર્મનું વ્યાપક છે માટે તે પ્રમેયત્વધર્મ એજ પ્રતિયોગિતાવચ્છેદક અને સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

આમ આ રીતે પારિભાષિક અવચ્છેદકત્વ લેતાં જ ***समवायेन सत्तावद्वान्, भावत्वात्*** સ્થળે પણ અતિવ્યાપ્તિ રહેતી નથી. સત્તાવદભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સત્તા બને તે સત્તાધર્મનું વ્યાપક છે. માટે તે સત્તા જ પ્રતિયોગિતાવચ્છેદક બને. એ પ્રતિયોગિતાવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક બનવાથી અતિવ્યાપ્તિ રહેતી નથી.

જો પ્રતિયોગિતાવચ્છેદકાનતિરિક્તવૃત્તિત્વ (પ્રતિયોગિતાવચ્છેદક અભાવવદવૃત્તિત્વ) રૂપ અવચ્છેદક જ કહીએ તો અતિવ્યાપ્તિ આવત.

સત્તાવદભાવીયપ્રતિયોગિતાવચ્છેદક સત્તા બને. સત્ત્વાભાવવત્ સામાન્યાદિમાં સમવાયેન સત્તાની અવૃત્તિતા જ અપ્રસિદ્ધ છે. કેમકે સામાન્યમાં સમવાયસંબંધથી કોઈની વૃત્તિતા પ્રસિદ્ધ નથી. અન્યાભાવ ઘટાભાવ લેવાય. તદીય પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ બને. ઘટત્વાભાવવત્ પટમાં સમવાયેન ઘટત્વ અવૃત્તિ જ છે તેથી તે પ્રતિયોગિતાવચ્છેદક બને. ઈતર સાધ્યતાવચ્છેદક બને તેથી અતિવ્યાપ્તિ. પરંતુ આ રીતે પારિભાષિક અવચ્છેદકત્વ લેતાં અહીં અતિવ્યાપ્તિ દોષ રહેતો નથી.

जागदीशी : इदं तु चिन्त्यते । तादृशप्रतियोगितावच्छेदकाऽनतिरिक्तवृत्ति-भिन्नत्वापेक्षया नञर्थद्वयाप्रवेशेन लाघवात्तादृशावच्छेदकं यद्यत्तत्तत्प्रत्येकातिरिक्त-वृत्तित्वं साध्यतावच्छेदकस्य विशेषणं वक्तुमुचितमिति ।

જગદીશ કહે છે કે તાદશપ્રતિયોગિતાવચ્છેદક અનતિરિક્તવૃત્તિ જે બને તે પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્નત્વ સાધ્યતાવચ્છેદકમાં જાય. આમ કહેવામાં બે નઞ્ નો પ્રવેશ કરવો પડે છે. એના કરતાં લાઘવાત્ તાદશપ્રતિયોગિતાવચ્છેદક જે જે બને તે બધાથી (શૂન્યમાં વૃત્તિત્વ) અતિરિક્તમાં વૃત્તિત્વ એ સાધ્યતાવચ્છેદકનું વિશેષણ બને તેમ કહેવું જોઈએ.

वह्निमान्, धूमात् માં વહ્ન્યભાવ ન મળે. ઘટાભાવ પટાભાવાદિ મળે. પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ, પટત્વાદિ બને. તે ઘટત્વાદિથી શૂન્ય વહ્નિ છે. તેમાં વહ્નિત્વની વૃત્તિ છે. માટે વહ્નિત્વ એ સાધ્યતાવચ્છેદક બની જાય.

અહીં यत् यत् - तत्प्रत्येकातिरिक्तवृत्तित्वं કહ્યું છે. જો એક જ यत् પદ હોત - એટલે કે તાદશપ્રતિયોગિતાવચ્છેદક એકાદ લે, અને તેનાથી શૂન્યમાં વૃત્તિત્વને સાધ્યતાવચ્છેદકનું વિશેષણ કરે તો ***धूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ આવે. ઘટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદકઘટત્વશૂન્ય ધૂમમાં ધૂમત્વની વૃત્તિ જ છે તેથી જ પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ આવી. હવે તો જે જે પ્રતિયોગિતાવચ્છેદક બને તે બધાથી શૂન્યમાં વૃત્તિત્વ લેવાનું કહ્યું એટલે ધૂમાભવીય પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ પણ છે. તેનાથી શૂન્ય ધૂમ નથી માટે હવે અતિવ્યાપ્તિ પ્રસંગ નથી.

दीधिति : स्वसमानवृत्तिकञ्चावच्छेदकं ग्राह्यम् ।

जागदीशी : ननु धूमादिमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्यद्वह्न्यादिनिष्ठं तार्णातार्णदहनोभयत्वं यावत्त्वं वा तदनतिरिक्तवृत्त्येव वह्नित्वादिकमिति व्याप्ति-लक्षणाऽसंभवीत्यत आह *स्वसमानेति* । स्वमनतिरिक्तवृत्तित्वेनाभिमतम् ।

तथा च स्वसमानवृत्तिकं यद्धेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं तदनतिरिक्त-वृत्तित्वमर्थः । यावत्त्वस्य वह्नित्वव्यापकत्वेऽपि वह्नित्वसमानवृत्तिकत्वाभावादेव न तस्य तादृशावच्छेदकत्वमिति भावः ।

पूर्वपक्ष - ***वह्निमान्, धूमात्.***

અહીં તાર્ણાતાર્ણોભયાભાવ મળે. તદીયપ્રતિયોગિતાવચ્છેદક તાર્ણાતાર્ણોભયત્વ બને. અથવા તો પર્વતમાં યાવત્ વહ્નિ રહેતાં નથી એટલે યાવદભાવ મળે તદીયપ્રતિયોગિતાવચ્ચેદક યાવત્ત્વ બને. હવે પ્રતિયોગિતાવચ્છેદક યાવત્ત્વ કે ઉભયત્વથી શૂન્ય પટાદિમાં અવૃત્તિ એવું વહ્નિત્વ છે જ અર્થાત્ તાર્ણઅતાર્ણ ઉભયમાં ઉભયત્વ છે જ અથવા તાર્ણાતાર્ણ યાવત્માં યાવત્ત્વ છે. ત્યાં બધે જ અનતિરિક્તવૃત્તિ વહ્નિત્વ છે જ તો પ્રતિયોગિતાવચ્છેદક અનતિરિક્ત વૃત્તિત્વ રૂપ વહ્નિત્વ બની જતાં પ્રતિયોગિતાવચ્છેદક એજ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ બનતાં અવ્યાપ્તિ આવે છે.

ઉત્તરપક્ષ : એટલે હવે અમે કહીશું કે સ્વસમાનવૃત્તિક જે પ્રતિયોગિતાવચ્છેદક, તદ્ અનતિરિક્તવૃત્તિ જે બને તે અવચ્છેદક બને. ઉભયત્વ-યાવત્ત્વનું અનતિરિક્ત વૃત્તિત્વ રૂપ વહ્નિત્વ યદ્યપિ છે. પણ સ્વસમાનવૃત્તિક એવા પ્રતિયોગિતાવચ્છેદકનું અનતિરિક્ત વૃત્તિત્વ રૂપ નથી. કેમકે ઉભયત્વ પ્રતિયોગિતાવચ્છેદક સ્વસમાનવૃત્તિક

નથી. સ્વ એટલે પારિભાષિક અવચ્છેદકત્વ. વહ્નિત્વ એ પારિભાષિક અવચ્છેદક બને છે માટે વહ્નિત્વસમાનવૃત્તિક ઉભયત્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદક બનતું નથી કેમકે વહ્નિત્વનું વ્યાપક ઉભયત્વ; યાવત્ત્વ હોવા છતાંય તે વહ્નિત્વસમાનવૃત્તિક નથી.

दीधिति : तत्त्वं च स्वपर्याप्त्यधिकरणपर्याप्तिकत्वम् । यावत्त्वादिकन्तु न तथा ।

जागदीशी : ननु स्वसमानवृत्तिकत्वं स्वान्यूनानतिरिक्तवृत्तित्वम्, तथा च वह्निनिष्ठयावत्त्वादेरपि समवायादिना वह्नित्वादिसमानवृत्तित्वमेवात आह तत्त्वं चेति । स्वसमानवृत्तिकत्वं चेत्यर्थः । स्वपर्याप्तीति ।

સ્વસમાનવૃત્તિક એટલે સ્વપર્યાત્યધિકરણ વૃત્તિકત્વ. વહ્નિત્વનું પર્યાપ્ત્યધિકરણ વહ્નિ બને તેમાં ઉભયત્વની વૃત્તિ છે જ નહિ. ઉભયત્વની પર્યાપ્તિના અધિકરણ ઉભયમાં જ ઉભયત્વની વૃત્તિ મળે. (સમુદાયમાં જ દ્વિત્વ પર્યાપ્ત્યા રહે, 'ઉભયત્વં' એ નિયમાનુસાર) એટલે સ્વ=વહ્નિત્વ પર્યાપ્ત્યધિકરણવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ ન બનતાં તદનતિરિક્તવૃત્તિત્વ રૂપ વહ્નિત્વ ન બને.

ઉભયત્વ(સ્વ)પર્યાત્યધિકરણ-વૃત્તિ ઉભયત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક છે એની અનતિરિક્તવૃત્તિત્વ રૂપ ઉભયત્વ છે જ. તેજ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિપ્રસંગ રહેતો નથી.

પૂર્વપક્ષ : સ્વસમાનવૃત્તિકત્વં એટલે સ્વ-અન્યૂનાનતિરિક્તવૃત્તિત્વં એટલે યાવત્ વહ્નિનિષ્ઠ યાવત્ત્વ એ વહ્નિત્વનું અન્યૂનાનતિરિક્તવૃત્તિક જ છે. એટલે કે વહ્નિત્વ-સમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક યાવત્ત્વ છે જ. તો પછી યાવત્ત્વાનતિરિક્તવૃત્તિત્વરૂપ વહ્નિત્વ અવચ્છેદક કેમ ન બને ?

ઉત્તર : આનો ઉત્તર અમે પહેલા જ આપી દીધો છે કે સ્વસમાનવૃત્તિકત્વ એટલે સ્વપર્યાપ્તિઅધિકરણપર્યાપ્તિવૃત્તિકત્વ. વહ્નિત્વપર્યાપ્તિનું અધિકરણ વહ્નિ બને તેમાં ઉભયત્વની પર્યાપ્તિ એ વૃત્તિ જ નથી કેમકે ઉભયત્વ કે યાવત્ત્વની પર્યાપ્તિ ઉભય કે યાવત્માં જ રહે. એટલે સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક જ ઉભયત્વ ન બનવાથી તદનતિરિક્તવૃત્તિત્વ રૂપ વહ્નિત્વ(સ્વ)અવચ્છેદક ન બને.

जागदीशी : न च वह्नित्वपर्याप्त्यधिकरणे यावत्येव वह्नौ वह्निवृत्तियावत्त्वादेः

पर्याप्तत्वाद्वह्नित्वस्यावच्छेदकत्वं दुर्वारमिति वाच्यम् ।

पूर्वपक्ष : वह्नित्वनी पर्याप्तिनुं अधिकरण ते ते वह्नि. એમ બધાય વહ્નિ બને અથવા તાર્ણ અને અતાર્ણ ઉભય વહ્નિ બને. તે બધાયમાં તે યાવત્વની કે ઉભયત્વની પર્યાપ્તિ રહેલી જ છે. તેથી સ્વ=વહ્નિત્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ બની જાય છે. તદનતિરિક્તવૃત્તિત્વ રૂપ વહ્નિત્વ બનતાં તે પ્રતિયોગિતાવચ્છેદક બને એટલે અવ્યાપ્તિ દુર્વાર છે.

जागदीशी : स्वपर्याप्त्यवच्छेदकधर्मावच्छिन्नपर्याप्तिकत्वस्योक्तत्वात् । वह्नित्वपर्याप्त्यवच्छेदकीभूततत्तद्वह्नित्वावच्छेदेन यावत्त्वादेरपर्याप्तत्वात् ।

ઉત્તરપક્ષ : સ્વસમાનવૃત્તિકત્વ એટલે સ્વપર્યાપ્ત્યવચ્છેદકધર્માવચ્છિન્નપર્યાપ્તિકત્વ. હવે અવ્યાપ્તિ નથી.

વહ્નિત્વની પર્યાપ્તિનો અવચ્છેદક ધર્મ તદ્વહ્નિત્વ જ બને. તેનાથી અવચ્છિન્ન પર્યાપ્તિ વહ્નિત્વની જ બને. પણ ઉભયત્વની ન બને. કેમકે તદ્વહ્નિત્વાવચ્છેદેન ઉભયત્વની પર્યાપ્તિ વહ્નિત્વમાં રહે જ નહિ. ઉભયત્વાવચ્છેદેન જ ઉભયત્વની પર્યાપ્તિ ઉભયમાં રહી જાય. તેમ દરેક વહ્નિમાં તદ્વહ્નિત્વ જૂદું રહે છે, કારણ કે તે એક-એકમાં પર્યાપ્ત છે. જ્યારે કોઈ એક વહ્નિમાં યાવત્ત્વ કે ઉભયત્વ પર્યાપ્ત થઈ શકતું નથી. બે ઘટમાં સમવાયથી દ્વિત્વ રહે તો બંને દ્વિત્વ જૂદા જૂદા છે, પણ પર્યાપ્તિ સંબંધથી તો એ પોતાના તમામ અધિકરણમાં એક સાથે રહે. એથી પર્યાપ્તિસંબંધથી તો બે ઘટમાં દ્વિત્વ એકસાથે જ રહેશે. આમ વહ્નિત્વપર્યાપ્તિઅવચ્છેદક-તદ્વહ્નિત્વાવચ્છેદેન ઉભયત્વની (યાવત્ત્વની) પર્યાપ્તિ નથી. માટે વહ્નિત્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ બની શકતું નથી. ઉભયત્વની પર્યાપ્તિનો અવચ્છેદક ઉભયત્વધર્માવચ્છેદેન ઉભયત્વની પર્યાપ્તિ ઉભયમાં રહે એટલે સ્વ = ઉભયત્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ બને અને તદનતિરિક્ત વૃત્તિ ઉભયત્વ (સ્વ) બને તેથી તે પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ રહેતી નથી. (ઉભયત્વ સ્થળે ઉપલક્ષણથી યાવત્ત્વ પણ લઈ લેવું.)

जागदीशी : न चैवमनतिरिक्तवृत्तित्ववैयर्थ्यम् । वह्नित्वपर्याप्त्यवच्छेदक-धर्मावच्छिन्नपर्याप्तिकतत्तद्वह्न्यन्यतरत्वादिकमादाय वह्नित्वस्यापि पारिभाषिकाव-च्छेदकत्वापत्तेरिति भावः ।

यावत्त्वादिकमिति । **आदिना तार्णातार्णोभयत्वादिसङ्ग्रहः । *न तथेति* । न वह्नित्वपर्याप्त्यधिकरणपर्याप्तिवृत्तिकमित्यर्थः ।**

પૂર્વપક્ષ - જો આમ કહો છો તો તો સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ એજ અવચ્છેદક બને એટલું જ કહી દેવું જોઈએ. સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદકનું અનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વ શા માટે કહેવું જોઈએ ? ઉભયત્વસમાનવૃત્તિક ઉભયત્વ પ્રતિયોગિતાવચ્છેદક બને છે માટે ઉભયત્વ જ અવચ્છેદક બને. વહ્નિત્વસમાનવૃત્તિક ઉભયત્વ પ્રતિયોગિતાવચ્છેદક નથી બનતું માટે વહ્નિત્વ એ અવચ્છેદક ન બને. (વહ્નિત્વસમાનવૃત્તિક વહ્નિત્વ જ બને. પણ તે પ્રતિયોગિતાવચ્છેદક નથી. પ્રતિયોગિતાવચ્છેદક તો ઉભયત્વ જ છે એટલે આપત્તિ નથી.) આમ અનતિરિક્તવૃત્તિત્વ નિવેશ વ્યર્થ જવાની આપત્તિ આવે છે.

ઉત્તરપક્ષ : ના, 'અનતિરિક્તવૃત્તિત્વ' નિવેશ આવશ્યક જ છે. તે ન કહીએ તો વળી આપત્તિ આવે.

વહ્નિમાન્, ધૂમાત્ /

મહાનસીય, ચત્વરીય, તત્તદ્વહ્ન્યન્યતરાભાવ.

તાદૃશાભાવ પ્રતિયોગિતાવચ્છેદક તત્તદ્વહ્ન્યન્યતરત્વ.

સ્વ = વહ્નિત્વની પર્યાપ્તિનો અવચ્છેદક ધર્મ તદ્વહ્નિત્વ. તદવચ્છેદેન અન્યતરત્વની પર્યાપ્તિ રહેલી જ છે. (કેમકે અન્યતરત્વ તો પર્યાપ્તિ સંબંધથી એક એકમાં સ્વતંત્રરૂપેણ વહ્નિત્વની પર્યાપ્તિવત્ રહે છે.) આમ સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક અન્યતરત્વ બની ગયું માટે સ્વ=વહ્નિત્વ ધર્મ જ અવચ્છેદક બની જતાં તેજ સાધ્યતાવચ્છેદક બને. એટલે અવ્યાપ્તિ.

હવે સ્વસમાનવૃત્તિકપ્રતિયોગિતાવચ્છેદક-અનતિરિક્તવૃત્તિત્વ રૂપ જે બને તે અવચ્છેદક બને એમ કહ્યું છે એટલે તત્તદ્વહ્ન્યન્યતરત્વભાવવદ્માં (કોઈ ત્રીજા જ વહ્નિમાં) વહ્નિત્વની વૃત્તિ જ છે. એટલે તે અવચ્છેદક ન બને. માટે આપત્તિ ન આવે.

जागदीशी : ननु पर्याप्तिः समवायः, स च तार्णातार्णोभयत्वादावप्यक्षत एवेत्यत आह *पर्याप्तिश्चेति* ।

પૂર્વપક્ષ : પર્યાપ્તિ એટલે સમવાય નામનો પદાર્થ છે. એ તો તાર્ણાતાર્ણોભયત્વમાં છે જ કેમકે તાર્ણમાં અને અતાર્ણમાં બેયમાં ઉભયત્વ સમવાયસંબંધથી રહે જ છે. એટલે

ઉભયત્વની પર્યાપ્તિ (=સમવાય) પ્રત્યેકમાં છે જ. અને તેથી સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ બની જાય કેમકે વહ્નિત્વની પર્યાપ્તિનો અવચ્છેદકધર્મ તદ્વહ્નિત્વ, તદ્વહ્નિત્વાવચ્છેદેન સમવાયસંબંધેન = પર્યાપ્ત્યા ઉભયત્વ છે ત્યાં છે જ એટલે સ્વસમાનવૃત્તિકપ્રતિયોગિતાવચ્છેદક બનતાં તદનતિરિક્તવૃત્તિત્વરૂપ વહ્નિત્વ એ અવચ્છેદક બને, એટલે અવ્યાપ્તિ દુર્વાર છે.

दीधिति : पर्याप्तिश्च अयमेको घटः, इमौ द्वौ इति प्रतीतिसाक्षिकः स्वरूपसम्बन्धविशेष एव ।

जागदीशी : अयमेको घट इति एकमात्रवृत्तिधर्मावच्छेदेन घटत्वस्य पर्याप्तिं दर्शयितुम्, इमौ द्वौ इत्युभयमात्रवृत्तिधर्मावच्छेदेन द्वित्वस्य पर्याप्तिं दर्शयितुम्,

---

ઉત્તરપક્ષ : ના, પર્યાપ્તિ એ **अयमेको घटः, ईमौ द्वौ घटौ** એવી પ્રતીતિનો નિયામક **સ્વરૂપસંબંધ વિશેષ** છે પણ સમવાય નથી અર્થાત્ એકત્વાવચ્છેદેન અથવા તો ઈદન્ત્વાવચ્છેદેન ઘટત્વની પર્યાપ્તિ ઘટમાં છે. અયં=ઈદન્ત્વાવચ્છેદેન ઘટત્વની પર્યાપ્તિ ઘટમાં છે.

તેમ 'ઈમૌ દ્વૌ' સ્થળે ઉભયત્વાવચ્છેદેન દ્વિત્વની પર્યાપ્તિ રહેલી છે. અર્થાત્ 'ઈમૌ દ્વૌ ઘટૌ' સ્થળે બેય ઘટમાં દ્વિત્વ (અથવા ઉભયત્વ) રહે છે અને તે સ્વરૂપસંબંધવિશેષ એવા પર્યાપ્તિ સંબંધથી રહે છે.

દ્વિત્વ સમવાયસંબંધથી બે ય ઘટમાં પ્રત્યેકમાં જુદુ જુદુ રહે છે ને પર્યાપ્તિસંબંધથી બંને ઘટમાં એકસાથે પર્યાપ્ત થઈને રહે છે. હવે જો આ દ્વિત્વની પ્રતીતિ એકત્વાવચ્છેદેન, ઈદન્ત્વાવચ્છેદેન કે ઘટત્વાવચ્છેદેન થાય તો 'अयं द्वित्ववान्' એ જ જ્ઞાન થાય. જેમાં દ્વિત્વ સમવાયસંબંધથી રહે.

જો આ દ્વિત્વની પ્રતીતિ દ્વિત્વાવચ્છેદેન થાય તો 'ઈમૌ દ્વૌ' એવું જ્ઞાન થાય. જેમાં દ્વિત્વ પર્યાપ્તિસંબંધથી રહે.

તે જ રીતે વહ્નિત્વાવચ્છેદેન ઈદંત્વનો સમવાય મળે એટલે 'अयं वह्निः' થાય પણ 'ઈમૌ વહ્ની' ન થાય. કેમકે અહીં તો વહ્નિત્વની કે એકત્વની સ્વતંત્ર પર્યાપ્તિ રહેલી છે.

આનો નિચોડ એ નીકળ્યો કે ઈદન્ત્વાવચ્છેદેન (વહ્નિત્વાવચ્છેદેન, એકત્વાવચ્છેદેન) જે પર્યાપ્તિ રહી છે તેનાથી 'अयं एको वह्निः' એજ બુદ્ધિ થાય. પણ દ્વિત્વાવચ્છેદેન દ્વિત્વની પર્યાપ્તિ હોય તો જ 'ઈમૌ વહ્ની' એ બુદ્ધિ ઉત્પન્ન થાય.

ईमौ द्वौ – અહીં દ્વિત્વાવચ્છેદેન દ્વિત્વની પર્યાપ્તિ રહેલી છે.
अयं एको वह्निः અહીં ઈદન્ત્વાવચ્છેદન વહ્નિત્વની પર્યાપ્તિ છે
अयं द्वित्ववान् - અહીં ઈદન્ત્વાવચ્છેદેન દ્વિત્વનો સમવાય રહેલો છે.

जागदीशी : अन्यथा द्वौ द्वित्ववानिति प्रतीत्योरविशेषप्रसङ्गादिति भावः ।

જો પર્યાપ્તિ ને સમવાયરૂપ જ માનીએ તો તો દ્વૌ (દ્વિત્વાવચ્છેદેન) અને દ્વિત્વવાન્ (એકત્વાવચ્છેદેન) એ ભિન્ન પ્રતીતિમાં કોઈ ભેદ નહિ રહે. કેમકે બેય સ્થળે દ્વિત્વ તો વૃત્તિ છે જ. અહીં એક વાતનો ખ્યાલ રાખવો કે 'अयं वह्निः' માં પણ વહ્નિત્વની એકત્વાવચ્છેદેન પર્યાપ્તિ રહેલી છે. પણ તે સ્વાતંત્ર્યેણ રહેલી છે.

જ્યારે 'ईमौ द्वौ घटौ' સ્થળે પ્રત્યેક ઘટમાં પણ દ્વિત્વાવચ્છેદન દ્વિત્વની પર્યાપ્તિ તો છે. પણ તે સ્વાતંત્ર્યેણ નથી. અર્થાત્ પ્રત્યેકમાં રહીને દ્વિત્વની પર્યાપ્તિ સમુદાયમાં રહી જાય છે. જો સ્વાતંત્ર્યેણ જ તે દ્વિત્વ પર્યાપ્તિ રહેતી હોત તો તો બેમાંના એક ઘટમાં પણ 'द्वौ घटौ' એવું કહેવાત.

जागदीशी : न चायमेक इत्यादिप्रतीतेः समवायेनैवोपपत्तौ एकत्ववह्नित्वादेः पर्याप्तिसम्बन्धसत्त्वे मानाभावात्तादृरूप्येण साध्यतायां व्यभिचारिणि अतिव्याप्तिरिति वाच्यम् ।

પૂર્વપક્ષ - 'अयं एको वह्निः' એ પ્રતીતિ તો સમવાયેન તેમાં એકત્વ-વહ્નિત્વ માની લેવાથી જ ઉપપન્ન થઈ જાય છે. છતાંય તમે તો વહ્નિત્વની પણ સ્વાતંત્ર્યેણ પર્યાપ્તિ કહો છો એટલે તો હવે ***धूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ આવે. કેમકે ધૂમાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ એ સ્વસમાનવૃતિક પ્રતિયોગિતાવચ્છેદક જ નથી બનતું કેમકે ધૂમત્વની પર્યાપ્તિનો અવચ્છેદક ધર્મ, તદવચ્છેદેન પર્યાપ્તિ લેવાની છે. પણ અહીં ધૂમત્વની પર્યાપ્તિ જ પહેલાં નથી એટલે હવે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક ન બનતાં અતિવ્યાપ્તિ આવે. **(આ મત ધૂમત્વાદિની પર્યાપ્તિ માનતો જ નથી અને પછી દોષ આપે છે.)**

जागदीशी : इदन्त्वावच्छिन्न एव वह्नित्वमेकत्वं च पर्याप्तं न तु द्वित्वमित्याद्यनुभवादेव तदभ्युपगमादिति भावः । [न वह्नित्वपर्याप्त्यधिकरणपर्याप्तिवृत्तिकमिति। न वह्नित्वप्रतियोगिकपर्याप्त्यनुयोगितावच्छेदकधर्मावच्छिन्नपर्याप्तिप्रतियोगिरूप-

स्वसमानवृत्तिकमित्यर्थः । वह्नित्वस्य प्रत्येकवह्नौ पर्याप्तत्वाद्यावत्त्वादेश्चातथात्वादिति भावः ।]

ઉત્તરપક્ષ : નહિ, 'अयं वह्निः' સ્થળે ઇદન્ત્વાવચ્છેદેન વહ્નિત્વની જ પર્યાપ્તિ છે. પણ ઇદન્ત્વાવચ્છેદેન દ્વિત્વની પર્યાપ્તિ નથી. (તેમ થાત તો 'अयं द्वौ' વ્યવહાર થઈ જાત) માટે એવા અનુભવથી જ સિદ્ધ થાય છે કે ઇદન્ત્વાવચ્છેદેન વહ્નિત્વની પર્યાપ્તિ માનવી જ જોઈએ. (કૌંસગત પંક્તિઓ કેટલાક મુદ્રિત પુસ્તકમાં અધિક જોવા મળે છે.)

जागदीशी : व्यासज्यवृत्तित्वतदन्यत्वान्यतररूपेणैव स्वसमानवृत्तिकत्वोक्त्यापि वह्नित्वादिवारणसम्भवे स्वपर्याप्तीत्यादिपर्यन्तानुधावनस्य प्रयोजनमाह *त्रित्वादिकमिति* ।

વ્યાસજયવૃત્તિ કે અવ્યાસજયવૃત્તિ રૂપથી જે સમાનવૃત્તિક હોય તેવા પ્રતિયોગિતાવચ્છેદકનું અનતિરિક્તવૃત્તિત્વ રૂપ જે બને તે અવચ્છેદક બને એટલું જ કહેવાથી વહ્નિત્વની અવચ્છેદકત્વાપત્તિ દૂર થઈ જાય છે. ઉભયત્વ કે યાવત્ત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક છે. સ્વ=વહ્નિત્વ. હવે વહ્નિત્વની સમાનવૃત્તિક ઉભયત્વ બે માંથી કોઈ પણ રૂપેણ બનતું નથી. કેમકે વહ્નિત્વ એ અવ્યાસજયવૃત્તિ ધર્મ છે. ઉભયત્વ કે યાવત્ત્વ એ વ્યાસજયવૃત્તિ ધર્મ છે એટલે વહ્નિત્વનું સમાનવૃત્તિક ઉભયત્વ બની શકતું જ નથી. અને તેથી સ્વસમાનવૃત્તિકપ્રતિયોગિતાવચ્છેદકનું અનતિરિક્તવૃત્તિત્વરૂપ વહ્નિત્વ ન બનતાં વહ્નિત્વ અવચ્છેદક બની શકતું નથી. આમ ઉક્ત રીતે જ વહ્નિત્વની અવચ્છેદકત્વાપત્તિ દૂર થઈ જાય છે પછી શા માટે સ્વસમાનવૃત્તિકનો પરિષ્કાર કરતા જ ગયા.

दीधिति : त्रित्वादिकमपि न द्वित्वादिसमानवृत्तिकमिति द्वित्वादिना साध्यतायां नाव्याप्तिः ।

जागदीशी : तथा च धूमवन्निष्ठाभावप्रतियोगितावच्छेदकस्य वह्निधूमघटत्रितयत्वस्य व्यासज्यवृत्तितया स्वसमानवृत्तिकस्य तस्यैवानतिरिक्तवृत्तित्वं वह्निधूमोभयत्वस्यापीति तादृप्येण स्वसमानवृत्तिकत्वोक्तौ वह्निधूमोभयवान् धूमादित्यादावेव व्याप्तिलक्षणाऽव्याप्तिः स्यादिति भावः ।

ઉત્તરપક્ષ : હા, બીજે બધે તો તેમ કરવાથી આપત્તિ ન આવે. પણ વ્યાસજયવૃત્તિ

રૂપેણ દ્વિત્વસમાનવૃત્તિક ત્રિત્વ બની જાય એટલે તેવા સ્થળે આપત્તિ છે. જુઓ ***વહ્નિધૂમોભયવાન્, ધૂમાત્.***

વહ્નિધૂમઘટત્રયં નાસ્તિ-એ લક્ષણઘટકાભાવ.

પ્રતિયોગિતાવચ્છેદક તાદૃશત્રિત્વ.

સ્વ=દ્વિત્વ. વ્યાસજ્યવૃત્તિરૂપેણ એનું સમાનવૃત્તિક ત્રિત્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદક બની ગયું. હવે ત્રિત્વનું અનતિરિક્તવૃત્તિ દ્વિત્વ છે જ. એટલે તે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક થઈ જતાં અવ્યાપ્તિ આવે. હવે અમે સ્વસમાનવૃત્તિકત્વનો જે પરિષ્કાર કર્યો છે. તે મુજબ આપત્તિ અહીં નથી.

દ્વિત્વની પર્યાપ્તિનો અવચ્છેદક ધર્મ દ્વિત્વ. તદવચ્છેદેન ત્રિત્વની પર્યાપ્તિની વૃત્તિ છે જ નહિ એટલે દ્વિત્વસમાનવૃત્તિક ત્રિત્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદક નહિ બને. ત્રિત્વની પર્યાપ્તિના અવચ્છેદક ત્રિત્વધર્માવચ્છેદેન ત્રિત્વની પર્યપ્તિ રહે માટે ત્રિત્વસમાનવૃત્તિક ત્રિત્વરૂપ પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ બન્યો. તદનતિરિક્તવૃત્તિત્વ રૂપ ત્રિત્વ જ બને. એટલે પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મત્રિત્વ બને. તદ્‌ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ રહેતી નથી.

जागदीशी : यद्यपि तार्णातार्णोभयत्वावच्छिन्नाभावस्य प्रतियोगितावच्छेदकता-घटकसम्बन्धः पर्याप्तिरेव न तु समवायः, तार्णमात्रसत्त्वेऽपि तार्णातार्णोभयं नास्तीति प्रतीतेः । तथा च प्रतियोगितावच्छेदकताघटकपर्याप्तिसम्बन्धेन तादृशोभयत्वा-द्यभाववति प्रत्येकवह्नौ वृत्तिमत्त्वादेव वह्नित्वादेरवच्छेदकत्वासम्भवात् स्वसमानवृत्तिकेति व्यर्थम् ।

પૂર્વપક્ષ : પણ તમે 'સ્વસમાનવૃત્તિકત્વ'નો નિવેશ શા માટે કર્યો તે તમે જાણો છો? જુઓ ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે તાર્ણાતાર્ણોભયાભાવ લીધો અને તેથી તદીયપ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વનું અનતિરિક્તવૃત્તિત્વરૂપ વહ્નિત્વ બની જતાં તે અવચ્છેદક બન્યો. એ ન બનાવવા માટે 'સ્વસમાનવૃત્તિકત્વં'નો નિવેશ કર્યો છે.

પણ જુઓ, તાર્ણાતાર્ણોભયાભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ પર્યાપ્તિ સંબંધ છે. સમવાય નથી. કેમકે, તાર્ણ માત્રમાં ઉભયત્વ હોવા છતાં 'ઉભયં નાસ્તિ' પ્રતીતિ થાય છે. હવે પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદદક પર્યાપ્તિ સંબંધથી તાર્ણ કે અતાર્ણવહ્નિ ઉભયત્વાભાવવત્ બની ગયા. તેમાં વહ્નિત્વની તો વૃત્તિ જ છે એટલે

તે અવચ્છેદક બનવાનો જ નથી. પછી 'स्वसमानवृत्तिकत्व' નિવેશ નિરર્થક નથી ? (અહીં ઉભયત્વએ પર્યાપ્તિસંબંધથી સમુદાયમાં રહે, પ્રત્યેકમાં ન જ રહે એમ સમજીને કહ્યું છે.)

जागदीशी : तथापि प्रत्येकवह्नौ पर्याप्तिसम्बन्धेनापि न ताणार्ताणोभयत्वादेरभावः किन्तु घटादावेव । अन्यथा तत्सम्बन्धेन प्रत्येकावृत्तिधर्मस्य तत्सम्बन्धेन समुदायावृत्तित्वनियमात् उभयत्रैव प्रत्येकं द्वित्वाभावसत्त्वादिमौ न द्वौ इत्यपि प्रतीत्यापत्तेः ।

उत्तरपक्ष : તો પણ અમે તેનો પ્રવેશ કર્યો છે. એટલા માટે જ કે પ્રત્યેક તાર્ણ કે અતાર્ણવહ્નિમાં પણ પર્યાપ્તિસંબંધથી ઉભયત્વનો અભાવ રહી શકતો નથી. તે તો ઘટાદિમાં જ રહે. જો પ્રત્યેકમાં પર્યાપ્તિસંબંધથી ઉભયત્વનો અભાવ રહે તો સમુદાયમાં ઉભયત્વની અવૃત્તિ થઈ જાય એવો નિયમ છે માટે સમુદાયમાં ઉભયત્વની વૃત્તિ છે એટલે પ્રત્યેકમાં પણ તેની પર્યાપ્ત્યા વૃત્તિ છે જ. અવૃત્તિ તો ઘટાદિમાં જ છે ત્યાં વહ્નિત્વની અવૃત્તિ હોવાથી તે પ્રતિયોગિતા અવચ્છેદક બની જાય એટલે અવ્યાપ્તિ આવે. તે ન લાવવા માટે અમે 'स्वसमानवृत्तित्व'નો નિવેશ કર્યો છે.

જો ઉભયત્વનો પર્યાપ્તિસંબંધથી પ્રત્યેકમાં અભાવ કહો તો તો સમુદાયમાં પણ પર્યાપ્તિસંબંધથી ઉભયત્વનોય અભાવ રહે એટલે 'ઇમૌ દ્વૌ'ને બદલે 'ઇમૌ ન દ્વૌ' પ્રતીતિની આપત્તિ આવી જાય.

जागदीशी : न चैवमयं द्वौ इत्यपि प्रत्यक्षप्रतीतिः प्रमा स्यात्, एकव्यक्तावपि द्वित्वस्य पर्याप्तिसम्बन्धेन सत्त्वादिति वाच्यम् । मूलावच्छिन्नो वृक्षः कपिसंयोगीत्यादि प्रतीतेर्मूलावच्छेद्यसमवायेन कपिसंयोगाद्यवगाहित्ववदुक्तप्रतीतेरपि इदन्त्वावच्छेद्यपर्याप्तिसम्बन्धेनैव द्वित्वावगाहितया प्रमात्वाऽयोगात्, एकव्यक्तेरिदन्त्वावच्छेद्यपर्याप्तिसम्बन्धेन द्वित्वरहितत्वात् । अत एवाऽयं न द्वौ इत्यादिप्रतीतेः प्रमात्वमुपपद्यते, इदन्त्वावच्छेद्यपर्याप्तिसम्बन्धेन यो द्वित्वस्याभावः तद्वति तदवगाहित्वात् । न चेदन्त्वावच्छेद्यपर्याप्त्यप्रसिद्धिः । एकत्ववह्नित्वादौ तत्सौलभ्यात् एकत्वं वह्नित्वं चेदन्त्वावच्छिन्ने पर्याप्तम्, न तु द्वित्वादिकमित्यनुभवस्य सर्वसिद्धत्वात् ।

प्रश्न : જો પર્યાપ્તિસંબંધથી દ્વિત્વ એકમાં પણ છે તો 'अयं द्वौ' એવી પ્રતીતિ

પ્રમાત્મક બની જવાની આપત્તિ આવશે.

ઉત્તર : નહિ, મૂલાવચ્છેદેન વૃક્ષમાં કપિસંયોગાભાવ હોવા છતાં જો 'મૂલાવચ્છિન્નો વૃક્ષઃ કપિસંયોગી' પ્રતીતિ થાય તો તે જેમ ભ્રમાત્મક છે તેમ ઉક્તપ્રતીતિમાં પણ ઈદન્ત્વાવચ્છેદન દ્વિત્વાભાવ હોવા છતાં ઈદન્તાવચ્છેદેન દ્વિત્વની પ્રતીતિથી 'અયં દ્વૌ' પ્રતીતિ થાય તો તે પણ ભ્રમાત્મક કહેવાય. કેમકે એક વ્યક્તિમાં ઈદન્ત્વાવચ્છેદેન દ્વિત્વ રહેતું નથી. અને તેથી જ 'અયં ન દ્વૌ' એ જ પ્રતીતિ પ્રમાત્મક તરીકે ઉત્પન્ન થઈ જાય. કેમકે તદ્વતિ તત્પ્રકારક જ્ઞાન પ્રમા છે. અહીં પણ ઈદન્ત્વાવચ્છેદેન પર્યાપ્તિસંબંધથી દ્વિત્વાભાવવત્માં દ્વિત્વાભાવનું જ અવગાહન છે.

પ્રશ્ન : આ રીતે એક વ્યક્તિમાં ઈન્દન્ત્વાવચ્છેદેન દ્વિત્વ નહિ રહે તો તો પછી ઈદન્ત્વાવચ્છેદેન પર્યાપ્તિ સંબંધની જ અપ્રસિદ્ધિ થઈ જશે.

ઉત્તર : ના, ઈદન્ત્વાવચ્છેદેન દ્વિત્વ ન રહેવા છતાં પણ ત્યાં એકત્વ, વહ્નિત્વાદિ તો પર્યાપ્ત થઈને રહી જ શકે છે અને તેથી જ 'અયં વહ્નિઃ' કે 'અયં એકઃ' ઈત્યાદિ પ્રતીતિઓ થાય છે. પરંતુ 'અયં દ્વૌ' એવી પ્રતીતિ થતી નથી તે અનુભવસિદ્ધ જ છે.

जागदीशी : न चैकस्य द्वित्वपर्याप्त्यधिकरणत्वे घटद्वयशून्येऽपि गृहादौ अत्र घटौ इति प्रतीतिः प्रमा स्यादिति वाच्यम् । तद्गृहनिष्ठे घटे घटद्वयत्वावच्छेदेन तद्गृहवृत्तित्वविरहात् । घटद्वयत्वावच्छेदेन तद्गृहवृत्तित्वावगाहिन्याः प्रोक्तप्रतीतेर्भ्रमत्वात् । अत एव घटौ न तद्गृहनिष्ठौ इत्याकारकधीस्तत्र प्रमा, तद्गृहस्थितस्यापि घटस्य घटद्वयत्वावच्छेदेन तन्निष्ठत्वाभावसम्भवात् ।

પ્રશ્ન : વારુ, તમે એક વ્યક્તિને પણ દ્વિત્વની પર્યાપ્તિનું અધિકરણ કહો છો તો જે ઘરમાં એકજ ઘટ છે અર્થાત્ ઘટદ્વય શૂન્ય ઘરવાળા ઘટમાં અત્ર ઘટૌ એવી પ્રમા બુદ્ધિ થઈ જવાની આપત્તિ આવશે.

ઉત્તર : નહિ, ઘરમાં ઘટ વૃત્તિ છે. માટે ઘટમાં ગૃહનિરૂપિતવૃત્તિતા છે. અને ઘટમાં એક જ ઘટ હોઈ તે એકઘટત્વાવચ્છિન્ના છે. આમ ગૃહનિરૂપિતઘટનિષ્ઠા વૃત્તિતા ઘટદ્વયત્વાવચ્છિન્ના નથી અર્થાત્ ઘટદ્વયત્વાવચ્છિન્ના ગૃહનિરૂપિતઘટનિષ્ઠવૃત્તિત્વનો અભાવ આ ઘટમાં છે અને છતાં, જો ઘટદ્વયત્વાવચ્છિન્ના તાદૃશ વૃત્તિતા છે એવું જ્ઞાન થાય અને તેથી **અત્ર ઘટૌ** એવું કહે તો તે ભ્રમાત્મક પ્રતીતિ જ છે. (ઘટદ્વયત્વાવચ્છેદેન વૃત્તિત્વાભાવવત્ ઘટમાં વૃત્તિતાનું જ્ઞાન તે ભ્રમ છે)

અમે તો કહીશું કે તે ઘટમાં ઘટદ્વયત્વાવચ્છેદેન ગૃહવૃત્તિતા નથી માટે **'अत्र न घटौ'** એવી જ બુદ્ધિ ત્યાં પ્રમાત્મક થાય.

जागदीशी : घटपटयोर्न घटत्वमित्यादिप्रतीतेः प्रमात्वानुरोधेन व्यासज्य-वृत्तिधर्मावच्छिन्नाधिकरणताकस्य प्रतियोगिमत्यपि तदभावस्य सर्वसम्मतत्वात् ।

પ્રશ્ન : જે ઘટમાં ગૃહવૃત્તિતાનું જ્ઞાન છે તેમાં જ વૃત્તિત્વાભાવનું જ્ઞાન શી રીતે સંભવે ? કેમકે અભાવના જ્ઞાનમાં પ્રતિયોગીનું જ્ઞાન એ પ્રતિબંધક છે.

ઉત્તર : 'ઘટપટયોઃ ન ઘટત્વં' સ્થળે તેમજ કરો છો કે બીજું કાંઈ ? ઘટપટોભયમાં ઘટત્વ નથી. આ પ્રમાત્મક પ્રતીતિ છે. દ્વિત્વાવચ્છિન્ન ઘટપટોભયનિષ્ઠ અધિકરણતા નિરૂપક જે ઘટત્વાભાવ એનો પ્રતિયોગી ઘટત્વવત્ ઘટ છે એવું જ્ઞાન હોવા છતાં ઘટપટોભયમાં ઘટત્વાભાવનું જ્ઞાન થાય જ છે. આમ અહીં જેમ પ્રતિયોગીનું જ્ઞાન હોવા છતાં ઉભયત્વાવચ્છેદેન પ્રતિયોગ્યભાવનું જ્ઞાન થાય છે તેમ ગૃહવૃત્તિતાનું ઘટમાં જ્ઞાન છતાં ઘટદ્વયત્વાવચ્છેદેન વૃત્તિત્વાભાવનું જ્ઞાન થાય એમાં કોઈ નવાઈ નથી.

जागदीशी : न च घटत्वादौ घटपटोभयवृत्तित्वाभाव एवोक्तप्रतीतिविषयः । सामान्यघटयोर्न समवायेन घटत्वमित्यादौ सामान्यघटोभयसमवेतत्वाप्रसिद्ध्या तदभावस्य भानासम्भवादिति संप्रदायविदः।

પ્રશ્ન : ઘટપટોભયનિરૂપિત વૃત્તિતાનો ઘટત્વમાં અભાવ છે એજ **'घटपटयोः न घटत्वं'** એવી પ્રતીતિનો વિષય છે એમ અમે કહીશું. આમ હવે અહીં ઘટપટમાં ઘટત્વની વૃત્તિતા છે ત્યાં જ વૃત્તિત્વાભાવનું જ્ઞાન થવાનું નથી અને તેથી પૂર્વસ્થળે પણ તમે ઘટદ્વયત્વાવચ્છેદેન વૃત્તિત્વાભાવનું જ્ઞાન ઘટમાં પ્રમાત્મક કહી શકતા નથી.

ઉત્તર : નહિ, જો તેમ કહો તો તો જાતિ-ઘટ ઉભયમાં સમવાયેન ઘટત્વ નથી એ પ્રતીતિનો વિષય તમે તો કહેશો કે જાતિ-ઘટત્વનિરૂપિતસમવાયેન વૃત્તિત્વાભાવનું ઘટત્વમાં અવગાહન થાય છે. આતો બરોબર નથી જ. કેમકે ઘટત્વમાં સમવાયેન વૃત્તિતા જ અપ્રસિદ્ધ છે. માટે અમે કહ્યું તે બધું યથાર્થ છે.

આ પ્રમાણે સમ્પ્રદાયમતવાળાએ યદ્યપિ કરીને 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશની વ્યર્થતા મૂકીને પછી તથાપિ કરીને 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશની સાર્થકતા બતાવી. ત્યારબાદ એમાં પ્રસ્તુત ચર્ચા નીકળી પડી.

जागदीशी : परे तु तदनतिरिक्तवृत्तित्वमत्र न तदभाववदवृत्तित्वम्, तथासति

हेतुमन्निष्ठा-भावप्रतियोगितावच्छेदकं यद्वह्निधूमोभयत्वं प्रत्येकं तदभाववान् वह्निर्धूमश्चेति तदुभय-वृत्तित्वस्यैव वह्निधूमोभयत्वे सत्त्वात्तादृरूप्येण साध्यतायां वह्न्यादिहेतावतिव्याप्त्यापत्तेः ।

परे तु = હવે બીજા કેટલાક 'स्वसमानवृत्तिकत्व' પદ કેમ સાર્થક છે ? તે બતાવે છે.

પ્રતિયોગિતાવચ્છેદક-અનતિરિક્તવૃત્તિત્વરૂપ અહીં અવચ્છેદકત્વ જો કહીએ તો *वह्निधूमोभयवान्, वह्नेः* સ્થળે અતિવ્યાપ્તિ આવે.

વહ્નિધૂમોભયાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક = વહ્નિધૂમોભયત્વ. એનાથી અનતિરિક્તવૃત્તિ એટલે એનાથી શૂન્યમાં અવૃત્તિ જે બને તે અવચ્છેદક બને. વહ્નિધૂમોભયત્વાભાવવત્ એકલો વહ્નિ કે એકલો ધૂમ બને. (પર્યાપ્ત્યા દ્વિત્વ ઉભયમાં જ રહે એ નિયમાત્) તે બંનેમાં તો વહ્નિધૂમોભયત્વ વૃત્તિ જ છે. અવૃત્તિ નથી એટલે પ્રતિયોગિતાવચ્છેદક ન બને, પણ પ્રતિયોગિતાનવચ્છેદક બને. એટલે પ્રતિયોગિતા-નવચ્છેદક સાધ્યતાવચ્છેદ બનતાં અતિવ્યાપ્તિ આવે.

जागदीशी : किन्तु तादृशप्रतियोगितावच्छेदकवती यावती व्यक्तिस्तद्भेदकूट-वदवृत्तित्वमेव तथात्वं वाच्यम्, तथा च वह्निमान् धूमादित्यत्राऽव्याप्तिरेव, तादृशावच्छेदकीभूतं यत्तार्णातार्णोभयत्वादिकं तद्वतो निखिलवह्नेः प्रत्येकभेदकूटवति वह्नित्वस्यावृत्तेरतः स्वसमानवृत्तिकत्वं देयमेवेति वदन्ति ।

આ આપત્તિ દૂર કરવા એમ કહેવું જોઈએ કે પ્રતિયોગિતાવચ્છેદકવત્ જેટલી વ્યક્તિઓ, તેના ભેદકૂટવદ્માં અવૃત્તિ જે બને તે અવચ્છેદક બને. હવે વહ્નિધૂમોભયત્વવત્ વહ્નિ ધૂમ ઉભય તો છે જ. તે બેયના ભેદનો કૂટ વહ્નિ કે ધૂમ કે વહ્નિથી ઈતરમાં જ મળે ત્યાં વહ્નિધૂમોભયત્વ અવૃત્તિ હોવાથી તેજ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બને એટલે અતિવ્યાપ્તિ દૂર થાય.

હવે આમ કરતાં પણ **वह्निमान्, धूमात्** સ્થળે અવ્યાપ્તિ આવી જાય છે. તાર્ણાતાર્ણોભયાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક તાર્ણાતાર્ણોભયત્વ બને. તે પ્રતિયોગિતા-વચ્છેદકવત્ બધાય વહ્નિ બને. તે બધાનો ભેદકૂટ ઘટાદિમાં રહે (ભેદ કૂટ હોવાથી ૧૦ પ્રકારના તાર્ણવહ્નિનો ભેદ અતાર્ણવહ્નિમાં મળે અને અતાર્ણવહ્નિનો ભેદ તાર્ણવહ્નિમાં, પણ બધા જ ભેદનો સમૂહ કોઈ પણ વહ્નિમાં નથી મળતો, તે તો ઘટાદિમાં જ મળે.)

ત્યાં વહ્નિત્વ અવૃત્તિ જ છે. માટે તે પ્રતિયોગિતા અવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ આવે.

આ આપત્તિ દૂર કરવા 'સ્વસમાનવૃત્તિકત્વ' પદનો નિવેશ કર્યો છે.

जागदीशी : तत्तुच्छम् । हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्धूमत्वं तदभाववति पर्याप्तिसम्बन्धेन वह्निधूमोभयत्वस्यावृत्तित्वादेव तादृरूप्येण साध्यतायां वह्निहेतावतिव्याप्त्यभावाद् भेदकूटनिवेशस्य व्यर्थतापातादिति ।

આની સામે જગદીશ કહે છે કે આ તો બરોબર નથી. ***वह्निधूमोभयवान्, वह्नेः*** સ્થળે અતિવ્યાપ્તિ આવી એટલે ભેદકૂટ લીધો. પછી ***वह्निधूमोभयवान्, धूमात्*** સ્થળે અવ્યાપ્તિ આવી એટલે 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશ આવશ્યક કહ્યો. અમે કહીશું કે ***वह्निधूमोभयवान्, वह्नेः*** સ્થળે અતિવ્યાપ્તિ જ નથી પછી આગળ ભેદકૂટાદિ લઈને 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશની સાર્થકતા કેમ અપાય ? જુઓ પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિધૂમોભયત્વ, તેમાં પર્યાપ્ત્યા અભાવવાળો એકલો વહ્નિ કે ધૂમ બને નહિ કેમકે પર્યાપ્તિસંબંધથી પ્રત્યેકમાં ઉભયત્વ રહીને જ ઉભયમાં રહે. એટલે તમે જે વહ્નિધૂમોભયત્વાભાવવાળો એકલો વહ્નિ બનાવી, તેમાં વહ્નિધૂમોભયત્વની વૃત્તિ જ સિદ્ધ કરી એટલે તે અવચ્છેદક ન બન્યો પણ એ ઠીક નથી. વહ્નિધૂમોભયત્વ એકલા વહ્નિ કે એકલા ધૂમમાં રહે જ છે. વહ્નિધૂમોભયત્વનો અભાવ પટાદિમાં જ મળે ત્યાં વહ્નિધૂમોભયત્વની અવૃત્તિ છે જ, તેથી તે અવચ્છેદક બની જાય, એ જ સાધ્યતાવચ્છેદક છે એટલે અતિવ્યાપ્તિ દોષ જ નથી. પછી ભેદકૂટનો નિવેશ વ્યર્થ જ છે અને તેથી તે રીતે સ્વસમાનવૃત્તિકત્વનિવેશને સાર્થક કરી શકાતો નથી.

जागदीशी : केचित्तु तार्णातार्णोभयं नास्तीति प्रतीतौ प्रतियोगितावच्छेदकता-निर्वाहकः समवाय एव सम्बन्धो भासते न तु पर्याप्तिः । दण्डिपुरुषत्वाश्रयस्य सत्वेऽपि तदवच्छिन्नाभाववत्तादृशोभयत्वाश्रयस्य तार्णमात्रस्य सत्वेऽपि तादृशोभयत्वावच्छिन्नाभावो न विरुद्धः, तदवच्छिन्नाधिकरणतया सार्धमेव तस्य विरोधात् । एवं च यथाश्रुतमेव सम्यगित्याहुः

केचित्तु : ***वह्निमान्, धूमात्*** સ્થળે તાર્ણાતાર્ણોભયાભાવીય પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ સમવાય જ છે. અર્થાત્ પર્યાપ્તિ સંબંધ નથી કેમકે પર્યાપ્તિસંબંધથી પ્રત્યેકમાં ઉભયત્વ રહી શકે નહિ. સમવાયસંબંધથી પ્રત્યેકમાં ઉભયત્વ રહી જાય છે.

પ્રશ્ન : હવે પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વનો આશ્રય સમવાયેન જો તાર્ણ વહ્નિ છે તો તેને તાર્ણાતાર્ણોભયાભાવ કેમ લેવાય ?

ઉત્તર : સમવાયેન ઉભયત્વાશ્રય તાર્ણવહ્નિ હોવા છતાં ઉભયત્વાવચ્છિન્ન ઉભયાભાવ પર્વતમાં લઈ શકાય કેમકે ઉભયત્વાશ્રય તાર્ણવહ્નિ પ્રત્યે ઉભયત્વાવચ્છિન્નાભાવ એ વિરોધી નથી. હા, જો ઉભયત્વની અધિકરણતા જો પર્વતમાં હોય તો ઉભયત્વાવચ્છિન્નાભાવ ન લઈ શકાય. કેમકે તે ઉભયત્વાવચ્છિન્નાભાવ ઉભયત્વની અધિકરણતાનો વિરોધી છે. અર્થાત્ તાર્ણાતાર્ણઉભયની અધિકરણતા પર્વતમાં હોય તો તાર્ણાતાર્ણોભય અભાવ લઈ શકાય નહિ. પણ ઉભયત્વાશ્રય તાર્ણ વહ્નિ પર્વતમાં હોવા છતાં પણ ઉભયત્વાવચ્છિન્ન ઉભયાભાવ પર્વતમાં મળી શકે છે. જેમ દંડિપુરુષત્વાશ્રય (એક) દંડિપુરૂષ હોવા છતાં દંડિપુરૂષત્વાવચ્છિન્ન દંડિપુરૂષાભાવ ત્યાં મળી જ શકે છે તેમ પ્રસ્તુતમાં સમજવું. આમ થતાં હવે ઉભયત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને, અને ઉભયત્વાભાવવદ્ પ્રત્યેક વહ્નિ તો હવે નહિ બને કેમકે સમવાયેન ઉભયત્વ તેમાં છે જ. એટલે ઉભયત્વાભાવવદ્ પટાદિ બને તેમાં વહ્નિત્વની અવૃત્તિ છે જ. માટે તે અવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ આવે. આ દોષ દૂર કરવા 'સ્વસમાનવૃત્તિકત્વ'નો નિવેશ કર્યો છે.

जागदीशी : तच्चिन्त्यम् । समवायेन तद्वतोऽधिकरणे तदवच्छिन्नाऽनधिकरणत्वस्याऽसम्भवात् ।

તેના ઉત્તરમાં કેટલાક કહે છે કે **तच्चिन्त्यम्** । સમવાયસંબંધથી ઉભયત્વવત્ તાર્ણવહ્નિ બની ગયો તો હવે ઉભયત્વાવચ્છિન્નનું પર્વત અનધિકરણ બને જ શી રીતે? અર્થાત જો એક પણ પ્રતિયોગીનો આશ્રય પર્વત છે જ તો બેયનું અનધિકરણ કેમ બને? એટલે કે પર્વતમાં ઉભયાભાવ શી રીતે મળે ? અન્યાભાવ જ મળે જે ઘટાભાવ. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ. અનવચ્છેદક વહ્નિત્વ બનતાં દોષ જ ન લાગે. એટલે 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશ વ્યર્થ જવાની આપત્તિ ઊભી રહે છે.

વાસ્તવમાં આ ઉત્તર પણ સંતોષકારક નથી. કારણ એક પ્રતિયોગીનો આશ્રય પર્વત હોવા છતાં તેમાં ઉભયાભાવ મળી જ શકે છે.

એટલે હવે જગદીશ સ્વયં 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશનું સાર્થકત્વ બતાવે છે.

जागदीशी : वस्तुतस्तु समवायेन प्रमेयसाध्यके भावत्वादिहेतावतिव्याप्तिवारणार्थमवश्यं प्रतियोगितावच्छेदकानतिरिक्तवृत्तित्वमित्यस्य

हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यदन्यूनवृत्ति तत्त्वमर्थो वाच्यः ।

वस्तुतस्तु : ***समवायेन प्रमेयवान्, भावत्वात्*** स्थळे अतिव्याप्ति दूर करवा प्रतियोगिता-वच्छेदकानतिरिक्तवृत्तित्व रूप अवच्छेदक एटले प्रतियोगितावच्छेदक अन्यूनवृत्तित्व रूप अवच्छेदक (पारिभाषिक अवच्छेदक) लेवुं जोईए. तेम थतां ज प्रमेयत्वनुं व्यापक प्रतियोगितावच्छेदक प्रमेयत्व छे माटे ते प्रमेयत्व ए प्रतियोगितावच्छेदक बने. तेज साध्यतावच्छेदक बनतां अतिव्याप्ति न आवे.

जागदीशी : तत्राऽन्यूनवृत्तित्वं न प्रतियोगितावच्छेदकताघटकसम्बन्धेन वाच्यम् । वह्निधूमोभयवान् वह्नेरित्यादावतिव्याप्तेः, हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्वह्निधूमोभयत्वं तस्य तादृशपर्याप्त्यधिकरणं यद्वह्निधूमोभयं तत्प्रत्येकनिष्ठस्य पर्याप्तिसम्बन्धावच्छिन्नाभावस्य प्रतियोगित्वेन वह्निधूमोभयत्वादिकं प्रति न्यूनवृत्तित्वात्,

---

हवे अहीं अन्यूनवृत्तित्व = व्यापकत्व ए प्रतियोगितावच्छेदकतावच्छेदक संबंधथी कही शकाय नहि तेम जो कहीए तो ***वह्निधूमोभयवान्, वह्नेः*** स्थळे अतिव्याप्ति आवे.

वह्निधूमोभयाभावीय प्रतियोगितावच्छेदक वह्निधूमोभयत्व. एनुं पर्याप्ति संबंधथी (प्रतियोगितावच्छेदकतावच्छेदक संबंधथी) वह्निधूमोभय अधिकरण बने. एमां पर्याप्तिसंबंधथी प्रत्येकमां वह्निधूमोभयत्वाभाव तो मळे ज एटले वह्निधूमोभयत्व ए प्रतियोगितावच्छेदक बनतां व्यापक न बने. अन्याभाव लेतां अतिव्याप्ति आवे.

जो त्यां वह्निधूमोभयत्व व्यापक बनते तो तो वह्निधूमोभयत्व धर्मनुं व्यापक बनते एटले ते वह्निधूमोभयत्व प्रतियोगितावच्छेदक साध्यतावच्छेदक बनतां अतिव्याप्ति न आवते. पण हवे प्रतियोगितावच्छेदकतावच्छेदक संबंधने व्यापकतावच्छेदक संबंध लीधो एटले स्वाधिकरणवृत्यभावीयप्रतियोगितानवच्छेदकत्वं व्यापकत्वं (स्व=व्याप्य=वह्निधूमोभयत्व) लक्षणानुसार वह्निधूमोभयत्व व्यापक न बन्युं.

जागदीशी : किन्तु स्वावच्छिन्नप्रतियोगित्व-सम्बन्धेनैव तथात्वं वाच्यम्,

---

हवे आ आपत्ति दूर करवा कहे छे के व्यापकता स्वावच्छिन्नप्रतियोगित्व संबंधथी

લેવી. હવે વહ્નિધૂમોભયત્વાધિકરણ વહ્નિધૂમોભય બને. પ્રતિયોગિતા પ્રત્યેકમાં રહે એટલે પર્યાપ્ત્યા વહ્નિધૂમોભયત્વનો અભાવ પ્રત્યેકમાં મળતો હતો. પણ હવે સ્વ=વહ્નિધૂમોભયત્વ અવચ્છિન્ન પ્રતિયોગીત્વ સંબંધથી બેય પ્રતિયોગીમાં વહ્નિધૂમોભયત્વ રહી જાય. બંને પ્રતિયોગી હોવાથી બંનેમાં સ્વાવચ્છિન્ન પ્રતિયોગિતા ધર્મ છે, અને સ્વ=વહ્નિ-ધૂમોભયત્વને બંનેમાં રાખી શકે છે. જેમ ઘટપટોભયાભાવના પ્રતિયોગી બંને બને અને બંનેમાં તાદશાભાવની પ્રતયિોગિતા રહે છે, કારણ કે બંનેમાં તેવી પ્રતીતિ થાય છે. એટલે બીજાના અભાવો મળે અપ્રતિયોગી વહ્નિધૂમોભયત્વ બને તેથી તે વ્યાપક બની જાય એટલે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

जागदीशी : तथा च वह्निनिष्ठयावत्त्वताणार्तार्णोभयत्वादेरपि स्वावच्छिन्नप्रतियोगित्वसम्बन्धेन वह्नित्वादिकं प्रत्यन्यूनवृत्तित्वाद् वह्निमान् धूमादित्यादौ वह्नित्वादेरवच्छेदकत्ववारणाय स्वसमानवृत्तिकत्वेनावच्छेदकं विशेषणीयमिति युक्तमुत्पश्यामः ।

હવે આમ કરવા જતાંય ***वह्निमान्, धूमात्*** સ્થળે તાર્ણાતાર્ણોભયાભાવ લેતાં અવ્યાપ્તિ આવી જાય છે. પ્રતિયોગિતાવચ્છેદક તાર્ણાતાર્ણોભયત્વ. આ સ્વાવચ્છિન્ન પ્રતિયોગીત્વસંબંધથી તાર્ણ અતાર્ણ ઉભયવહ્નિમાં રહી જાય અને તેથી તાર્ણાતાર્ણોભયત્વ એ વહ્નિત્વનું વ્યાપક બની જાય. આથી સ્વ=વહ્નિત્વ (વ્યાપ્ય) અધિકરણ વહ્નિ છે, તેમાં તાર્ણાતાર્ણોભયત્વ તાદશપ્રતિયોગિતા સંબંધથી રહે છે કારણ કે બંને વહ્નિમાં તાદશાભયાભાવની પ્રતિયોગિતા રહેલી જ છે. તન્નિષ્ઠાભાવાપ્રતિયોગી તાર્ણોતાર્ણોભય બનતાં વહ્નિત્વનું વ્યાપક તાર્ણાતાર્ણોભયત્વ બને. યદ્ધર્મનું વ્યાપક બને તે ધર્મ અવચ્છેદક બને એટલે વહ્નિત્વ ધર્મ જ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ આવી જાય.

આ અવ્યાપ્તિ દૂર કરવા 'સ્વસમાનવૃત્તિકત્વ' નિવેશ આવશ્યક બન્યો. (સમાનવૃત્તિકત્વના લક્ષણ પ્રમાણે તદ્વહ્નિત્વ પર્યાપ્ત્યવચ્છેદક નિરૂપિત અનુયોગિતા તદ્વહ્નિ બને. તે એક એકમાં પર્યાપ્તિસંબંધથી ઉભયત્વ નથી, ત્યાં માત્ર વહ્નિત્વ છે.) હવે સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ બને જ નહિ એટલે તદનતિરિક્તવૃત્તિત્વ રૂપ વહ્નિત્વ ન બનતાં તે પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બને એટલે અવ્યાપ્તિ રહેતી નથી.

दीधिति : घटकं चावच्छेदकत्वं स्वरूपसम्बन्धविशेषः ।

जागदीशी : ननु प्रतियोगितावच्छेदकानतिरिक्तवृत्तित्वमित्यत्र घटकं प्रतियोगितावच्छेदकत्वं यदि प्रतियोगितानतिरिक्तवृत्तित्वरूपं तदा ताणार्तार्णोभयत्वावच्छिन्नाभावमादाय वह्निमान् धूमादित्यादौ वह्नित्वमपि पारिभाषिकावच्छेदकं स्यादत आह *घटकमिति* ।

પૂર્વપક્ષ : સ્વસમાનવૃત્તિક પ્રતિયોગિતાવચ્છેદકાનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વ કહો છો. તો આ લક્ષણમાં જે અવચ્છેદકત્વ છે તે કિંરૂપ છે ? જો પ્રતિયોગિતાનતિરિક્તવૃત્તિત્વ રૂપ હોય તો આવો અર્થ થાય (સ્વસમાનવૃત્તિક) પ્રતિયોગિતાનતિરિક્તવૃત્તિ-અનતિરિક્તવૃત્તિત્વં અવચ્છેદકત્વં ।

હવે ફરી *વહ્નિમાન્, ધૂમાત્* સ્થળે તાર્ણાતાર્ણોભયાભાવ લેતાં અવ્યાપ્તિ આવશે. પ્રતિયોગિતાનતિરિક્તવૃત્તિત્વરૂપ વહ્નિત્વ બને. (પહેલાં તો પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વને બનાવી દેતા હતાં પણ હવે સ્વસમાનવૃત્તિક ઉભયાભાવીય પ્રતિયોગીતાનું અનતિરિક્તવૃત્તિત્વ લેવાનું હોઈ તે વહ્નિત્વ જ બનશે.) અને એનું ફરી અનતિરિક્તવૃત્તિત્વરૂપ પણ વહ્નિત્વ જ બને. તેથી તે અવચ્છેદક બને. આમ પારિભાષિક પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં અવ્યાપ્તિ આવે.

ઉત્તર પક્ષ : લક્ષણમાં ઘટક જે અવચ્છેદકત્વને સ્વરૂપસંબંધ રૂપ સમજવું. એટલે હવે પ્રતિયોગિતાવચ્છેદક સ્વરૂપસંબંધરૂપ લેતાં ઉભયત્વ બને. તેની અનતિરિક્ત-વૃત્તિત્વરૂપ ઉભયત્વ જ બને. પ્રતિયોગિતાવચ્છેદક ઉભયત્વ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ બનતાં લક્ષણની અવ્યાપ્તિ ન રહી.

दीधिति : एवं च यद्धर्मावच्छिन्नेत्यत्र यद्धर्मान्यूनवृत्तिधर्मावच्छिन्नेति वक्तव्यम् । तेनोक्ताऽव्याप्तिनिरासः ।

जागदीशी : प्रतियोगितार्धर्मिकोभयाभावघटितलक्षणे गुरुरूपेण साध्यतायामव्याप्तिमपाकर्त्तुमाह *एवं चेति* । स्वसमानवृत्तिकत्वविवक्षणे चेत्यर्थः । अन्यथा वह्नित्वान्यूनवृत्तिताणार्ताणोभयत्वावच्छिन्नत्वस्य तादृशप्रतियोगितायां सत्त्वादसम्भव एव स्यादिति भावः ।

હવે પૂર્વે આપણે જોઈ ગયા છીએ. પ્રતિયોગિતાનતિરિક્તવૃત્તિત્વરૂપ અવચ્છેદક લેવામાં ***प्रमेयवह्निमान्, धूमात्*** સ્થળે અવ્યાપ્તિ ઉભી હતી. આ અવ્યાપ્તિ દોષ દ્વિ.પૂર્વપક્ષે પ્રથમ પૂર્વપક્ષને આપી દીધો હતો. તે પછી દ્વિ.પૂર્વપક્ષનું ખંડન કરતાં પ્રતિયોગિતાવચ્છેદકાનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વ સિદ્ધાન્તીએ કહ્યું હતું. પણ હજુ સુધી ***प्रमेयवह्निमान्, धूमात्*** સ્થલીય અવ્યાપ્તિ દૂર કરી ન હતી તે હવે કરે છે.

સિદ્ધાન્તી કહે છે કે પ્રતિયોગિતામાં યત્સમ્બન્ધાવચ્છિન્ન યદ્ધર્માવચ્છિન્ન ઉભયાભાવ લેવાનો છે ત્યાં યદ્ધર્માવચ્છિન્નત્વ એટલે યદ્ધર્મવ્યાપકધર્માવચ્છિન્નત્વ લેવું. હવે પ્રમેયવહ્નિત્વ એ વહ્નિત્વનું વ્યાપક છે. માટે વહ્નિત્વાવચ્છિન્નત્વાભાવ પ્રતિયોગિતામાં મળી જતાં ઉભયાભાવ પ્રાપ્ત થયો એટલે અવ્યાપ્તિ દોષ ન રહ્યો.

જો અહીં 'સ્વસમાનવૃત્તિકત્વ' ન કહે તો તો ***वह्निमान्, धूमात्*** માં અસંભવ દોષ જ આવી જાય.

અહીં લક્ષણઘટક તાર્ણાતાર્ણોભયાભાવની પ્રતિયોગિતામાં વહ્નિત્વવ્યાપકતાર્ણા-તાર્ણોભયત્વાવચ્છિન્નત્વ અને સંયોગસંબંધ અવચ્છિન્નત્વ ઉભય મળી જતાં, ઉભયાભાવ ન મળતા અસંભવ દોષ જ આવી જાય. સ્વસમાનવૃત્તિકત્વ કહેવાથી તાર્ણાતાર્ણોભયત્વ એ વહ્નિત્વને વ્યાપક હોવા છતાં પણ વહ્નિત્વને સમાનવૃત્તિક ન હોથી દોષ રહેતો નથી.

जागदीशी : ननु धूमत्वमेकस्मिन्नेव धूमे पर्याप्तमित्यादि प्रतीतेः प्रत्येकवृत्ति-धर्मावच्छिन्नाधिकरणताकत्वावगाहितयैवोपपत्तौ धूमत्वादेः पर्याप्तिसम्बन्धे मानाभाव इति धूमवान् वह्नेरित्यादावतिव्याप्तिः, स्वपदेन धूमत्वस्य ग्रहीतुमशक्यत्वात्, एवं सत्तात्वस्य विशिष्टसत्तात्वानतिरिक्तवृत्तितया सत्तादिसाध्यकजातिमत्त्वादिहेता-वव्याप्तिश्चेत्यत आह *वस्तुतस्त्विति* ।

પૂર્વપક્ષ : તમે પૂર્વે કહી ગયા છો કે વહ્નિત્વ, ધૂમત્વ એ બધાયની પર્યાપ્તિ સ્વાતંત્ર્યેણ વહ્નિત્વાવચ્છેદેન કે ધૂમત્વાવચ્છેદેન, વહ્નિ કે ધૂમાદિમાં રહે છે. અર્થાત્ સકળ ધૂમમાં ધૂમત્વની પર્યાપ્તિ, સકળ વહ્નિમાં વહ્નિત્વની પર્યાપ્તિ તમે કહી છે. અમે કહીશું કે ધૂમત્વ એ એકજ તદ્ધૂમમાં પર્યાપ્ત છે. એવી પ્રતીતિ થવાથી પ્રત્યેકવૃત્તિ તદ્ધૂમત્વાવચ્છિન્નાધિકરણતાકત્વનું જ અવગાહન તદ્ધૂમત્વમાં થઈ જાય છે. તો આવી રીતે ઉપપત્તિ થઈ જવાથી ધૂમત્વાદિની સકળ ધૂમાદિમાં પર્યાપ્તિ માનવાની જરૂર નથી. હવે તેમ થતાં ***धूमवान्, वह्नेः*** સ્થળે અતિવ્યાપ્તિ આવી જાય કેમકે સ્વસમાનવૃત્તિક

પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ બને તો તદનતિરિક્તવૃત્તિત્વરૂપ ધૂમત્વ બનતાં તે અવચ્છેદક બને પણ હવે સ્વ પદથી ધૂમત્વનું ગ્રહણ જ ન થાય કેમકે ધૂમત્વપર્યાપ્તિઅવચ્છેદકધર્માવચ્છેદેન પર્યાપ્તિકત્વં સ્વસમાનવૃત્તિકત્વં છે અને ધૂમત્વની પર્યાપ્તિ છે જ નહિ. હમણાં જ અમે અસિદ્ધ કરી દીધી છે. એટલે અતિવ્યાપ્તિ ઉભી રહે છે. અહીં અન્યાભાવ તરીકે કોઈ ઉભયાભાવ લેવો જોઈએ કેમકે ઉભયત્વ જ ઉભયત્વ સમાનવૃત્તિક બની શકે. વળી ***सत्तावान्, ज्ञातेः*** સ્થળે જાત્યધિકરણ ગુણમાં વિશિષ્ટસત્વાભાવ મળે. પ્રતિયોગિતાવચ્છેદક-વિશિષ્ટસત્વ બને. એનાથી અનતિરિક્તવૃત્તિત્વ રૂપ સત્વ છે એટલે તે પ્રતિયોગિતાવચ્છેદક બને, એજ સાધ્યતાવચ્છેદક બને એટલે અવ્યાપ્તિ ઉભી થાય છે.

अथ पारिभाषिकावच्छेदकत्वप्रथमलक्षणविवेचनम् ।

दीधिति : वस्तुतस्तु तदवच्छिन्नप्रतियोगिताकाभाववदसम्बद्धस्वविशिष्टसामान्यकत्वम् ।

जागदीशी : तदवच्छिन्नेति । हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूततत्तद्धर्मावच्छिन्नाभाववति असम्बद्धं यद्धर्मविशिष्टसामान्यं तदेव पारिभाषिकावच्छेदकमित्यर्थः ।

वस्तुतस्तु : અમે અવચ્છેદકત્વનું આ નિચોડરૂપ લક્ષણ બનાવશું. तदवच्छिन्नप्रतियोगिताकाभाववदसम्बद्धस्वविशिष्टसामान्यकत्वं અથવા स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकतत्कत्वं (પૃ. ૫૪) हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिताकाभाववद् (માં) असंबद्ध (જે) स्वविशिष्टसामान्य, तत्कत्वं અવચ્છેદકત્વમ् ***वह्निमान्, धूमात्*** - हेतुमन्निष्ठाभाव=ઘટાભાવ. ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ. - ઘટત્વાવચ્છિન્નાભાવવત્ - પર્વત. તેમાં અસમ્બદ્ધ છે ઘટત્વવિશિષ્ટ ઘટ સામાન્ય. માટે ઘટત્વ (સ્વપદ બહુવ્રીહિમાં અન્યપદ વાચક બને) પ્રતિયોગિતાવચ્છેદક કહેવાય તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક છે. આમ લક્ષણ સમન્વય થઈ ગયો.

હવે ***धूमवान्, वह्नेः*** અને ***सत्तावान्, ज्ञातेः*** સ્થળની અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિનું નિરાકરણ જોઈ લઈએ.

વહ્નયધિકરણઅયોગોલકનિષ્ઠધૂમાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વાવચ્છિન્ના-

ભાવવત્ અયોગોલક બને. તેમાં અસંબદ્ધ છે ધૂમત્વવિશિષ્ટધૂમસામાન્ય. (યત્) માટે ધૂમત્વ (તત્) પારિભાષિક અવચ્છેદક બની ગયો. તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ન રહી.

सत्तावान्, ज्ञातेः - જાત્યધિકરણ-ગુણવૃત્તિવિશિષ્ટસત્ત્વાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્ત્વાવચ્છિન્નાભાવવત્ ગુણમાં અસંબદ્ધ છે વિશિષ્ટસત્તાત્વવિશિષ્ટ વિશિષ્ટસત્તા સામાન્ય. માટે વિશિષ્ટ સત્તાત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. તદ્ભિન્ન સત્તાત્વ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ દૂર થઈ.

जागदीशी : अत्र तदाश्रयप्रतियोगिताकाभावेत्युक्तौ तादृशधूमत्वाश्रयप्रतियोगिकोभयाभावादिमति प्रमेयधूमत्वविशिष्टस्य सम्बद्धतयाऽवच्छेदकत्वं न स्यात् किन्तु गगनत्वादेरेव तथात्वं स्यादत उक्तम् *तदवच्छिन्नेति* ।

પદવ્યાવૃત્તિ : પ્રતિયોગિતાવચ્છેદકાશ્રય ન કહ્યું : કેમકે, ***प्रमेयधूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ આવે. પ્રમેયધૂમાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકલઘૂભૂતધૂમત્વાશ્રય ધૂમપ્રતિયોગિતાક અભાવ = ધૂમઘટોભયાભાવ પણ બની જાય કારણ કે એમાં ધૂમ પણ પ્રતિયોગી છે જ. તદ્વત્ પર્વતમાં પ્રમેયધૂમત્વવિશિષ્ટ ધૂમ અસંબદ્ધ નથી. ગગનત્વ વિશિષ્ટગગન અસંબદ્ધ મળે. એટલે ગગનત્વ પ્રતિયોગિતાવચ્છેદક બની જાય તદ્ભિન્નસાધ્યતાવચ્છેદક. એટલે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક ન બનતાં અતિવ્યાપ્તિ હવે ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ (લેતાં) પર્વત ન બને પણ અયોગોલક બને તેમાં પ્રમેયધૂમત્વવિશિષ્ટ ધૂમ અસંબંદ્ધ છે. એટલે પ્રમેયધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : प्रतियोगित्वं साध्यतावच्छेदकसम्बन्धेन ग्राह्यम् । तेन अयं घट एतत्त्वादित्यादौ हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यत् पटत्वं सम्बन्धसामान्येन कालिकसम्बन्धेन वा तदवच्छिन्नाभाववति नित्यगुणगगनादौ घटत्वत्वविशिष्टस्याऽसम्बद्धत्वेऽपि नाव्याप्तिः ।

પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંધથી લેવી : अयं घटत्ववान् एतत्त्वात् । હેતુમન્નિષ્ઠાભાવ પટાભાવ, પ્રતિયોગિતાવચ્છેદક પટત્વં, કાલિકેન પટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવવત્ કાલિકસંબંધથી ઘટ ન બની શકે કેમકે તેમાં તો કાલિકસંબંધથી પટત્વવૃત્તિ છે. એટલે પટત્વાવચ્છિન્નાભાવવત્ નિત્ય જ બને. તેમાં ઘટત્વત્વવિશિષ્ટ

ઘટત્વ અસંબદ્ધ છે જ એટલે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વત્વ તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ.

હવે સાધ્યતાવચ્છેદકસમવાયસંબંધેન પટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવવત્ ઘટ પણ બની જાય. તેમાં ઘટત્વત્વવિશિષ્ટ ઘટત્વ અસંબદ્ધ નથી માટે ઘટત્વત્વ પ્રતિયોગિતાવચ્છેદક ન બને. અવ્યાપ્તિ ન આવે.

સંબંધસામાન્ય કહેવા પર કોઈ અનુગત સંબંધ ન પકડાય. તેથી કાલિકાસંબંધેન એમ કહ્યું.

નિષ્કર્ષ : હેતુમન્નિષ્ઠાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન - સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન - પ્રતિયોગિતાકાભાવવદસમ્બદ્ધસ્વવિશિષ્ટસામાન્યકત્વં અવચ્છેદકત્વમ્ ।

जागदीशी : पर्वतादेरुत्पत्तिकालावच्छेदेन संयोगसम्बन्धावच्छिन्न-धूमाभाववत्त्वात्, तत्र च धूमत्वविशिष्टस्य सम्बद्धत्वात्तदसम्बद्धस्वविशिष्टसामान्यकं गगनत्वादिकमुपादाय धूमवान् वह्नेरित्यादावतिव्याप्तिरतः प्रतियोगिव्यधिकरणत्वेन तदवच्छिन्नाभावो विशेष्यः ।

અભાવ પ્રતિયોગીવ્યધિકરણ લેવો. અન્યથા : ***ધૂમવાન્, વહ્નેઃ*** સ્થળે અતિવ્યાપ્તિ આવે.

તે આ પ્રમાણે : સંયોગાવચ્છિન્ન ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ ઉત્પત્તિકાલાવચ્છેદેન પર્વત બની જાય. એમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમસામાન્ય સંબદ્ધ છે એટલે પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ ન બનતાં અતિવ્યાપ્તિ.

અહીં ધૂમાધિકરણ પર્વતમાં ધૂમાભાવ લીધો, માટે પ્રતિયોગીસમાનાધિકરણ અભાવ લેવાથી અતિવ્યાપ્તિ આવી.

હવે પ્રતિયોગીવ્યધિકરણ ધૂમત્વાવચ્છિન્નાભાવવદ્, અયોગોલક જ લેવાય કારણ કે તેમાં કોઈપણ કાલે ધૂમ નથી. તેમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમસામાન્ય અસંબદ્ધ છે જ, એટલે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક ધૂમત્વ બનતાં અતિવ્યાપ્તિ ન આવી.

નિષ્કર્ષ : હેતુમન્નિષ્ઠાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નસાધ્યતાવચ્છેદક સમ્બન્ધાવચ્છિન્ન-પ્રતિયોગિતાક-પ્રતિયોગીવ્યધિકરણાભાવવદસમ્બદ્ધસ્વવિશિષ્ટ સામાન્યકત્વમ્ અવચ્છેદકત્વમ્ ।

जागदीशी : प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नाऽ-

सम्बन्धी तदवच्छिन्नाभाववान् ग्राह्य इति तु पर्यवसितार्थः ।

तेन संयोगसम्बन्धावच्छिन्नधूमाभावस्य धूमवत्पर्वतादौ समवायादिसम्बन्धेन प्रतियोगिव्यधिकरणत्वेऽपि धूमत्वस्य नावच्छेदकत्वहानिः ।

અધિકરણ એ પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્ન પ્રતિયોગીનું અસંબંધી જોઈએ.

અહીં પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ એ સાધ્યતાવચ્છેદક સંબંધ આપણે કહ્યો છે. હવે તે ખ્યાલમાં જ રાખી લઈએ એટલે હવે પ્રતિયોગિતાવચ્છેદકસમ્બન્ધેન પ્રતિયોગિતા અવચ્છેદક કહીશું અને પ્રતિયોગીવ્યધિકરણાભાવવત્ અધિકરણ જે બને તે પ્રતિયોગીનું અસંબંધી જ હોય અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાભાવવત્ નું જે અધિકરણ હોય તે પ્રતિયોગીનું અસંબંધી જ હોય તો જ તે અધિકરણમાં રહેલો પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાભાવ એ પ્રતિયોગીવ્યધિકરણ બને.

એટલે ટૂંકમાં એ નિષ્કર્ષ મૂકીએ તો આમ કહેવાય.

પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન (પ્રતિયોગી)નું અસંબંધી જે પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાભાવવાન્ હોય. તેવા અધિકરણમાં અસંબદ્ધ જે યદ્ધર્મવિશિષ્ટ સામાન્ય, તત્ધર્મ અવચ્છેદક બને.

પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અસંબંધિ કહ્યું છે.

જો પ્રતિયોગિતાવચ્છેદક (સાધ્યતાવચ્છેદક) સંબંધથી ન કહે તો ***धूमवान्, वह्नेः*** સ્થળે અતિવ્યાપ્તિ.

સમવાયેન ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ અસંબદ્ધ ન મળતાં ધૂમત્વ અવચ્છેદક ન બનત.

પણ હવે સંયોગેન ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ અયોગોલકમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ અસંબદ્ધ છે જ એટલે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : न वा द्रव्यं घटत्वादित्यादौ हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्घटभिन्नद्रव्यत्वत्वं प्रतियोग्यनधिकरणे तदवच्छिन्नाभाववति गुणादौ द्रव्यत्वत्वविशिष्टस्याऽसत्त्वेऽपि अव्याप्तिः ।

પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અસંબંધિ ન કહે તો ***द्रव्यं, घटत्वात्*** સ્થળે અવ્યાપ્તિ

આવે. હેતુમન્નિષ્ઠાભાવ = ઘટમાં ઘટભિન્નદ્રવ્યત્વાભાવ. (ઘટમાં ઘટભિન્નનું દ્રવ્યત્વ ન રહે) પ્રતિયોગિતાવચ્છેદક ઘટભિન્નદ્રવ્યત્વત્વ = ઘટભિન્નત્વવિશિષ્ટ દ્રવ્યત્વત્વ. વિશિષ્ટં શુદ્ધાન્નાતિરિચ્યતે ન્યાયાત્ પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ. પ્રતિયોગીવ્યધિકરણ દ્રવ્યત્વત્વાવચ્છિન્નાભાવવત્ ગુણ બને, જે પ્રતિયોગી દ્રવ્યત્વત્વનું અસંબંધી પણ છે. તેમાં દ્રવ્યત્વત્વવિશિષ્ટ દ્રવ્યત્વ અસંબદ્ધ છે માટે દ્રવ્યત્વત્વ પ્રતિયોગિતાવચ્છેદક, તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ.

પણ હવે પ્રતિયોગીવ્યધિકરણ ઘટભિન્નત્વવિશિષ્ટદ્રવ્યત્વત્વાવચ્છિન્ન દ્રવ્યત્વાભાવવત્નું અધિકરણ લેવાનું તે તો ઘટ પણ બની જાય. (દ્રવ્યત્વાભાવનું અધિકરણ લેતાં ઘટ ન પકડાયો. પણ હવે ઘટભિન્નનું દ્રવ્યત્વ ઘટમાં નથી, માટે ઘટભિન્નત્વ વિશિષ્ટ દ્રવ્યત્વાભાવનું અધિકરણ લેતાં ઘટ પકડાઈ ગયો.) તેમાં દ્રવ્યત્વત્વવિશિષ્ટ દ્રવ્યત્વ સંબદ્ધ છે જ, તેથી અવ્યાપ્તિ ન રહી.

(ગગનત્વવિશિષ્ટ અસંબદ્ધ મળતાં ગગનત્વ પ્રતિયોગિતાવચ્છેદક, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બને.)

जागदीशी : वस्तुतो निरुक्तप्रतियोग्यनधिकरणत्वमेव तदवच्छिन्नाभाववतः साध्यतावच्छेदकसम्बन्धेन वाच्यम्, न तु प्रतियोगितायास्तत्सम्बन्धावच्छिन्नत्वं, वृत्त्यनियामकसम्बन्धेन साध्यतायां तत्सम्बन्धावच्छिन्नप्रतियोगित्वाप्रसिद्ध्या अव्याप्तिप्रसङ्गादिति ध्येयम् ।

વસ્તુતઃ આપણે હમણાં જ કહી ગયા કે પ્રતિયોગીનું જે અસંબધિ બને, તે પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી લેવું. આની પૂર્વમાં આપણે એ પણ કહી ગયા છીએ કે તે પ્રતિયોગિતાનો અવચ્છેદકસંબંધ એ સાધ્યતાવચ્છેદકસંબંધ લેવો. આમાંથી અર્થાત્ એજ વાત નીકળે છે કે પ્રતિયોગીનું અસંબંધિ સાધ્યતાવચ્છેદક સંબંધથી લેવું. એજ વાતને હવે જગદીશ વસ્તુતઃ કહીને કહે છે. સિદ્ધાન્તલક્ષણમાં ઉક્ત વિવક્ષાએ પ્રથમ કલ્પ હતો અને હવે જગદીશ કહે છે તે વિવક્ષાએ દ્વિતીયકલ્પ હતો. વસ્તુતઃ હેતુમન્નિષ્ઠાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીનું અનધિકરણ જે પ્રતિયોગીવ્યધિકરણાભાવવત્ નિરૂક્ત અધિકરણ, તે સાધ્યતાવચ્છેદક સંબંધથી લેવું પણ પ્રતિયોગિતાના તે અવચ્છેદકસંબંધથી ન લેવું.

જો તેમ કરીએ તો વૃત્યનિયામક સંબંધ જયાં સાધ્યતાવચ્છેદક સંબંધ હોય ત્યાં તેજ પ્રતિયોગિતાવચ્છેદક બનાવવો જ પડે અને તેથી વૃત્યનિયામકસંબંધાવચ્છિન્ન

પ્રતિયોગિતા અપ્રસિદ્ધ બનતાં સદ્ધેતુક સ્થળે અવ્યાપ્તિ આવે.

धनी चैत्रत्वात्

સ્વામિત્વસંબંધ = સાધ્યતાવચ્છેદક સંબંધ

હેતુમન્નિષ્ઠાભાવ = ઘટાભાવ - તદીયપ્રતિયોગિતા સ્વામિત્વસંબંધાવચ્છિન્ના અપ્રસિદ્ધ બની ગઈ. પણ હવે પ્રતિયોગિતાનો સંબંધ સાધ્યતાવચ્છેદક જોઈએ તેવું રહ્યું નહિ એટલે સંયોગેન ઘટાભાવ પણ લેવાય. ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્નાભાવવત્ જે બને તે પદાર્થ પ્રતિયોગી ઘટનું સ્વામિત્વસંબંધથી અસંબંધી જોઈએ. હા, સ્વામિત્વસંબંધથી ઘટનું અસંબંધિ:ઘટત્વાવચ્છિન્નાભાવવત્ ચૈત્રાત્મક અધિકરણ મળે જ છે. તેમાં ઘટત્વવિશિષ્ટ ઘટ અસંબદ્ધ છે. માટે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બની જતાં અપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : न च घटवान् महाकालत्वादित्यादौ तादृशप्रतियोगितावच्छेदकं यद् गगनत्वं तदवच्छिन्नाभावस्य प्रतियोगिवैयधिकरण्याप्रसिद्ध्याऽव्याप्तिरिति वाच्यम् ।

પૂર્વપક્ષ : *घटवान्, महाकालत्वात्* અહીં સાધ્યતાવચ્છેદકસંબંધ - કાલિક છે.

ગગનાભાવ લેવાનો છે. હવે ગગનત્વાવચ્છિન્નાભાવવત્ જે બને તે પદાર્થ પ્રતિયોગી ગગનનું કાલિકસંબંધથી અસંબંધી જોઈએ. પણ અહીં કાલિકેન ગગનનો કોઈ સંબંધી જ પ્રસિદ્ધ નથી તો કાલિકેન ગગનનો અસંબધી પણ ગગનત્વાવચ્છિન્નાભાવવત્ કાળ કહી શકાય નહિ. આમ પ્રતિયોગીવ્યધિકરણાભાવ ગગનાભાવ સિદ્ધ ન થયો. એટલે અવ્યાપ્તિ આવી.

जागदीशी : अत्रापि साध्यतावच्छेदकसम्बन्धसामान्ये तादृशधर्मावच्छिन्नप्रतियोगिकत्व-यद्यदनुयोगिकत्वोभयाभावस्तदसम्बद्धत्वस्य विवक्षितत्वात् ।

ઉત્તર : અહીં અમે એમ કહીશું કે સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં (= કાલિક સંબંધમાં) તાદૃશધર્મ (ગગનત્વ) અવચ્છિન્નપ્રતિયોગિકત્વ તથા યદ્-યદ્અનુયોગિકત્વ આ ઉભયનો અભાવ હોય તેમાં અસંબદ્ધત્વ વિવક્ષિત છે. હવે પ્રસ્તુતમાં સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં = કાલિકમાં કાલાનુયોગિકત્વ હોવા છતાં ગગનત્વાવચ્છિનતાદૃશગગનપ્રતિયોગિકત્વ ન હોવાથી ઉભયાભાવ મળી ગયો. એટલે તત્ (તસ્મિન્)માં = કાળમાં અસંબદ્ધત્વ લેવાનું એમ અમે વિવક્ષા કરીશું. ગગનત્વાવચ્છિન્નગગનનું અસંબંધી કાળ છે જ, એટલે તેમાં ગગનત્વવિશિષ્ટ ગગન

અસંબદ્ધ હોવાથી ગગનત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : तदसम्बद्धत्वमपि साध्यतावच्छेदकसम्बन्धेन सम्बद्धत्वसामान्याभावो बोध्यः। तेन घटत्वाद्यवच्छिन्नाभाववति घटत्वगगनत्वविशिष्टस्यापि यथाकथंचित्तादात्म्यादिना सम्बद्धतया न पारिभाषिकावच्छेदकाऽप्रसिद्धिनिबन्धनो व्याप्तिलक्षणाऽसम्भवः ।

न वा तादृशप्रतियोगितावच्छेदकीभूतमहानसीयवह्नित्वावच्छिन्नाभाववति जलादौ वह्नित्वविशिष्टस्याऽसम्बद्धत्वाद् वह्निमान् धूमादित्यादावव्याप्तिः ।

साध्यतावच्छेदक संबंधेन असम्बद्धत्व लेवु. અર્થાત્ સાધ્યતાવચ્છેદક સંબંધથી સંબદ્ધત્વસામાન્યાભાવ લેવો. યદ્ધર્મવિશિષ્ટ સામાન્ય તે સાધ્યતાવચ્છેદકસંબંધથી અધિકરણમાં અસંબદ્ધ જોઈએ.

જો આમ ન કહીએ તો ***वह्निमान्, धूमात्***। માં અવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે - ઘટત્વાવચ્છિન્નાભાવવત્ પર્વત બને. તેમાં વૃત્યનિયામક સંબંધથી ગગનત્વવિશિષ્ટ ગગન સંબદ્ધ છે, કાલિકસંબંધથી ઘટત્વવિશિષ્ટ ઘટ સંબદ્ધ છે એટલે ગગનત્વ-ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક ન બને અર્થાત્ એ રીતે કોઈ પણ અસંબદ્ધ ન બનતાં અપ્રસિદ્ધિ-નિબંધન અવ્યાપ્તિ આવે.

પણ હવે એ વાંધો નહિ આવે.

હવે સાધ્યતાવચ્છેદક સંયોગેન પર્વતમાં ઘટત્વવિશિષ્ટ ઘટ અસંબદ્ધ છે જ એટલે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ ન રહી.

અસમ્બદ્ધત્વ એટલે સમ્બદ્ધત્વસામાન્યાભાવ.

जागदीशी : धूमवन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूततत्तद्वह्नित्वावच्छिन्नाभाववति वह्नित्वविशिष्टस्य तत्तद्वह्नेरसम्बद्धत्वाद्वह्निमान् धूमादित्यादौ वह्नित्वमप्यवच्छेदकं स्यादतः सामान्यपदम् ।

અહીં **'सामान्य'** પદ ન મૂકે તો અવ્યાપ્તિ.

वह्निमान्, धूमात्.

મહાનસીયવહ્ન્યભાવવત્ જલહ્રદ બને. તેમાં વહ્નિત્વવિશિષ્ટ વહ્નિ અસંબદ્ધ છે જ. અર્થાત્ જલહ્રદનિરૂપિતસમ્બદ્ધત્વાભાવ વહ્નિત્વવિશિષ્ટ વહ્નિમાં છે જ. એટલે

સાધ્યતાવચ્છેદક અને પ્રતિયોગિતાવચ્છેદક એક થતાં અવ્યાપ્તિ.

પણ સામાન્ય પદથી આ આપત્તિ દૂર થાય.

હવે મહાનસીયવહ્ન્યભાવવત્ પર્વત પણ બને. ત્યાં પર્વતનિરૂપિત સમ્બદ્ધત્વાભાવ વહ્નિત્વવિશિષ્ટ વહ્નિમાં નથી. આમ સમ્બદ્ધત્વસામાન્યાભાવ નથી માટે વહ્નિત્વવિશિષ્ટ વહ્નિ લઈને વહ્નિત્વને અવચ્છેદક બનાવાય નહિ.

असंबद्ध = संबंधत्वसामान्याभाववत् जे यद्धर्मविशिष्ट सामान्य –

આ ***सामान्य*** પદ ન કહે તો વળી અવ્યાપ્તિ.

वह्निमान्, धूमात् –

મહાનસીયવહ્ન્યભાવ. તદ્વત્ પર્વત. એમાં વહ્નિત્વવિશિષ્ટ તદ્વહ્નિ અસંબદ્ધ છે. એટલે વહ્નિત્વ પ્રતિયોગિતાવચ્છેદક બની ગયો. હવે વહ્નિત્વવિશિષ્ટ વહ્નિસામાન્ય કહ્યું છે માટે તે તો અસંબંધ નથી. કારણ કે ત્યાં પર્વતીય વહ્નિ તો સંબદ્ધ જ છે, જ્યાં એક પણ વહ્નિ ન હોય ત્યાં જ સંબદ્ધસામાન્યાભાવ મળે. માટે અવ્યાપ્તિ નહિ આવે.

जागदीशी : ननु कालिकादिसम्बन्धेन गगनत्वविशिष्टं घटादि तस्य तादृशप्रतियोगितावच्छेदकीभूतगगनत्वाद्यवच्छिन्नाभाववति साध्यताघटकसंयोगादिसम्बन्धेन संबद्धत्वात् पारिभाषिकावच्छेदकाऽप्रसिद्ध्या व्याप्तिलक्षणाऽसम्भवः।

पूर्वपक्ष - *वह्निमान्, धूमात्*

કાલિકેન ગગનત્વવિશિષ્ટ જે ઘટ, તેનો અભાવ ધૂમાધિકરણમાં છે. પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ. (આને પારિભાષિક અવચ્છેદક બનાવવું જોઈએ પણ તે થતું નથી.)

ગગનત્વાવચ્છિન્નાભાવવત્ પર્વત બને (गगनस्य कुत्रापि अवृत्तित्वात् पर्वतादि ક્યાંય પણ ગગન ન રહે, માટે જ ગગન સ્વયં પ્રતિષ્ઠિત પદાર્થ છે. હવે જો તેને રાખવા માટે બીજો પદાર્થ કલ્પવાનો હોય તો તે રાખનાર હોવાથી ગગનમાં તો ન રહે, તેથી તેને રાખવા બીજો પદાર્થ કલ્પવો પડે, એમ અનવસ્થા ચાલે. એનાથી બચવા ગગનની બીજે ક્યાંય વૃત્તિ માની નથી.) ત્યાં ગગનત્વવિશિષ્ટ સમ્બદ્ધ જ છે. આમ ગગનાભાવ સર્વત્ર મળે એટલે બધાય સંબદ્ધ જ બની જાય એટલે અસંબદ્ધ કોઈ ન મળતાં અસંભવ દોષ આવી જાય.

जागदीशी : न च साध्यतावच्छेदकताघटकसम्बन्धेन स्ववैशिष्ट्याभिधानान्नैष

दोषः । पुरुषनिष्ठसंयोगसम्बन्धेन दण्डवतः कालिकविशेषणतया साध्यतायां महाकालत्वहेतावव्याप्त्यापत्तेः, गगनत्वादेः पुरुषनिष्ठसंयोगसम्बन्धेनाऽवृत्त्या पारिभाषिकावच्छेदकाऽप्रसिद्धेः ।

ઉત્તરપક્ષ : સ્વનું વૈશિષ્ટ્ય અમે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી લેવાનું કહીશું.

હવે ગગનત્વાવચ્છિન્નાભાવવત્ ભૂતલમાં ગગનત્વવિશિષ્ટ વહ્નિ બને જ નહિ. પણ ઘટત્વવિશિષ્ટ ઘટ જ અસંબદ્ધ બને. તેથી ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક બની જાય.

પૂર્વપક્ષ - તો અન્યત્રાપત્તિ.

પુરુષાનુયોગિક સંયોગેન દંડી, મહાકાલત્વાત્ સાધ્યતાવચ્છેદકસંબંધ = કાલિક. સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધ પુરુષાનુયોગિક સંયોગ.

પ્રતિયોગીવ્યધિકરણ-ગગનત્વાવચ્છિન્નાભાવવત્કાલમાં પુરુષાનુયોગિકસંયોગેન ગગનત્વવિશિષ્ટ જ અપ્રસિદ્ધ બનતાં ગગનત્વ પ્રતિયોગિતાવચ્છેદક નહિ બને. આમ પારિભાષિક અવચ્છેદકની અપ્રસિદ્ધિ આવી.

जागदीशी : न च हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकत्वं यादृशसम्बन्धावच्छिन्नं तेनैव सम्बन्धेन स्ववैशिष्ट्याभिधानाद् घटत्वगगनत्वादौ पारिभाषिकावच्छेदकत्वं सुलभमिति वाच्यम् ।

ઉત્તરપક્ષ : વારુ, વૈશિષ્ટ્ય સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી નહિ પણ પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી કહીશું.

ઘટત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં સમવાયેન (પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ) ઘટત્વવિશિષ્ટઘટ અસંબદ્ધ છે જ.

પ્રસ્તુતમાં - ગગનાભાવ લેતાં પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ ગગનત્વ બને. તે તો જાતિ ન હોવાથી તેને રહેવાનો સંબંધ સ્વરૂપસંબંધ બને, માટે પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકસંબંધ સ્વરૂપ બને.

ગગનત્વાવચ્છિન્નાભાવવત્ કાળમાં સ્વરૂપેણ ગગનત્વવિશિષ્ટગગન અસંબદ્ધ છે જ.

એટલે પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : धूमत्वप्रकारकप्रमाविशेष्यवान् वह्नेरित्यादावतिव्याप्तेः । साध्यतावच्छेदकमपेक्ष्य लघोर्धूमत्वस्यैव समवायेन हेतुमन्निष्ठसंयोगसम्बन्धावच्छिन्नाभावप्रतियोगितावच्छेदकतया समवायेन च धूमत्वप्रकारकप्रमाविशेष्यत्वस्याऽवृत्त्या तस्य पारिभाषिकावच्छेदकत्वाभावप्रसङ्गात् ।

पूर्वपक्ष : ***धूमत्वप्रकारकप्रमाविशेष्यवान्, वह्नेः*** स्थळे अतिव्याप्ति. धूमत्वप्रकारक प्रमाविशेष्याभाव-प्रतियोगितावच्छेदक लाघवात् धूमत्व बने. धूमत्वावच्छिन्नाभाववत् – अयोगोलकमां समवायेन (प्रतियोगितावच्छेदकतावच्छेदक संबंधेन) धूमत्वप्रकारकप्रमाविशेष्यत्वविशिष्ट अप्रसिद्ध बने. (प्रमाविशेष्यत्व तो स्वरूपेण रहे छे, समवायेन नहि)

अयोगोलकमां असंबद्ध समवायेन धूमत्वविशिष्ट धूम ज बने. अयोगोलकमां समवायेन धूमत्वविशिष्ट धूमनो संयोगेन अभाव मळे ज.

माटे धूमत्व प्रतियोगितावच्छेदक, तद्भिन्न साध्यतावच्छेदक बनतां अतिव्याप्ति.

जागदीशी : न च साध्यत्वतादृशप्रतियोगित्वयोरन्यतरावच्छेदकताघटकसम्बन्धेनैव स्ववैशिष्ट्यस्य विवक्षणान्नोक्ताव्याप्त्यतिव्याप्त्योः प्रसङ्ग इति वाच्यम् ।

उत्तरपक्ष : प्रतियोगितावच्छेदकतावच्छेदक संबंध के साध्यतावच्छेदकतावच्छेदक संबंध एतदन्यतर संबंधथी स्वनुं वैशिष्ट्य लेवुं एम कहीशुं. एटले हवे अव्याप्ति - अतिव्याप्ति - प्रसंग रहेता नथी.

पुरुषानुयोगिकसंबंधेन दण्डविशिष्टनी कालिकेन साध्यता लीधी त्यां प्रतियोगितावच्छेदकतावच्छेदक समवायथी वैशिष्ट्य लेतां आपत्ति न रही. अने ***धूमत्वप्रकारकप्रमाविशेष्यवान्, वह्नेः*** स्थळे साध्यतावच्छेदकतावच्छेदक स्वरूप संबंधथी वैशिष्ट्य लेवुं.

धूमत्वप्रकारक प्रमाविशेष्याभावीय प्रतियोगितावच्छेदक धूमत्व बने.

धूमत्वावच्छिन्नाभाववत् अयोगोलकमां स्वरूपेण धूमत्वप्रकारकप्रमाविशेष्यत्वविशिष्ट धूम असंबद्ध छे ज. आम अहीं प्रतियोगितावच्छेदकतावच्छेदक समवाय लेता जे अतिव्याप्ति आवी ते हवे नहि आवे.

जागदीशी : तादात्म्येन धूमवतः संयोगेन साध्यतायां द्रव्यत्वादावतिव्याप्त्या-

पत्तेः । धूमापेक्षया लघुत्वेन हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्धूमत्वं तदवच्छिन्नाभाववति तत्तत्परमाणौ प्रतियोगितावच्छेदकताघटकसमवायसम्बन्धेन धूमविशिष्टस्य परमाणौ साध्यताघटकसंयोगसम्बन्धेन सम्बद्धतया धूमस्य पारिभाषिकावच्छेदकत्वविरहादिति चेद् ।

पूर्वपक्ष : ભલે ***तादात्म्येन धूमवद्द्रव्यत्वात्*** સ્થળે તાદાત્મ્યેન ધૂમવત્ ધૂમ બને. તેની સંયોગેન સાધ્યતા લીધી.

ધૂમવદભાવ

તાદાત્મ્યેન ધૂમવત્નો (ધૂમનો) સંયોગેન અભાવ પરમાણુમાં છે.

અહીં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ-તાદાત્મ્ય

પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ-સમવાય.

ધૂમવદભાવ પરમાણુમાં છે. ધૂમ અનેક હોવાથી ધૂમ ગુરુભૂત બને. માટે જ પ્રતિયોગિતાવચ્છેદક લઘૂભૂત ધૂમત્વ. (તાદાત્મ્યેન ધૂમવત્ તો ધૂમ બને, તેને ત્વ લાગતા ધૂમત્વ).

ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ પરમાણુંમાં પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સમવાય સંબંધથી ધૂમદ્વ્યણૂક છે, તે ધૂમીયપરમાણુમાં અવયવ-અવયવીભાવના કારણે સમવાયસંબંધથી રહે છે. ધૂમવિશિષ્ટ ધૂમીયપરમાણુ સંયોગેન સંબદ્ધ છે. (ખ્યાલ રાખવો કે સાધ્યતાવચ્છેદક જે હોય તે જ વ્યભિચારી સ્થળે પ્રતિયોગિતાવચ્છેદક બને. સાધ્યતાવચ્છેદક ધૂમ છે. માટે તેને જ પ્રતિયોગિતાવચ્છેદક તરીકે પકડવા સ્વવિશિષ્ટમાં સ્વ પદ ધૂમ જોઈએ.)

આમ સંબદ્ધ બની જતા ધૂમ પ્રતિયોગિતાવચ્છેદક ન બન્યો.

અન્યાભાવ = ગગનાભાવ લેવો પડે. પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ. ગગનત્વાવચ્છિન્નાભાવવત્ પરમાણુ, એમાં સમવાયેન ગગનત્વ વિશિષ્ટ ગગન અસંબદ્ધ છે. એટલે ગગનત્વ પ્રતિયોગિતાવચ્છેદક, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ.

जागदीशी : अत्राहुः । यद्यत्सम्बन्धेन यद्धर्मविशिष्टसामान्यं निरुक्तधर्मावच्छिन्नाभाववति साध्यतावच्छेदकसम्बन्धेनाऽसम्बद्धं तत्तत्सम्बन्धेन तत्तद्धर्मावच्छिन्नविशेष्यताभिन्नं यत्साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्नं विशेष्यत्वं


तदवच्छेदकसाध्यतावच्छेदकधर्मवत्त्वस्य विवक्षितत्वान्नोक्तदोषः । समवायेन वह्नित्वावच्छिन्नविशेष्यतायाः स्वरूपादिसम्बन्धेन गगनत्वावच्छिन्नविशेष्यताभिन्नत्वादेवावच्छेदकाऽप्रसिद्धिनिबन्धनाऽसंभवस्य व्युदासादिति ।

ઉત્તરપક્ષ : વારુ અમે આ બધી આપત્તિઓ દૂર કરવા આમ કહીશું.

યદ્યત્સંબન્ધેન યદ્ધર્મવિશિષ્ટસામાન્યં **નિરુક્ત**ધર્માવચ્છિન્નાભાવવતિ સાધ્યતાવચ્છેદકસંબંધેન અસમ્બદ્ધં, તત્તત્સમ્બન્ધેન તત્તદ્ધર્માવચ્છિન્નવિશેષ્યતાભિન્નં યત્સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમ્બન્ધાવચ્છિન્નં વિશેષ્યત્વં તદવચ્છેદક સાધ્યતાવચ્છેદક ધર્મવત્વસ્ય વિવક્ષિતત્વાત્ નોક્તદોષઃ । (સાધ્યતાવચ્છેદક સંબંધ સામાન્યમાં જે ઉભયાભાવ લેવામાં આવે છે તેમાં યાદૃશધર્માવચ્છિન્નપ્રતિયોગિકત્વ લઈએ છીએ. તેનો યાદૃશપદથી ગ્રાહ્ય ધર્મ તે **નિરુક્ત** ધર્મ લેવો.)

વહ્નિમાન્, ધૂમાત્ - ઘટાભાવ.

સમવાયેન ઘટત્વવિશિષ્ટ ઘટસામાન્ય, જો નિરુક્તધર્મ = ઘટત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાય સંબંધથી જો અસમ્બદ્ધ છે તો તે સંબંધ એટલે કે સમવાયસંબંધથી ઘટત્વનિષ્ઠઅવચ્છેદકતાનિરૂપિત ઘટત્વાવચ્છિન્ના વિશેષ્યતા એનાથી ભિન્ન સાધ્યતાવચ્છેદકતાવચ્છિન્ન સમવાયસંબંધઅવચ્છેદક વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતા નિરૂપિત જે વિશેષ્યતા તેનો અવચ્છેદક ધર્મ વહ્નિત્વ બને. આમ નક્કી થયું કે પૂર્વીયા વિશેષ્યતાનો પ્રતિયોગિતાવચ્છેદ-ધર્મ (ઘટત્વ) જે બન્યો તેનાથી ભિન્ન ધર્મવહ્નિત્વ દ્વિતીયવિશેષ્યતાનો અવચ્છેદક બન્યો.



(આ પ્રમાણે આગળ મુજબ પણ ચાર્ટ સમજી લેવા)

હવે વહ્નિમાન્ ધૂમાત્ સ્થળે પૂર્વે ગગનત્વાવિશિષ્ટ ઘટાભાવ લીધો હતો. જયાં સર્વત્ર અસંભાવ દોષ આવ્યો હતો. હવે અહીં કાલિક કે સમવાય લેવાય નહિ કેમકે ગગનત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં કાલિકેન ગગનત્વવિશિષ્ટ વહ્નિ અસંબદ્ધ નથી બનતો તેથી યત્ સંબંધેન અસમ્બદ્ધં કહ્યું છે તે અહીં લાગુ ન પડતાં યત્ સંબંધથી કાલિક-સમવાય ન પકડાય.

પણ સ્વરૂપ સંબંધ લેવો જોઈએ કેમકે સ્વરૂપેણ ગગનત્વવિશિષ્ટ ગગન ગગનાભાવવત્ પર્વતમાં અસંબદ્ધ છે જ એટલે પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ બને તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બને. એટલે કે ગગનત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિત-ગગનનિષ્ઠવિશેષ્યતાથી સમવાયેન (સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ) વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિત વહ્નિનિષ્ઠવિશેષ્યતા ભિન્ન બની જાય. માટે તે વિશેષ્યતાનો અવચ્છેદક ધર્મ સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ બને.

આમ અવચ્છેદકની અપ્રસિદ્ધિનિબંધન અસંભવ દોષ હવે રહેતો નથી.

એજ રીતે સ્વરૂપેણ ***ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યવાન્, વહ્નેઃ*** સ્થળે સ્વરૂપસંબંધથી ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વ વિશિષ્ટ ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્ય = ધૂમ એ લઘુભૂત નિરૂક્તધર્મ ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ અયોગોલકમાં સંયોગેન (સાધ્યતાવચ્છેદકસંબંધ) અસમ્બદ્ધ છે જ માટે તત્સંબંધેન એટલે કે સ્વરૂપસમ્બન્ધેન ધૂમત્ત્વત્વાવચ્છિન્ન ધૂમત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિતવિશેષ્યતાથી ભિન્ન સ્વરૂપસંબંધઅવચ્છિન્ન ધૂમત્વપ્રકારક-પ્રમાવિશેષ્યત્વ(=ધૂમત્વ)નિષ્ઠાવચ્છેદકતા નિરૂપિત વિશેષ્યતા ન બની કેમકે બેય વિશેષ્યતા સરખા જ ધર્મથી સરખા જ સંબંધથી અવચ્છિન્ન છે. આથી બીજી વિશેષ્યતાનો અવચ્છેદક ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વ ધર્મ સાધ્યતાવચ્છેદક બન્યો. પણ તેજ પ્રતિયોગિતાવચ્છેદક પણ બન્યો એટલે અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : नन्वेवमपि विशिष्टसत्तावान् जातेरित्यादावतिव्याप्तिः, तादृशद्रव्यत्वाद्यभाववति गुणादौ विशिष्टसत्त्वस्य सम्बद्धत्वात् ।

પૂર્વપક્ષ : હજુ પણ ***વિશિષ્ટસત્તાવાન્, જાતેઃ*** ઈત્યાદિ સ્થળે અતિવ્યાપ્તિ આવશે. જાત્યધિકરણગુણનિષ્ઠ દ્રવ્યત્વાભાવ. પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ.

દ્રવ્યત્વત્વાવચ્છિન્નાભાવવદ્ ગુણમાં વિશિષ્ટસત્તાત્વવિશિષ્ટ વિશિષ્ટસત્તાસામાન્ય અસંબદ્ધ છે એમ લેવાય નહિ કેમકે ત્યાં વિશિષ્ટસત્તા (શુદ્ધસત્તા સ્વરૂપ) પડેલી જ છે.

અન્યાભાવ લેતાં અતિવ્યાપ્તિ.

जागदीशी : स्वस्य तादृशधर्मावच्छिन्नाभाववन्निष्ठसम्बन्धितानवच्छेदकत्वविवक्षया कथंचित्तत्रातिव्याप्तिवारणेऽपि सत्तावान् भावत्वादित्यादावतिव्याप्तिः । सत्तात्वाद्यवच्छिन्नाभाववति सामान्यादौ साध्यतावच्छेदकसमवायसम्बन्धेन सम्बन्धित्वाऽप्रसिद्धेः, सत्तात्वस्य निरुक्तावच्छेदकत्वाभावात् ।

ઉત્તરપક્ષ : અમે કહીશું કે સ્વસ્ય તાદૃશધર્માવચ્છિન્નાભાવવત્નિષ્ઠાભાવસમ્બન્ધિતા અનવચ્છેદક જે બને તે અવચ્છેદક બને. વિશિષ્ટસત્તાત્વનો દ્રવ્યત્વત્વાવચ્છિન્નાભાવવત્ ગુણનિષ્ઠ જે વિશિષ્ટસત્ત્વાભાવ. તેમાં રહેલી અધિકરણતાનિરૂપિત આધેયતા (સંબંધિતા)નો વિશિષ્ટસત્તાત્વ અનવચ્છેદક છે જ એટલે તે પ્રતિયોગિતાવચ્છેદક બને. એજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

(ખરેખર તો સત્તાત્વમાં તાદૃશધર્માવચ્છિન્નાભાવવદ્ગુણસંબંધિતાવચ્છેદકત્વ હોય એટલે વિશિષ્ટસત્તાત્વમાં પણ તાદૃશાવચ્છેદકત્વ માનવું જ પડે. કેમકે વિશિષ્ટસત્તાત્વ અને શુદ્ધસત્તાત્વ અભિન્ન છે. એટલે આ રીતે પણ અતિવ્યાપ્તિ દૂર થઈ શકતી નથી જ. માટે જ કથંચિત્ પદ મુકેલું છે. અર્થાત્ આમ તો અતિવ્યાપ્તિ દૂર થતી નથી. છતાં ઉપરની વિવક્ષા પ્રમાણે કદાચ અતિવ્યાપ્તિ વારણ માની લઈએ તો પણ આ પ્રમાણે અતિવ્યાપ્તિ)

પૂર્વપક્ષ - છતાંય ***सत्तावान्, भावत्वात्*** સ્થળે અતિવ્યાપ્તિ. ભાવત્વાધિકરણ સામાન્યમાં સત્તાભાવ મળે. પ્રતિયોગિતાવચ્છેદક સત્તાત્વ.

સત્તાત્વાવચ્છિન્નાભાવવત્ સામાન્યમાં સાધ્યતાવચ્છેદક સમવાય સંબંધથી કોઈની આધેયતા જ પ્રસિદ્ધ નથી તો સત્તાત્વ એ સંબંધિતાનવચ્છેદક કેમ કહી શકાય ? આમ અતિવ્યાપ્તિ દોષ ઉભો રહે છે.

जागदीशी : न च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये तदवच्छिन्नाभाववदनुयोगिकत्व-यद्धर्मावच्छिन्नप्रतियोगिकत्वोभयाभावस्तत्त्वं विवक्षितम् । अतो नोक्तदोष इति वाच्यम् ।

ઉત્તરપક્ષ : એના વારણ માટે અમે કહીશું કે સાધ્યતાવચ્છેદકસંબંધ સામાન્યમાં તદવચ્છિન્નાભાવવદનુયોગિકત્વ અને યદ્ધર્માવચ્છિન્નપ્રતિયોગિકત્વ ઉભયાભાવ રહે તો તદ્ધર્મ એ અવચ્છેદક કહેવાય. અહીં સમવાયસંબંધમાં સત્તાત્વાવચ્છિનાભાવવત્

સામાન્યનું અનુયોગિકત્વ નથી અને સમવાયેન સત્તાત્વાવચ્છિન્નપ્રતિયોગિકત્વ છે. માટે ઉભયાભાવ રહી જતાં સત્તાત્વ ધર્મ પ્રતિયોગિતાવચ્છેદક. તે જ સાધ્યતાવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : तथासति प्रमेयधूमवान् वह्नेरित्यादावतिव्याप्त्यापत्तेः धूमत्वघटितादृशोभयत्वापेक्षया प्रमेयधूमत्वघटितादृशोभयत्वस्य गुरुतया तदवच्छिन्नप्रतियोगित्वाऽप्रसिद्धेरित्यस्वरसादाह *स्वविशिष्टेति* ।

પૂર્વપક્ષ : *प्रमेयधूमवान्, वह्नेः* માં અતિવ્યાપ્તિ ।

પ્રમેયધૂમત્વાવચ્છિન્ન-પ્રતિયોગિકત્વ એ ધૂમત્વાવચ્છિન્ન પ્રતિયોગિકત્વની અપેક્ષાએ ગુરૂભૂત છે માટે પ્રતિયોગિતા એ પ્રમેયધૂમત્વાવચ્છિન્ના જ ન બને. તેથી સાધ્યતાવચ્છેદક સંબંધમાં પ્રમેયધૂમત્વાવચ્છિન્નાભાવવદયોગોલકાનુયોગિકત્વ નથી પણ પ્રમેયધૂમત્વાવચ્છિન્ન પ્રતિયોગિકત્વ અપ્રસિદ્ધ છે એટલે લક્ષણ સમન્વય નહિ થાય.

કાલિકસંબંધથી ગગન ક્યાંય ન રહે
કાલિકસંબંધથી ગગનાભાવ સર્વ જન્ય પદાર્થમાં રહે.
કાલિકસંબંધથી ગગનાભાવ નિત્યમાં ન રહે. (नित्येषु कालिकायोगात्)
કાલિકસંબંધથી ગગનાભાવાભાવ નિત્યમાં રહે.
આત્મત્વ આત્મામાં રહે ત્યાં કાલિકથી ગગનાભાવાભાવ સ્વરૂપથી રહે.
એક મતે – ગગન મહાકાલમાં કાલિકથી રહે છે.
અન્ય મતે ગગન મહાકાલમાં કાલિકથી ન રહે.

अथ पारिभाषिकावच्छेदकत्व-द्वितीयलक्षणविवेचनम् ।

दीधिति : स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकतत्कत्वं वा तदनतिरिक्तवृत्तित्वं वक्तव्यम् ।

जागदीशी : स्वं पारिभाषिकावच्छेदकत्वेनाभिमतम् । तथा च हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकं यद्विशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकं स एव पारिभाषिकावच्छेदकः, तदन्यत्वं साध्यतावच्छेदकविशेषणमिति भावः ।

उत्तरपक्ष : वारु, हवे अमे એક नवा ज કલ્પનું अनुसरण કरशुं. स्व(पारिभाषिकावच्छेदक)विशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकत्वम् अवच्छेदकत्वपदार्थः ।

अर्थात् हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्विशिष्टसम्बन्धिनिष्ठा भावप्रतियोगितानवच्छेदकं स એव पारिभाषिકावच्छेदકः ।

अहीं ખ્યાલ રાખવો કે प्रतियोगीव्यधिકरण अभाव બે જગાએ લેવો પડ્યો. सिद्धान्तलक्षणी व्याप्तिना मूलोक्त लक्षणमां प्रतियोग्यनधिकरण-हेत्वधिकरण वृत्ति જે प्रतियोगीव्यधिकरण[1] अभाव, ***तदीयप्रतियोगितानवच्छेदक***[2] साध्यतावच्छेदक-अवच्छिन्न सामानाधिकरण्यं व्याप्तिः.

अवच्छेदकत्वं = स्वविशिष्टसम्बन्धिनिष्ठप्रतियोगिव्यधिकरण[2] अभावप्रतियोगितानवच्छेदकत्वम् ।

वह्निमान्, धूमात्

प्रतियोगी अनधिकरण हेत्वधिकरणवृत्तिप्रतियोगी व्यधिकरण अभाव=घटाभाव. तदीय प्रतियोगितावच्छेदक घटत्व (पारिभाषिक अवच्छेदक)

घटत्वविशिष्टघटसम्बन्धि भूतल, એમાં જે अभाव लेवानो ते પણ प्रतियोगी व्यधिकरण लेवानो એટલે हवे भूतल પર घट छे माटे घटाभाव तो लेवाय ज नहि. पटाभावादि ज मळे = प्रतियोगितावच्छेदक पटत्वादि. अनवच्छेदक घटत्व એज अवच्छेदकत्व पदार्थ.

जागदीशी : अत्र स्वविशिष्टसम्बन्धित्वं साध्यतावच्छेदकसम्बन्धेन ग्राह्यम् । तेन प्रतियोगितावच्छेदकमात्रस्यैव यथाकथञ्चित्सम्बन्धेन यत्स्वविशिष्टसम्बन्धि तन्निष्ठाभाव-प्रतियोगितावच्छेदकत्वेऽपि न पारिभाषिकावच्छेदकाऽप्रसिद्धिः ।

પદવ્યાવૃત્તિ : 'સ્વવિશિષ્ટસંબંધિત્વ સાધ્યતાવચ્છેદકસંબંધેન લેવું. અન્યથા ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે અવ્યાપ્તિ.

ઘટત્વાદિથી વિશિષ્ટ ઘટાદિ, તેનો કાલિકથી સંબંધી પર્વત, તેમાં સંયોગથી ઘટાદિ-અભાવ, તે અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક તો ધૂમવન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ બધા જ બને છે. એટલે કે કોઈ પણ ઘટત્વાદિ ધર્મો તાદૃશપ્રતિયોગિતાના અનવચ્છેદક ન બને. આમ નિરુક્ત અવચ્છેદક જ અપ્રસિદ્ધ થઈ જાય.

પણ હવે સ્વવિશિષ્ટસંબંધિત્વ એ સાધ્યતાવચ્છેદક સંબંધથી લેવાનું છે, એટલે કોઈ વાંધો નહિ આવે. તે આ પ્રમાણે – ઘટત્વવિશિષ્ટઘટાદિ, તેના સાધ્યતાઅવચ્છેદક સંયોગ સંબંધથી સંબંધી પર્વત ન બને, પરંતુ ભૂતલાદિ બને. તેમાં સંયોગથી ઘટાભાવ ન મળે. ત્યાં પટાભાવ મળે. એની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ઘટત્વ બને. એટલે એ પારિભાષિક અવચ્છેદક બને.

जागदीशी : अभावश्चात्र प्रतियोगिव्यधिकरणो बोध्यः । तेन घटत्वाद्यवच्छेदकमात्रस्यैव स्वविशिष्टसम्बन्धिनिष्ठसंयोगसम्बन्धावच्छिन्नाभावप्रतियोगितावच्छेदकत्वात् पारिभाषिकावच्छेदकाऽप्रसिद्ध्या वह्निमान् धूमादित्यादौ नाव्याप्तिः ।

અભાવ પ્રતિયોગી વ્યધિકરણઃ પહેલાં જ આપણે કહી ગયા કે સ્વવિશિષ્ટ સમ્બન્ધિનિષ્ઠ જે અભાવ લેવાનો છે તે પ્રતિયોગી વ્યધિકરણ લેવો. જેથી ઘટ સંબંધિભૂતલમાં અન્યાવચ્છેદેન ઘટાભાવ ન લઈ શકાય.

અન્યથા, ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે ધૂમવન્નિષ્ઠાભાવની પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ, એ ઘટત્વવિશિષ્ટ ઘટના સંયોગેન સંબંધી ભૂતલમાં **સંયોગસ્ય વ્યાપ્યવૃત્તિત્વાત્** સંયોગાવચ્છિન્ન ઘટાભાવ પણ મળે જેનો પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ જ બની જાય. આ રીતે પારિભાષિકાવચ્છેદકની જ અપ્રસિદ્ધિ થવા પર અવ્યાપ્તિ આવે.

પ્રતિયોગીવ્યધિકરણ અભાવ કહેવાથી હવે ભૂતલમાં આ રીતે સંયોગાવચ્છિન્ન ઘટાભાવ ન લેવાય. પટાભાવાદિ લેતાં લક્ષણસમન્વય થઈ જાય.

जागदीशी : प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकविशिष्टप्रतियोग्यसम्बन्धित्वं स्वविशिष्टसम्बन्धिनो विशेषणं देयमिति तु फलितार्थः । तेनाभावमात्रस्यैव यथाकथञ्चित्कालिकादिसम्बन्धेन प्रतियोगिनः सम्बन्धिनि

वृत्तावपि न क्षतिः । [१]न वा हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूतविशिष्टसत्तात्वादेः सत्तात्वाद्यवच्छिन्नसम्बन्धिनिष्ठप्रतियोगिव्यधिकरणाभावप्रतियोगितानवच्छेदकत्वेऽपि सत्तावान् जातेरित्यादावव्याप्तिः ।

[२]तादृशाभावप्रतियोगित्वं तु साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नं ग्राह्यम् । तेन न घटत्वादेरपि स्वविशिष्टसम्बन्धिनिष्ठसमवायाद्यवच्छिन्नप्रतियोगिव्यधिकरणाभाव-प्रतियोगितावच्छेदकत्वेऽपि वह्निमान् धूमादित्यादाववच्छेदकाऽप्रसिद्धिनिबन्धनो दोषः ।

प्रतियोगितावच्छेदकसंबंधेन प्रतियोगीनुं असंबधि लेवुं :

प्रतियोगिता એ साध्यतावच्छेदक संबंधेन એम પહેલાં જ કહ્યું છે. એટલે साध्यतावच्छेदक संबंधेन लेवी प्रतियोगितानुं असंबधित्व लेवुं.

અન્યથા ***वह्निमान्, धूमात्*** માં प्रतियोगितावच्छेदक घटत्व.

घटत्वविशिष्ट घटसंबंधि भूतलमां कालिक संबंधथी प्रतियोग्यभाव પણ મળી જાય तो કોઈ प्रतियोगीव्यधिकरण अभाव જ ન મળે माटे अप्रसिद्धि.

હવે साध्यतावच्छेदक संयोगसंबंधथी घटप्रतियोगीनुं असंबंधी भूतल छे જ નહિ. પટાદિ प्रतियोगीनुं असंबंधी भूतल छे माटे પટાભાव જ લઈ शકાय.

१) प्रतियोगितावच्छेदकावच्छिन्न प्रतियोगी कहेवो.

અન્યથા ***सत्तावान्, जातेः*** માં अतिव्याप्ति.

जात्यधिकरण गुणमां प्रतियोगी-व्यधिकरण अभाव विशिष्टसत्ताभाव. प्रतियोगितावच्छेदक - विशिष्टसत्तात्व. હવે विशिष्टसत्ता अने शुद्ध सत्ता એક छे.

सत्तात्वविशिष्टसत्तासंबंधि गुणमां विशिष्टसत्त्वाभाव तो लेवाय नहि केमके तेनो प्रतियोगी सत्ता त्यां छे જ. એવો तो प्रतियोगी व्यधिकरण घटाभाव જ लेवाय तेथी प्रतियोगितावच्छेदक घटत्वादि, अनवच्छेदक विशिष्टसता. सत्तात्व એ पारिभाषिक प्रतियोगितावच्छेदक, साध्यतावच्छेदक बनता अव्याप्ति.

હવે, प्रतियोगितावच्छेदकावच्छिन्न प्रतियोगी कहेता आ आपत्ति रहेती नथी. जात्यधिकरण गुणमां विशिष्टसत्त्वाभाव प्रतियोगीव्यधिकरण बने. प्रतियोगिता-वच्छेदक विशिष्टसत्तात्व. विशिष्टसत्तात्वावच्छिन्नाभाववद् गुण बने. विशिष्टसत्तात्वविशिष्ट विशिष्टसत्ता संबंधिद्रव्य, એમાં विशिष्टसत्त्वाभाव न જ મળે. तेथी विशिष्टसत्तात्व એ प्रतियोगितानवच्छेदक રૂપ. तेथी पारिभाषिक अवच्छेदक पदार्थ =

વિશિષ્ટસત્તાત્વ.અને સાધ્યતાવચ્છેદક તો સત્તાત્વ છે.

આમ અવ્યાપ્તિ દૂર થઈ.

૨) સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠાભાવીય જે પ્રતિયોગિતા તે સાધ્યતાવચ્છેદકસમ્બન્ધથી લેવી.

અન્યથા ***વહ્નિમાન્, ધૂમાત્.***

ઘટાભાવ પ્રતિયોગિતાવચ્છેદક-ઘટત્વ.

ઘટત્વવિશિષ્ટઘટસમ્બન્ધિભૂતલનિષ્ઠ સમવાયેન ઘટાભાવ - તદીય પ્રતિયોગિતાનવચ્છેદક ઘટત્વ ન બનતાં તે અવચ્છેદક ન બન્યું. તેથી અવચ્છેદકત્વ અપ્રસિદ્ધિ.

હવે સમવાયેન પ્રતિયોગી વ્યધિકરણ ઘટાભાવ ન લેવાય પણ સંયોગેન લેવાય. કારણ સાધ્યતાવચ્છેદક સંબંધ સમવાય નથી, પણ સંયોગ છે. સંયોગ સંબંધથી ઘટાભાવ ઘટવિશિષ્ટ ભૂતલમાં ન મળે. અન્યાભાવ જ મળે એટલે અવ્યાપ્તિ રહેતી નથી.

जागदीशी : वस्तुतः पूर्ववदिहापि साध्यतावच्छेदकसम्बन्धेन निरुक्तप्रतियोग्यसम्बन्धित्वमेव स्वविशिष्टसम्बन्धिनो वक्तव्यम् । तेन वृत्त्यनियामकसम्बन्धेन साध्यतायां तादृशसम्बन्धावच्छिन्नप्रतियोगित्वाऽप्रसिद्धावपि नाव्याप्तिः ।

વસ્તુતઃ - તો પૂર્વની જેમ અહીં પણ **સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિનું અસંબંધિત્વ લેવું.** એટલે કે **હવે પ્રતિયોગિતા કોઈ પણ સંબંધથી અવચ્છિન્ન હોય.**

જો પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક સંબંધેન લેવાનો આગ્રહ રાખીએ તો ***ધની, ચૈત્રત્વાત્*** સ્થળે ઘટત્વવિશિષ્ટ ઘટ સંબંધિ ભૂતલમાં રહેલા પટાભાવની પ્રતિયોગિતા સ્વામિત્વસંબન્ધાવચ્છિન્ના જ અપ્રસિદ્ધ બની જાય.

હવે તો સંયોગેન પટાભાવ લેવાય. સંયોગેન પ્રતિયોગી પટનું અસંબંધી સ્વામિત્વસંબંધથી ભૂતલ છે જ.

जागदीशी : प्रतियोगितानवच्छेदकमित्यत्राऽवच्छेदकत्वं हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकताघटकसम्बन्धेन बोध्यम् । तेन घटत्वादेर्विषयितासम्बन्धेन घटत्वादिविशिष्टस्य ज्ञानादेः संयोगेनाभावस्य प्रतियोगिव्यधिकरणस्य घटत्वादिविशिष्टसम्बन्धिनिष्ठस्य प्रतियोगिताया विषयितासम्बन्धेनावच्छेदकत्वेऽपि न तादृशावच्छेदकाऽप्रसिद्धिः ।

'स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकं' લક્ષણમાં ઘટકીભૂત જે અવચ્છેદકતાનો અભાવ તે હેતુસમાનાધિકરણઅભાવપ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સંબંધેન લેવો.

वह्निमान्, धूमात् - પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સમવાય, પ્રતિયોગિવ્યધિકરણ ઘટાભાવ, પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ.

ઘટત્વવિશિષ્ટ ઘટસંબંધિભૂતલમાં રહેલો પ્રતિયોગિવ્યધિકરણ પટાભાવ, તદીય પ્રતિયોગિતાનો અવચ્છેદક પટત્વ, તેમાં પ્રતિયોગિતાવચ્છેદકતા તે સમવાયસંબંધ અવચ્છિન્ના છે જ તાદૃશ - એટલે કે સમવાયસંબંધેન પટત્વનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતાનો ઘટત્વમાં અભાવ છે. માટે ઘટત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક અર્થાત્ પ્રતિયોગ્યતાવચ્છેદકત્વાભાववત્ બની ગયું.

આમ લેવાથી ઘટત્વવિશિષ્ટ ઘટ સંબદ્ધભૂતલમાં વિષયિતાસંબંધેન (પ્રતિયોગી વ્યધિકરણ) ઘટત્વવિશિષ્ટ જ્ઞાનાભાવ અર્થાત્ વિષયિતાસંબંધેન ઘટત્વવિશિષ્ટજ્ઞાનનો સંયોગેન (સાધ્યતાવચ્છેદકસંબંધેન) અભાવ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વ. (આમ તે પ્રતિયોગિતાવચ્છેદકતાભાववત્ ન બન્યો.) તેમાં રહી ગઈ પ્રતિયોગિતાવચ્છેદકતા પણ આ તો છે વિષયિતાસંબંધ અવચ્છિન્ન પ્રતિયોગ્યતાવચ્છેદકતા. હવે તો અમે પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક સમવાયેન અવચ્છિન્ન કહીએ છીએ. એટલે સમવાયેન ઘટત્વવિશિષ્ટ જ્ઞાન બને જ નહિ. ઘટત્વવિશિષ્ટઘટ જ બને. તેનો સંયોગેન અભાવ જ ભૂતલમાં ન મળે. એટલે અવ્યાપ્તિ રહે નહિ.

जागदीशी : ननूक्तपारिभाषिकाऽवच्छेदकत्वद्वयस्य प्रवेशे मूलोक्तप्रतियोगिव्यधिकरणस्य प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोग्यनधिकरणार्थकत्वं विफलम्, हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकस्य द्रव्यत्वत्वादेर्विशिष्टसत्तात्वाद्यवच्छिन्नवन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकत्वादेव विशिष्टसत्तावान् जातेरित्यादावतिव्याप्त्यभावात् ।

પૂર્વપક્ષ : બે પ્રકારના પારિભાષિક અવચ્છેદક (તદવચ્છિન્નપ્રતિયોગિતાકાભાववદ સમ્બદ્ધસ્વવિશિષ્ટ સામાન્યકત્વં, સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકત્વમ્) નો તમે પ્રવેશ કરેલો છે તો પછી સિદ્ધાન્તલક્ષણી વ્યાપ્તિના મૂળ લક્ષણમાં પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન એવો પ્રતિયોગી વ્યધિકરણ અભાવ કહેવાની જરૂર જ નથી. અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન નિવેશ વ્યર્થ છે કેમકે તે નિવેશ

ન કરીએ તો વિશિષ્ટ *सत्तावान्, जातेः* સ્થળે જાત્યધિકરણ ગુણમાં વિશિષ્ટ સત્વાભાવ પ્રતિયોગીવ્યધિકરણ બન્યો ન હતો. (ગુણમાં શુદ્ધસત્તાડભિન્ન વિશિષ્ટસત્તા રૂપ તેનો પ્રતિયોગી હોવાથી) એટલે વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ન વિશિષ્ટસત્ત્વાભાવ ગુણમાં લીધો જે પ્રતિયોગીવ્યધિકરણ બની ગયો.

પણ અમે તો કહીશું કે જાત્યધિકરણ ગુણમાં વિશિષ્ટસત્ત્વાભાવ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નના નિવેશ વિના પ્રતિયોગીવ્યધિકરણ બનતો નથી, તો ભલે ન બને. જાત્યધિકરણ ગુણમાં દ્રવ્યત્વાભાવ એ પ્રતિયોગીવ્યધિકરણ બને છે તો તેને જ લેવો. પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ.

હવે દ્રવ્યત્વાભાવ અને વિશિષ્ટસત્ત્વાભાવ એ સમનિયત હોવાથી તેમનું ઐક્ય છે માટે પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ થાય તેમ વિશિષ્ટસત્તાત્વ પણ થાય. એટલે સ્વ પદથી અમે વિશિષ્ટ સત્તાત્વને લઈશું.

વિશિષ્ટસત્તાત્વાધિકરણવિશિષ્ટસત્તાસંબંધિદ્રવ્યમાં વિશિષ્ટસત્તાભાવ કે દ્રવ્યત્વાભાવ ન મળે. તેથી અન્યાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક આ બે ન બને. માટે યદ્ધર્મપદથી ગૃહીત વિશિષ્ટસત્તાત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક જ રહે. એટલે તે વિશિષ્ટસત્તાત્વ પારિભાષિક અવચ્છેદક બની ગયો. એજ સાધ્યતાવચ્છેદક છે. આમ અતિવ્યાતિનું વારણ મૂલોક્તવ્યાપ્તિ લક્ષણમાં પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નના નિવેશ વિના જ થઈ જવાથી તન્નિવેશ વ્યર્થ છે.

जागदीशी : न च संयोगेन घटाद्यभावस्यैव तत्समनियतघटविशिष्टवाच्यत्वाद्यभावत्वात्, तत्प्रतियोगित्वावच्छिन्नस्य च वाच्यत्वस्य सर्वत्र सत्त्वात्प्रतियोगिव्यधिकरणाभावस्यैवाऽप्रसिद्धिः स्यात्, यदि प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिवैयधिकरण्यप्रवेशो न स्यादिति वाच्यम् ।

ઉત્તરપક્ષ : તો પ્રતિયોગી વ્યધિકરણ અભાવ જ અપ્રસિદ્ધ બની જશે. *वह्निमान्, धूमात्* સ્થળે હેતુમન્નિષ્ઠાભાવ સંયોગેન ઘટાભાવ. હવે ભૂતલમાં ઘટ રહે છે અને વાચ્યત્વ પણ રહે છે. માટે સામાનાધિકરણ સંબંધથી ઘટવિશિષ્ટ વાચ્યત્વ રહે છે. પણ તેનો પર્વતમાં તો અભાવ છે. આમ સંયોગેન ઘટાભાવ અને ઘટવિશિષ્ટવાચ્યત્વાભાવ સમનિયત બનીને એક થઈ ગયા. હવે ઘટાભાવનો પ્રતિયોગી જેમ ઘટ છે તેમ ઘટવિશિષ્ટ વાચ્યત્વ પણ છે. અને આ ઘટવિશિષ્ટ વાચ્યત્વ એ શુદ્ધ વાચ્યત્વથી અતિરિક્ત નથી. એટલે ઘટાભાવ પ્રતિયોગી શુદ્ધ વાચ્યત્વ તો પર્વતમાં મળી જ જાય.

હવે ઘટાભાવ પ્રતિયોગી વ્યધિકરણ અભાવ જ નહિ બને. (વળી, વાચ્યત્વ સર્વત્ર રહેલું હોવાથી પ્રતિયોગી વ્યધિકરણ અભાવની જ અપ્રસિદ્ધિ થઈ જશે.)

હવે જો પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્ન પ્રતિયોગી વ્યધિકરણ અભાવ લઈએ તો આપત્તિ નથી. કારણ ઘટવૈશિષ્ટ્યવાચ્યત્વત્વાવચ્છિન્ન ઘટવિશિષ્ટવાચ્યત્વ તેના અનધિકરણ ધૂમવાન્ પર્વતમાં સંયોગેન ઘટાભાવ મળવાથી તે લક્ષણઘટક બની જ જાય છે. તેને લઈને લક્ષણ સમન્વય થઈ જશે.

जागदीशी : यत्प्रतियोगित्वावच्छिन्नस्यानधिकरणं हेत्वधिकरणं तत्प्रतियोगितावच्छेदकीभूतधर्मो यद्विशिष्टसम्बन्धिनिष्ठप्रतियोगिव्यधिकरणाभावप्रतियोगितानवच्छेदकस्तत्पारिभाषिकावच्छेदकमित्यस्य निर्दोषत्वात् । घटाभावस्य घटविशिष्टवाच्यत्वाभावस्वरूपत्वेऽपि तस्य घटत्वावच्छिन्नं यत्प्रतियोगित्वं तदाश्रयव्यधिकरणत्वस्य सुलभत्वादिति ।

પૂર્વપક્ષ : નહિ. અમે કહીશું કે જેની પ્રતિયોગિતાથી અવચ્છિન્ન પ્રતિયોગીનું અનધિકરણહેત્વધિકરણ બને તે પ્રતિયોગિતાવચ્છેદકીભૂત ધર્મ, યદ્વિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠપ્રતિયોગીવ્યધિકરણઅભાવપ્રતિયોગિતાનવચ્છેદક બને તો યદ્ પદ ગૃહીત ધર્મ પારિભાષિક અવચ્છેદક બને.

હવે ઘટાભાવની ઘટનિષ્ઠપ્રતિયોગિતાથી અવચ્છિન્ન ઘટનું અનધિકરણ હેત્વધિકરણ બને છે, માટે ઘટપ્રતિયોગિતાવચ્છેદકીભૂત ઘટત્વ ધર્મ એ યદ્ પદથી લેવાય. ઘટત્વવિશિષ્ટ ઘટસંબંધિભૂતલનિષ્ઠ પ્રતિયોગી વ્યધિકરણ પટાભાવાદિ પ્રતિયોગિતાનવચ્છેદક ઘટત્વ બની જાય, તેથી તે જ અવચ્છેદક બને.

ઘટવિશિષ્ટવાચ્યત્વાભાવ અને ઘટાભાવ ભલે એક હોય પણ વાચ્યત્વાભાવની ઘટત્વાવચ્છિન્ન જે પ્રતિયોગિતા છે. તે પ્રતિયોગિતાનો આશ્રય જે ઘટ, તેને વ્યધિકરણ એવો ઘટાભાવ તો મળી જ જાય છે.

આમ ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાશ્રય ઘટનું જ વ્યધિકરણ ઘટાભાવ સુલભતયા મળી જાય છે.

અર્થાત્ ઘટાભાવ, પ્રતિયોગિવ્યધિકરણ અભાવ તરીકે પર્વતમાં મળી જાય છે. એટલે પ્રતિયોગી વ્યધિકરણ અભાવની અપ્રસિદ્ધ રહેતી નથી.

આ રીતે કાર્ય થઈ જતાં પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્નનો મૂલોક્ત લક્ષણનિવેશ બરોબર નથી.

जागदीशी : न च तत्रावच्छेदकभेदेऽपि प्रतियोगितैक्यं युक्तम् । घटपटाद्यभावानामेकप्रतियोगिताकत्वापत्तेरिति चेत् ।

ઉત્તરપક્ષ : ભલે ઘટત્વ અને વાચ્યત્વત્વ બે અવચ્છેદકો હોય પણ બેય ના અભાવ એક હોવાથી પ્રતિયોગિતા તો એક જ છે. અને તેથી હેતુમન્નિષ્ઠઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્ન ઘટનું અનધિકરણ હેત્વધિકરણ બને. તેમાં વૃત્યભાવ ઘટાભાવ, તદીય પ્રતિયોગિતાનો અવચ્છેદક વાચ્યત્વત્વ બને. (પ્રતિયોગિતા એક છે માટે).

યદ્ધર્મ = વાચ્યત્વત્વવિશિષ્ટ વાચ્યત્વનું સંબંધિ પર્વત તેમાં વૃત્તિ વાચ્યત્વાભાવ તો ન જ મળે એટલે વાચ્યત્વત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બની જાય. આથી યદ્ધર્મપદગૃહીત વાચ્યત્વત્વ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ બનતા અવ્યાપ્તિ પણ નથી. આમ પ્રતિયોગી વ્યધિકરણ અભાવની 'પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન' નિવેશ ન હોવા છતાં અપ્રસિદ્ધિ તો નથી જ.

પૂર્વપક્ષ : નહિ પ્રતિયોગિતાના અવચ્છેદક બેય છે જ તો પહેલાં જ યત્પ્રતિયોગિત્વાવચ્છેદક વાચ્યત્વ જ પકડવું જોઈએ. એટલે તેનું અનધિકરણ જ હેત્વધિકરણ નથી માટે તે રીતે પ્રતિયોગિતાને એક માની શકાય નહિ.

જો તેમ કરો તો તો ઘટાભાવ પટાભાવાદિની પ્રતિયોગિતાનું પણ ઐક્ય થઈ જવાની આપત્તિ આવે. માટે અવચ્છેદકભેદેઽપિ પ્રતિયોગિતાનું ઐક્ય માની શકાય નહિ. આમ પ્રતિયોગિતાવચ્છદકાવચ્છિન્નના અનિવેશેઽપિ કાર્ય ઉપપન્ન થઈ જાય છે.

जागदीशी : अत्र प्राञ्चः । यत्प्रतियोगिताश्रयानधिकरणं हेत्वधिकरणं तत्प्रतियोगितावच्छेदकेत्याद्यभिधाने वह्निमान् धूमादित्यत्राऽव्याप्तिः, स्वरूपसम्बन्धात्मिकायाः प्रतियोगितायाः प्रतिव्यक्तिभिन्नत्वात् । वह्नित्वावच्छिन्नाभावीयं महानसीयवह्निनिष्ठं यत्प्रतियोगित्वं तदवच्छिन्नानधिकरणहेतुमत्पर्वतादिनिष्ठवह्निसामान्याभावप्रतियोगितावच्छेदकीभूतवह्नित्वादेः स्वविशिष्टसम्बन्धिनिष्ठनिरुक्तप्रतियोगिव्यधिकरणाभावप्रतियोगितानवच्छेदकत्वात् । प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिवैयधिकरण्यप्रवेशे तु तादृशप्रतियोगिताया अवच्छेदकं यद्वह्नित्वादिकं तदवच्छिन्नानधिकरणत्वं न हेतुमतः पर्वतादेरित्यदोष इत्याहुः ।

આની સામે પ્રાચીનો કહે છે કે યત્પ્રતિયોગિતાશ્રય અનધિકરણ હેત્વધિકરણ

તત્પ્રતિયોગિતાવચ્છેદકં યદ્ધર્મવિશિષ્ટ...આદિ લેતાં ***વહ્નિમાન્, ધૂમાત્*** માં અવ્યાપ્તિ.

વહ્નિમાન્, ધૂમાત્

ધૂમાધિકરણ(પર્વત)માં મહાનસીય વહ્ન્યભાવ મળે છે. (જેનો સંબંધ અવ્યાપ્યવૃત્તિ તે સંબંધી પણ અવ્યાપ્યવૃત્તિ.) વહ્ન્યભાવીય સ્વરૂપસંબંધાત્મિકા પ્રતિયોગિતા મહાનસીયવહ્નિમા રહી. સ્વરૂપસંબંધાત્મિકા પ્રતિયોગિતા પ્રતિવ્યક્તિસ્વરૂપ બનતાં ભિન્ન ભિન્ન બને છે. હવે આ મહાનસીયવહ્નિનિષ્ઠપ્રતિયોગિતાથી અવચ્છિન્ન જે મહાનસીયવહ્નિ, એનું અનધિકરણ હેત્વધિકરણ પર્વત છે જ. (આમ વહ્ન્યભાવને પ્રતિયોગીવ્યધિકરણ બનાવ્યો.) તન્નિષ્ઠ જે વહ્ન્યભાવ તત્પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વ, યદ્ધર્મ = વહ્નિત્વવિશિષ્ટ વહ્નિસામાન્યનું સંબંધિ પર્વતમાં પ્રતિયોગીવ્યધિકરણ વહન્યભાવ ન મળે. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ બની જાય. તેથી યદ્ધર્મ પદગૃહીત વહ્નિત્વ એ પારિભાષિક અવચ્છેદક બને. એજ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ. હવે પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્ન કહે તો વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિનું અનધિકરણ જ હેત્વધિકરણ નથી માટે વહ્ન્યભાવ ન પકડાય. (ઘટાભાવ લેતા લક્ષણસમન્વય થઈ જાય.)

(અહીં ૧ = પૂર્વોક્ત પારિભાષિક અવચ્છેદક એ જો ૨ = પ્રતિયોગિતા અનવચ્છેદક બને તો ૩ = યદ્ધર્મપદગૃહીત એ પારિભાષિક અવચ્છેદક બને.)

जागदीशी : परे तु प्रतियोगिभेदेऽपि एकधर्मावच्छिन्नप्रतियोगिता लाघवादेकैवेति मते वह्निमान् धूमादित्यादौ नाव्याप्तिः । परन्तु तद्भूपान्यत्वविशिष्टसत्तावान् रूपत्वादित्यादावतिव्याप्तिरेव स्याद्यदि प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगि-व्यधिकरणाभावो मौलो न स्यात् ।

प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकस्य घटत्वादेः सर्वस्यैव तद्रूपान्यत्वविशिष्टसत्तात्वावच्छिन्नसम्बन्धिनिष्ठाभावप्रतियोगितावच्छेदकत्वेन तादृशसत्तात्वस्य पारिभाषिकानवच्छेदकत्वादिति प्राहुः । (तच्चिन्त्यम् ।)

બીજા કેટલાક કહે છે કે પ્રતિયોગિતા જો એકધર્માવચ્છિન્ના (પટત્વાવચ્છિન્ના, ઘટત્વાવચ્છિન્ના) હોય તો પ્રતિયોગીના ભેદે પણ લાઘવાત્ એક જ કહેવાય. અને તેથી ***વહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે તો અવ્યાપ્તિ નથી. પણ ***તદ્ભૂપાન્યત્વવિશિષ્ટસત્તાવાન્, રૂપત્વાત્*** સ્થળે અતિવ્યાપ્તિ આવે. રૂપત્વનું વ્યભિચાર નિરૂપક અધિકરણ તદ્ભૂપ બને. તેમાં તદ્ભૂપાન્યત્વવિશિષ્ટ સત્ત્વાભાવ છે.

પણ તે પ્રતિયોગીવ્યધિકરણ નથી. કેમકે તે અભાવનો પ્રતિયોગી શુદ્ધ સત્તા એ તો તદ્રૂપમાં છે જ. એટલે આ અભાવ ન લેવાય.

ઘટાભાવ લેવો જોઈએ. પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ । (પૂર્વોક્ત પારિભાષિક અવચ્છેદક)

હવે યદ્ધર્મ પદથી જો તદ્રૂપાન્યત્વવિશિષ્ટ સત્તાત્વ પકડી શકાય તો જ તે પારિભાષિક પ્રતિયોગિતા-અવચ્છેદક બને. અને એજ સાધ્યતાવચ્છેદક બનતા અતિવ્યાતિ ન રહે. પણ અહીં યદ્ધર્મ પદથી તે ન પકડાય કેમકે તદ્રૂપાન્યત્વવિશિષ્ટ સત્તાત્વવિશિષ્ટ-તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તા, એનું સંબંધી તદ્રૂપાન્ય, તેમાં પ્રતિયોગીવ્યધિકરણ ઘટાભાવ મળી જાય એટલે પૂર્વોક્ત પારિભાષિક અવચ્છેદક ઘટત્વ એ અહીં પ્રતિયોગિતા-નવચ્છેદક બનતું નથી.

એટલે હવે અતિવ્યાપ્તિ આવે.

(આશય એ છે કે – યત્પ્રતિયોગિતાત્વાવચ્છિન્નાનધિકરણ હેત્વધિકરણ હોય, તત્પ્રતિયોગિતાવચ્છેદકધર્મ યદ્ધર્મવિશિષ્ટસંબંધનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રતિયોગિવ્યધિકરણાભાવપ્રતિયોગિતાનવચ્છેદક હોય, તે ધર્મ પારિભાષિક અવચ્છેદક બને – આમ જો કહીએ તો તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તાવાન્ રૂપત્વાત્ અહીં અતિવ્યાપ્તિ આવે. કેમકે તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તાભાવની પ્રતિયોગિતાનો આશ્રય જે શુદ્ધસત્તા, તેનું અધિકરણ હેતુમાન્ રૂપ બને, એટલે તાદૃશસત્તાભાવ લક્ષણઘટક ન બને, એટલે તાદૃશપ્રતિયોગીઅનધિકરણ હેત્વધિકરણરૂપાદિનિષ્ઠઘટાદ્યભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક ઘટત્વાદિ જ તદ્રૂપાન્યત્વ વિશિષ્ટસંબંધિનિષ્ઠ-અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક બને, એટલે યદ્ધર્મપદથી તદ્રૂપાન્યત્વ વિશિષ્ટસત્તાત્વ ન લેવાય, ઘટત્વાદિ લેવાય, તદ્ભિન્ન તાદૃશસત્તાત્વ સાધ્યતાઅવચ્છેદક છે. માટે અતિવ્યાપ્તિ.)

હવે જો પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન લઈએ તો તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તા-ત્વાવચ્છિન્ન તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્ત્વાભાવ પોતે જ તદ્રૂપમાં પ્રતિયોગીવ્યધિકરણ અભાવ બની જાય. પ્રતિયોગિતાવચ્છેદક તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તાત્વ (પૂર્વોક્ત પારિ. અવચ્છેદક). હવે યદ્ધર્મ પદથી તેજ તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તાત્વ લેવાય. કેમકે તદ્વિશિષ્ટ તદ્રૂપાન્યત્વવિશિષ્ટ સત્તા, એનું સંબંધી તદ્રૂપાન્ય, એમાં ઘટાભાવાદિ મળે પણ તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્ત્વાભાવ તો ન જ મળે તેથી તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્ત્વાભાવ એ પ્રતિયોગિતાનવચ્છેદક બની જાય.

આથી યદ્ધર્મપદથી ગૃહીત તદ્રૂપાન્યત્વવિશિષ્ટસત્તાત્વ = પારિભાષિક

પ્રતિયોગિતાવચ્છેદક એજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહે નહિ.

આમ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નના નિવેશની આવશ્યકતા રહે જ છે.

जागदीशी : इदन्त्ववधातव्यम् । अत्रापि लक्षणे हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यद्यत्सम्बन्धेन यादृशयादृशधर्मविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकं तत्तत्सम्बन्धेन तादृशतादृशधर्मावच्छिन्नविशेष्यतान्यसाध्यतावच्छेदकतावच्छेदकघटकसम्बन्धावच्छिन्नविशेष्यतावच्छेदकत्वमेव साध्यतावच्छेदके द्रष्टव्यम् । नातः प्रागुक्तदोषाणामवकाशः ।

જગદીશ કહે છે આ લક્ષણમાં પણ હેતુમન્નિષ્ઠાભાવ પ્રતિયોગિતાવચ્છેદક એ જે જે સંબંધથી અને જે જે ધર્મ વિશિષ્ટ સંબંધિમાં રહેલા અભાવની પ્રતિયોગિતાનું અનવચ્છેદક બને તે તે સંબંધથી તે તે ધર્માવચ્છિન્ન જે વિશેષ્યતા એનાથી ભિન્ન સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધઅવચ્છિન્ન વિશેષ્યતાનું અવચ્છેદક એજ સાધ્યતાવચ્છેદક બને. આમ કહેવાથી પ્રાગુક્તદોષો લાગતા નથી.

સૌથી પહેલા આપણે આ લક્ષણને ***वह्निमान्, धूमात्*** સ્થળે ઘટાભાવ લઈને ઘટાવી લઈએ.

ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ એ સમવાયસંબંધેન ઘટત્વ વિશિષ્ટ ઘટ સંબંધી ભૂતલમાં રહેલા અભાવોની પ્રતિયોગિતાનું અનવચ્છેદક છે. માટે સમવાયસંબંધેન ઘટત્વાવચ્છિન્ના ઘટનિષ્ઠાવચ્છેદકતા નિરૂપિત વિશેષ્યતાથી સમવાય સંબંધેન વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિત વિશેષ્યતા ભિન્ન જ છે. માટે તેનો અવચ્છેદક વહ્નિત્વ એ સાધ્યતાવચ્છેદક ધર્મ બને.

આ વિવક્ષા કરવાથી હવે પૂર્વોક્ત દોષઓ પણ રહેશે નહિ.

હવે પૂર્વોક્ત દોષો કયાં કયાં હતા તે સ્થળો નોંધી લઈએ.

૧. વહ્નિમાન્ ધૂમાત્ કાલિકેન ગગનત્વ વિશિષ્ટઘટાભાવ । પૃ. ૫૧

૨. પુરુષાનુયોગિક સંયોગેન દણ્ડી કાલિકેન સાધ્યતા । પૃ. ૫૨

૩. ધૂમત્વપ્રકારક પ્રમાવિશેષ્યતાવાન્, વહ્નેઃ । પૃ. ૫૩

૪. તાદાત્મ્યેન ધૂમવાન્, દ્રવ્યત્વાત્ । પૃ. ૫૪

૫. વિશિષ્ટસત્તાવાન્, જાતેઃ । પૃ. ૫૭

૬. સત્તાવાન્, ભાવત્વાત્ । પૃ. ૫૭

૭. પ્રમેયધૂમવાન્, વહ્નેઃ । પૃ. ૫૮

૮. ધની, ચૈત્રત્વાત્ । પૃ. ૬૨

એમાંથી આપણે કેટલાકને લઈએ.

૧લુ સ્થળ : *વહ્નિમાન્, ધૂમાત્*

કાલિકેનગગનત્વવિશિષ્ટ ઘટાભાવ પ્રતિયોગિતા-વચ્છેદક ગગનત્વ. તે સ્વરૂપસંબંધેન ગગનત્વવિશિષ્ટ ગગનસંબંધિભૂતલનિષ્ઠાભાવની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ગગનત્વ બને છે. માટે સ્વરૂપસંબંધથી ગગનાવચ્છિન્ન ગગનત્વનિષ્ઠા-વચ્છેદકતાનિરૂપિત વિશેષ્યતાથી ભિન્ન વહ્નિત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિત વિશેષ્યતા છે માટે તેનો અવચ્છેદક વહ્નિત્વ ધર્મ એ સાધ્યતાવચ્છેદક બને. પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ બને.

ઉજુ સ્થળ : *ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યવાન્, વહ્નેઃ*

અહીં ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્ય અભાવીય પ્રતિયોગિતાવચ્છેદક લાઘવાત્ ધૂમત્વ બને. સ્વરૂપેણ ધૂમત્વપ્રકારક પ્રમાવિશેષ્યત્વ વિશિષ્ટ ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્ય, એનું સંબંધિ પર્વત, તન્નિષ્ઠ ધૂમાભાવ ન મળે એટલે ધૂમત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બન્યો.

માટે તે સ્વરૂપસંબંધથી અવચ્છિન્ન ધૂમત્વપ્રકારક પ્રમાવિશેષ્યત્વનિષ્ઠાવચ્છેદકતા નિરૂપિત ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યનિષ્ઠવિશેષ્યતાથી **ભિન્ન**, સ્વરૂપસંબંધ અવચ્છિન્ન ધૂમત્વપ્રકારકકપ્રમાવિશેષ્યત્વનિષ્ઠાવચ્છેદકતાનિરૂપિત ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યનિષ્ઠ વિશેષ્યતા નથી. એક જ છે માટે વિશિષ્યતાનો અવચ્છેદક ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક જ સાધ્યતાવચ્છેદક બની જતા અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : न वा महानसीयवह्नित्वादेः पारिभाषिकावच्छेदकतया तदन्यत्वस्य वह्नित्वादावसत्त्वेऽपि वह्निमान् धूमादित्यादावव्याप्तिः, विशिष्टवह्नित्वाभिन्नस्यापि वह्नित्वस्य विशिष्टवह्नित्वावच्छिन्नविशेष्यतान्यविशेष्यतावच्छेदकत्वानपायात् ।

હવે આમ લેતા ***વહ્નિમાન્, ધૂમાત્*** માં પણ મહાનસીયવહ્ન્યભાવ લેતા દોષ આ રીતે આવતો હતો. જુઓ પ્રતિયોગિતાવચ્છેદક = મહાનસીય વહ્નિત્વ, મહાનસીય-વહ્નિત્વવિશિષ્ટ મહાનસીયવહ્નિ સંબંધી મહાનસમાં મહાનસીયવહ્ન્યભાવ ન મળે એ મહાનસીયવહ્નિત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બને.

પણ આ મહાનસીય વહ્નિત્વ એટલે મહાનસનિરૂપિત વૃત્તિત્વવિશિષ્ટ વહ્નિત્વ -


વિશિષ્ટં શુદ્ધાન્નાતિરિચ્યતે ન્યાયાત્ પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ પણ બને.

યદ્ધર્મથી લીધેલો આમ મહાનસીય વહ્નિત્વ એ વહ્નિત્વ સ્વરૂપ છે.

તેથી તેજ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ.

પણ હવે તેમ નહિ રહે.

ઉપર મુજબ સમવાયેન મહાનસીયવહ્નિત્વ પ્રતિયોગિતાવચ્છેદક છે એ જ પ્રતિયોગિતાનવચ્છેદક પણ છે પરંતુ અહીં



માટે તેનો અવચ્છેદક - વહ્નિત્વ ધર્મ સાધ્યતાવચ્છેદક બન્યો. મહાનસીયવહ્નિત્વ જ પારિભાષિક પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. (જાગદીશીનો અર્થ આ પ્રમાણે : ભલે વહ્નિત્વમાં મહાનસીયવહ્નિત્વભિન્નત્વ નથી, તો પણ મહાનસીયવહ્નિત્વ પારિભાષિક અવચ્છેદક હોવાથી *વહ્નિમાન્ ધૂમાત્* સ્થળે હવે અવ્યાપ્તિ નહિ આવે, કેમકે મહાનસીય-વહ્નિત્વથી અભિન્ન એવું પણ વહ્નિત્વ મહાનસીયવહ્નિત્વાવચ્છિન્નવિશેષ્યતાભિન્ન-વિશેષ્યતાનું અવચ્છેદક તો બનવાનું જ છે.) આમ લક્ષણ અવ્યાપ્ત ન થયું.

जागदीशी : ननु कालो घटवान् महाकालत्वादित्यादावव्याप्तिः, गगनत्वादि-विशिष्टस्य कालिकसम्बन्धेन सम्बन्ध्यप्रसिद्ध्या पारिभाषिकावच्छेदकत्वासम्भवात् । न च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये यादृशधर्मावच्छिन्नाभाववदनुयोगिकत्वयद्धर्म-विशिष्टप्रतियोगिकत्वोभयाभावस्तत्त्वं विवक्षितम्, तच्च गगनत्वादौ सुलभमिति वाच्यम् ।

પૂર્વપક્ષ : *कालिकेन घटवान्, महाकालत्वात्* માં તો હજુય દોષ દૂરુદ્ધર છે.

ગગનાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વ, સ્વરૂપેણ ગગનત્વવિશિષ્ટ ગગનનો સંબંધી જ કાલિકસંબંધથી અપ્રસિદ્ધ છે. (સંબંધિતા સાધ્યતાવચ્છેદક સંબંધથી લેવી એમ પૂર્વે કહી ગયા છે.)

ઉત્તરપક્ષ : અમે કહીશું કે સાધ્યતાવચ્છેદક કાલિક સંબંધ સામાન્યમાં ગગનત્વાવચ્છિન્નાભાવવત્ કાલાનુયોગિકત્વ હોવા છતાં ગગનત્વવિશિષ્ટ ગગનપ્રતિયોગીત્વનો અભાવ રહેવાથી ઉભયાભાવ રહી ગયો માટે તદ્ધર્મ એજ અવચ્છેદક બની જાય. આમ ગગનમાં અવચ્છેદકત્વ પ્રસિદ્ધિ સુલભ છે.

जागदीशी : तथा सति प्रमेयधूमवान् वह्नेरित्यादावतिव्याप्तेरित्युक्तत्वात् । धूमत्वविशिष्टप्रतियोगिकत्वघटितातादृशोभयत्वापेक्षया प्रमेयधूमत्वविशिष्टप्रतियोगिकत्वघटितातादृशोभयत्वस्य गुरुत्वेन तदवच्छिन्नप्रतियोगित्वा-प्रसिद्धेरिति चेत् ?

પૂર્વપક્ષ : તો તો પછી ***प्रमेयधूमवान्, वह्नेः*** માં ફરી અતિવ્યાપ્તિ આવશે. સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધમાં વહ્ન્યધિકરણ અયોગોલકાનુયોગિત્વ હોવા છતાં પ્રમેયધૂમત્વ વિશિષ્ટ પ્રતિયોગિકત્વ જ અપ્રસિદ્ધ છે. કેમકે લઘૂભૂત ધૂમત્વવિશિષ્ટ પ્રતિયોગિક જ પ્રસિદ્ધ છે. માટે ગુરૂભૂત ધર્માવચ્છિન્ના પ્રતિયોગિતા સંભવતી નથી. લઘૂભૂત ધૂમત્વ ઘટિતત્વ એટલે કે તાદૃશઉભયત્વ એ પૂર્વના ઉભયત્વથી ગુરુભૂત હોવાથી અપ્રસિદ્ધિ છે. આમ અપ્રસિદ્ધ નિબંધના લક્ષણ અતિવ્યાપ્તિ થઈ.

जागदीशी : अत्र वदन्ति स्वविशिष्टप्रतियोगिकत्वानि विशिष्योपादाय साध्यतावच्छेदकसम्बन्धसामान्ये हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकीभूततत्तद्धर्मावच्छिन्नाभाववदनुयोगिकत्वस्य यद्धर्मविशिष्टप्रतियोगिकत्वव्यक्तीनां प्रत्येकस्य च द्वयोर्व्यतिरेकः स धर्मः पारिभाषिकावच्छेदकः ।-प्रमेयधूमत्वावच्छिन्नप्रतियोगिकत्वघटितोभयत्वस्य गुरुतया प्रतियोगितानवच्छेदकत्वेऽपि तत्तद्धर्मप्रतियोगिकत्वघटितोभयाभावकूटमादायैव नातिव्याप्तिः । कालो घटवान् महाकालत्वादित्यादौ च गगनत्वमेव तादृशावच्छेदकमादाय लक्षणसमन्वय इति ।

अत्र वदन्ति । - પ્રમેયધૂમત્વવિશિષ્ટપ્રતિયોગિકત્વ ઘટિત ઉભયાભાવ લે તો તે ગુરૂભૂત બને. કેમકે ધૂમત્વવિશિષ્ટપ્રતિયોગિકત્વ ઘટિત લઘુભૂત ઉભયત્વ છે. અમે તો કહીશું કે પ્રમેયધૂમત્વવિશિષ્ટ પ્રતિયોગિકત્વ એ **तद्व्यक्तित्वेन** લેવું. એટલે હવે ધૂમત્વવિશિષ્ટ પ્રતિયોગિકત્વની અપેક્ષાએ તે ગુરૂભૂત છે તેમ કહી શકાય નહિ. કેમકે

પ્રમેયધૂમત્વવિશિષ્ટ પ્રતિયોગિકત્વ એ એક સ્વતંત્રવ્યક્તિ છે. ધૂમત્વવિશિષ્ટ પ્રતિયોગિકત્વ સ્વરૂપ નથી. હવે તદ્વ્યક્તિત્વેન ઉભયાભાવ લઈએ તો તો (આ સ્થળે નહિ પણ અન્યત્ર) તદ્વ્યક્તિઓ (ધૂમત્વવિશિષ્ટપ્રતિયોગિકત્વ) ભિન્ન ભિન્ન પડે એટલે સંબંધસામાન્યમાં તાદશ અનુયોગિકત્વ હોય પણ સાથે તે તે પ્રતિયોગિકત્વ વ્યક્તિનો અભાવ પણ હોય. આમ પ્રતિયોગિકત્વવ્યક્તિઓ જુદી જુદી પડવાથી દરેક તે તે વ્યક્તિનો અનુયોગિકત્વ હોવા સાથે અભાવ મળે એટલે ઘણા ઉભયભાવો થાય. માટે અમે તદ્વ્યક્તિત્વેન લીધો. એ પણ સાથે કહીશું કે સંબંધસામાન્યમાં ઉભયાભાવકૂટ જોઈએ. નિષ્કર્ષ એ આવ્યો કે તાદશોભયાભાવકૂટનો નિવેશ કરેલો હોવાથી ગૌરવ-લાઘવ અકિંચિત્કર = નકામા હોવાના લીધે સંયોગસામાન્યમાં જ તાદશોભયાભાવ મળી જાય, એટલે પ્રમેયધૂમત્વ જ પારિભાષિક અવચ્છેદક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

જયાં ઉભયત્વેન ઉભયાભાવ લઈએ છીએ ત્યાં તો ગુરૂભૂત ધર્મ વિશિષ્ટ-પ્રતિયોગિકત્વ હોતું નથી. એટલે તદ્વ્યક્તિત્વેન કહેવાની જરૂર રહેતી નથી. એટલે ઉભયાભાવકૂટ કથન પણ વ્યર્થ જાય. જેની પ્રસ્તુતમાં જરૂર છે. આમ પ્રમેયધૂમત્વવિશિષ્ટપ્રતિયોગિકત્વ તદ્વ્યક્તિત્વેન લેતાં ગુરૂભૂત ન બનતાં અપ્રસિદ્ધ ન બને. ઉભયાભાવ મળી જાય.

એટલે તે પ્રમેયધૂમત્વ ધર્મ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતા અતિવ્યાપ્તિ ન રહે.

ઘટવાન્, મહાકાલત્વાત્ માં હવે દોષ દૂર થઈ જ ગયો છે. આમ ત્યાં પણ લક્ષણ સમન્વય ઉભયાભાવ લેતા થઈ જાય છે. સાધ્યતાવચ્છેદક કાલિક સંબંધ સામાન્યમાં હેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વાવચ્છિન્નાભાવવન્મહાકાલાનુયોગિકત્વ છે, તો પણ તાદાત્મ્યમાં રહેલ ગગનત્વાવચ્છિન્નપ્રતિયોગિકત્વ નથી, એટલે યદ્ધર્મપદથી ગગનત્વાદિ જ લઈ શકાય, એટલે પ્રસ્તુતમાં અવ્યાપ્તિ ન આવે. એમ અત્રે સમજવું.

जागदीशी : वस्तुतस्तु हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदको यो धर्मः प्रतियोगिव्यधिकरणस्तदवच्छिन्नाभाववत्त्वावच्छेदेन साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नसम्बन्धितानिरूपितविशेषणतया यद्धर्मविशिष्टसम्बन्धित्वसामान्याभावस्तत्त्वे,

---

વસ્તુતઃ કહીને જગદીશ ***કાલો ઘટવાન્*** સ્થળની અવ્યાપ્તિ આ રીતે દૂર કરે છે.

હેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદક જે ધર્મ, પ્રતિયોગી વ્યધિકરણ તદવચ્છિન્નાભાવ વ્યાપક જે સાધ્યતાવચ્છેદક સંબંધ અવચ્છિન્ન સંબંધિતા પ્રતિયોગિક સ્વરૂપસંબંધથી યદ્ધર્મ વિશિષ્ટ સમ્બન્ધિત્વસામાન્યાભાવ તે (યદ્ધર્મ) અવચ્છેદક કહેવાય.

કાલો ઘટવાન્, મહાકાલત્વાત્ ।

સમવાયેન ઘટાભાવ, પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ, પ્રતિયોગી વ્યધિકરણ - ઘટત્વાવ-ચ્છિન્નાભાવ = ઘટાભાવ કાલમાં વ્યાપક, કાલિકસંબંધ અવચ્છિન્ન સંબંધિતા(કાલનિષ્ઠા) પ્રતિયોગિકસ્વરૂપસંબંધથી ગગનત્વવિશિષ્ટ ગગનસંબંધિતા કાલમાં નથી. અર્થાત્ ગગનત્વવિશિષ્ટ ગગનસંબંધિત્વાભાવ કાળમાં છે. આમ આ વિલક્ષણ સંબંધથી ગગનસંબંધિત્વાભાવ કાળમાં છે અને ઘટાભાવ પણ કાળમાં છે. એટલે તેનો વ્યાપક ગગનત્વવિશિષ્ટગગનસંબધિત્વાભાવ બની ગયો. માટે ગગનત્વ એજ પ્રતિયોગિતા અવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બને.

અહીં પહેલાં સાધ્યતાવચ્છેદક કાલિકેન ગગનસંબંધિતા લેવા જતાં તે અપ્રસિદ્ધ રહેતી હતી. હવે તો ગગનત્વવિશિષ્ટગગનસંબંધિતા તાદાત્મ્યેન ગગનમાં જ પ્રસિદ્ધ છે તેનો અભાવ વિ.લક્ષણસંબંધથી કાળમાં ઘટાભાવત્વાવચ્છેદેન મળી ગયો.

આ વિવક્ષા એ સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠાભાવાપ્રતિયોગિત્વમ્ ઉપરથી કરેલી છે. પણ સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવાપ્રતિયોગિત્વમ્ને અનુરૂપ આ વિવક્ષા નથી એટલે હવે તેને અનુરૂપ વિવક્ષા કરીને ગગનત્વને અવચ્છેદક બનાવે છે.

जागदीशी : यद्धर्मे हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकधर्मावच्छिन्नप्रतियोग्यनधिकरणवृत्त्यधिकरणतावच्छेदकत्वसामान्यस्य प्रकृतसाध्याधिकरणतावच्छेदकत्वनिरूपितस्वरूपसम्बन्धेनाभावस्तत्वे वा स्वविशिष्टसम्बन्धीत्यादिनिरुक्तेस्तात्पर्याद् गगनत्वादौ सहजतः पारिभाषिकावच्छेदकत्वं सुलभमिति ध्येयम् ।

યદ્ધર્મે હેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકધર્માવચ્છિન્ન પ્રતિયોગ્યનધિકરણ વૃત્તિ અધિકરણતાવચ્છેદકત્વ સામાન્યસ્ય પ્રકૃતસાધ્યાધિકરણતાવચ્છેદકતા પ્રતિયોગિક-સ્વરૂપસંબંધેન અભાવઃ । તત્ત્વં અવચ્છેદકત્વં ।

હેતુમન્નિષ્ઠઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્ન ઘટનું અનધિકરણ જે મહાકાલ તેમાં વૃત્તિ અધિકરણતા નિરૂપિત અવચ્છેદકત્વ ઘટત્વાદિમાં જાય, ગગનત્વમાં ન જાય. અને ઘટાધિકરણતાવચ્છેદકત્વપ્રતિયોગિકસ્વરૂપસંબંધથી તો તે અવચ્છેદકત્વનો ગગનત્વમાં સામાન્યાભાવ છે જ તો યદ્ધર્મગૃહીત ગગનત્વ ધર્મ એ

અવચ્છેદક બની જાય.

આ વિવક્ષા હેતુમન્નિષ્ઠાભાવ પ્રતિયોગીવ્યધિકરણ પ્રતિયોગિતાવચ્છેદકં યદ્ધર્મ વિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠપ્રતિયોગીવ્યધિકરણઅભાવપ્રતિયોગિતાનવચ્છેદકત્વં અવચ્છેદકત્વમ્ લક્ષણને અનુરૂપ છે માટે સ્વીકાર્ય છે.

जागदीशी : केचित्तु तादात्म्यसाध्यतावच्छेदकान्यतरसम्बन्धेन यः स्वविशिष्टसम्बन्धी तन्निष्ठो यस्तदन्यतरसम्बन्धेन प्रतियोगिव्यधिकरणोऽभावस्तत्प्रतियोगितानवच्छेदकतत्कत्वमुक्तलक्षणार्थः ।

तथा च तादृशान्यतरतादात्म्यसम्बन्धेन गगनत्वविशिष्टसम्बन्धिनि आकाशे वर्तमानो गगनाभावो नैतादृशान्यतरसम्बन्धेन प्रतियोगिव्यधिकरणः, तस्य तादात्म्येन प्रतियोगिसमानाधिकरणत्वात्, किन्तु घटाभाव एव तथेति तत्प्रतियोगितानवच्छेदकमेव हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूतं गगनत्वमिति तमादायैव कालो घटवान् महाकालत्वादित्यादौ लक्षणसङ्गतिः ।

કેચિત્તુ : કહે છે કે તાદાત્મ્ય અથવા તો સાધ્યતાવચ્છેદકસંબંધથી જે યદ્ધર્મવિશિષ્ટ સંબંધી, તેમાં વળી અન્યતરસંબંધથી રહેલો પ્રતિયોગી વ્યધિકરણ અભાવ તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક તે અવચ્છેદકત્વ.

હવે ***कालो, घटवान्*** માં ગગનત્વ વિશિષ્ટ ગગનનું તાદાત્મ્યેન સંબંધી ગગન બને. તેમાં તાદાત્મ્યસંબંધથી ગગન છે એટલે અન્યતરસંબંધથી પ્રતિયોગી વ્યધિકરણ ગગનાભાવ તો ન જ બન્યો. અન્ય ઘટાભાવાદિ અન્યતર સંબંધથી પ્રતિયોગી વ્યધિકરણ બને. પ્રતિયોગિતાનવચ્છેદક ગગનત્વ (યદ્ધર્મ પદ ગૃહીત) બને માટે તેજ પારિભાષિક અવચ્છેદક બને. આમ, લક્ષણસંગતિ થઈ જાય છે.

जागदीशी : न चैवं धूमगगनाभावान्यतरस्य संयोगेन साध्यत्वे वह्न्यादावतिव्याप्तिः, तादृशान्यतरत्वापेक्षया लघुत्वेन धूमत्वस्यैव हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वात्, तस्य च संयोगतादात्म्यान्यतरसम्बन्धेन यस्तदन्यतरत्वविशिष्टस्य सम्बन्धी गगनाभावस्तन्निष्ठस्य तादात्म्यसंयोगान्यतरसम्बन्धेन प्रतियोगिव्यधिकरणस्य धूमाभावस्य प्रतियोगितावच्छेदकतया धूमगगनाभावान्यतरत्वस्य पारिभाषिकावच्छेदकत्वविरहादिति वाच्यम् ।

કેચિત્તુ સામે પૂર્વપક્ષ : *संयोगेन धूमगगनाभावान्यतरवान्, वह्नेः ।*

અહીં અતિવ્યાપ્તિ આવશે. (સંયોગથી ધૂમ કે સંયોગથી ગગનાભાવવહ્ન્યધિકરણ અયોગોલકમાં નથી માટે વ્યભિચારી સ્થળ છે)

ધૂમગગનાભાવાન્યતરાભાવ સાધ્યાભાવ લીધો. જયાં 'ધૂમો નાસ્તિ' પ્રતીતિ થાય છે ત્યાં જ 'ધૂમગગનાભાવાન્યતરો નાસ્તિ' એ પ્રતીતિ પણ થાય છે જ. પ્રતિયોગિતાવચ્છેદક લઘુત્વેન ધૂમત્વ બને.

હવે ધૂમગગનાભાવાન્યતરત્વવિશિષ્ટ ધૂમગગનાભાવાન્યતરનું તાદાત્મ્યસંબંધથી સંબંધી જે ગગનાભાવ, તેમાં તાદાત્મ્યસંબંધથી ગગન પ્રતિયોગી છે જ માટે ગગનાભાવ પ્રતિયોગી વ્યધિકરણ રૂપ વૃત્તિ અભાવ ન બને. પણ અન્યતર સંબંધથી પ્રતિયોગી વ્યધિકરણ ધૂમાભાવ જ મળે. પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ જ બની ગયું. અર્થાત્ પારિભાષિક અવચ્છેદક ધૂમત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક ન રહ્યું. એટલે યદ્ધર્મપદથી ધૂમગગનાભાવ અન્યતરત્વ તો લેવાય નહિ. (પકડવું તેને જ હતું કેમકે આ વ્યભિચારી સ્થળ છે ત્યાં સાધ્યતાવચ્છેદક એજ પ્રતિયોગિતાવચ્છેદક બનવું જોઈએ.)

હવે યદ્ધર્મથી ધૂમત્વ લે છે. ધૂમત્વવિશિષ્ટ ધૂમનું તાદાત્મ્યેન સંબંધી ધૂમ અને સંયોગેન સંબંધી પર્વત. એમાં તાદાત્મ્યેન સંયોગેન વૃત્યભાવ ધૂમાભાવ ન મળે કેમકે તાદાત્મ્યેન ધૂમમાં ધૂમ છે. સંયોગેન પર્વતમાં ધૂમ છે. એટલે અન્યતરસંબંધથી ઘટાદ્યભાવ મળે. પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ બની જાય. આમ પારિભાષિકાવચ્છેદક એજ પ્રતિયોગિતાનવચ્છેદક બન્યું. માટે યદ્ધર્મ પદ ગૃહીત ધૂમત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન અન્યતરત્વ સાધ્યતાવચ્છેદક છે માટે અતિવ્યાપ્તિ આવી.

जागदीशी : धूमगगनाभावान्यतरत्वस्याप्यखण्डस्य धूमत्वतुल्यतया तस्यैव हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकस्य स्वविशिष्टसम्बन्धिनिष्ठतादृशसम्बन्धावच्छिन्नप्रतियोगिव्यधिकरणाभावप्रतियोगितानवच्छेदकतया पारिभाषिकावच्छेदकत्वेनातिव्याप्तिविरहादिति प्राहुः ।

કેચિત્ - ધૂમગગનાભાવાન્યતરત્વ એ એક અખંડ વસ્તુ છે. એમ અમે કહીશું અને તેથી તે ધૂમત્વની અપેક્ષાએ ગુરુભૂત છે એમ કહી શકાય જ નહિ એટલે પ્રતિયોગિતાવચ્છેદક ધૂમગગનાભાવાન્યતરત્વ જ થાય.

યદ્ધર્મ = ધૂમગગનાભાવાન્યતરત્વ-વિશિષ્ટ ધૂમગગનાભાવાન્યતર એનું

તાદાત્મ્યેન સંબંધી ગગનાભાવ બને. તેમાં વૃત્તિ અન્યતરાભાવ તો ન મળે કેમકે તે પ્રતિયોગી વ્યધિકરણ નથી. (અન્યતરાભાવનો પ્રતિયોગી ગગનાભાવ તાદાત્મ્યથી ગગનાભાવમાં રહે છે.) એટલે અન્યતરત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક પણ બની ગયું માટે યદ્ધર્મગૃહીત અન્યતરત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક એજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાતિ ન રહી.

जागदीशी : तन्मन्दम् । रूपवान् घटत्वादित्यादावव्याप्तिप्रसङ्गात् । हेतुसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकं यद्रूपत्वद्रव्यान्यतरत्वं तस्य तादृशसम्बन्धेन रूपत्वविशिष्टसम्बन्धिनिष्ठतादृशसम्बन्धावच्छिन्नप्रतियोगिव्यधिकरणाभावप्रतियोगितानवच्छेदकत्वेन रूपत्वस्य पारिभाषिकावच्छेदकत्वात् । तथाहि - तादात्म्यसमवायान्यतरसम्बन्धेन यद्रूपत्वविशिष्टस्य सम्बन्धि रूपं पृथिव्यादिकं च तत्र तादात्म्यसमवायान्यतरसम्बन्धेन प्रतियोगिव्यधिकरणो न रूपत्वद्रव्यान्यतरत्वावच्छिन्नाभावः, समवायेन रूपे रूपत्वाख्यप्रतियोगिनः तादात्म्येन च पृथिव्यादौ द्रव्यात्मकप्रतियोगिनः सम्बद्धत्वात्, किन्तु रूपत्वविशिष्टस्य तथाविधसम्बन्धिनिष्ठो यः पटाद्यभावः स एव तादृशप्रतियोगिव्यधिकरण इति रूपत्वद्रव्यान्यतरत्वे तत्प्रतियोगितानवच्छेदकत्वधौव्यम् ।

એમ થતાં ***રૂપવાન્, ઘટત્વાત્*** સ્થળે અવ્યાપ્તિ. સમવાયેન ઘટત્વાધિકરણ ઘટમાં રુપત્વદ્રવ્યાન્યતરાભાવ લીધો. **પ્રતિયોગિતાવચ્છેદક-અન્યતરત્વ.**

રૂપત્વદ્રવ્યઅન્યતર = રૂપત્વ સંબંધી સમવાયેન રૂપ

રૂપત્વદ્રવ્યઅન્યતર = દ્રવ્ય સંબંધી તાદાત્મ્યેન પૃથ્વી, એમાં વૃત્તિ

જે અન્યતર સંબંધથી એટલે તાદાત્મ્યેન કે સમવાયેન અન્યતરાભાવ રહી શકે નહિં કેમકે અન્યતરાભાવનો પ્રતિયોગી રૂપત્વ એ સમવાયેન રૂપમાં રહે છે અને પ્રતિયોગી દ્રવ્ય એ તાદાત્મ્યેન પૃથ્વીમાં રહે છે. એટલે અન્ય પટાભાવાદિ જ લેવાય. પ્રતિયોગિતાનવચ્છેદક-અન્યતરત્વ બને. એથી યદ્ધર્મપદગૃહીત રૂપત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને. તેજ સાધ્યતાવચ્છેદક છે માટે અવ્યાપ્તિ -

---

जागदीशी : न च हेतुसमानाधिकरणस्याऽभावस्यापि तादृशान्यतरसम्बन्धेन प्रतियोगिवैयधिकरण्यस्य वक्तव्यत्वान्नैष दोषः ।

પૂર્વપક્ષ : અમે કહીશું કે હેતુસમાનાધિકરણ જે અભાવ લેવાનો છે તે પણ અન્યતરસંબંધેન પ્રતિયોગી વ્યધિકરણ જ હોવો જોઈએ. તમે તો ઘટત્વસમાનાધિકરણ રૂપત્વદ્રવ્યાન્યતરાભાવ લીધો છે તે તો પ્રતિયોગી સમાનાધિકરણ અભાવ છે કેમકે ઘટત્વાધિકરણ ઘટમાં રૂપત્વાખ્યપ્રતિયોગી ભલે નથી. તાદાત્મ્યેન દ્રવ્યરૂપ પ્રતિયોગી તો છેજ. એટલે હવે આ અભાવ જ નહી લેવાય.

जागदीशी : तथा सति समवायेन घटत्वस्य प्रमेयस्य वा साध्यत्वे तादात्म्येन हेतौ घटत्वे प्रमेये वाऽतिप्रसङ्गादिति दिक् ।

જગદીશ - જો તેમ કરશો તો ***समवायेन घटत्ववान्, तादात्म्येन घटत्वात्*** / સ્થળે અતિવ્યાપ્તિ આવશે. આ સ્થળ વ્યભિચારી છે કેમકે સમવાયેન ઘટત્વ રહે છે ઘટમાં અને તાદાત્મ્યેન ઘટત્વ રહે છે ઘટત્વમાં.

અહીં તાદાત્મ્યેન ઘટત્વાધિકરણ ઘટત્વમાં સમવાયેન ઘટત્વાભાવ એ પ્રતિયોગી વ્યધિકરણ ભલે બને છે. પણ તાદાત્મ્યેન તો ઘટત્વમાં ઘટત્વ પ્રતિયોગી રહી જાય એટલે તાદાત્મ્યેન ઘટત્વાભાવ પ્રતિયોગી વ્યધિકરણ મળે નહિ. તમે અન્યતરસંબંધથી હેતુમન્નિષ્ઠાભાવ પણ પ્રતિયોગી વ્યધિકરણ લેવાનો કહ્યો એટલે ઘટત્વાભાવ સાધ્યાભાવ પ્રતિયોગી વ્યધિકરણ બની શક્યો નહિ. અન્યાભાવ ગોત્વાભાવ મળે. પ્રતિયોગિતાવચ્છેદક ગોત્વત્વ, ગોત્વત્વવિશિષ્ટ ગોત્વનું તાદાત્મ્યેન સંબંધી ગોત્વ અને સમવાયેન સંબંધી ગો બને. એમાં પ્રતિયોગી વ્યધિકરણ ગોત્વાભાવ તો ન મળે. કેમકે ગોત્વાભાવ પ્રતિયોગી ગોત્વ તો તાદાત્મ્યેન ગોત્વમાં રહી જાય. સમવાયેન ગોત્વ ગોમાં રહી જાય. એટલે હવે ગોત્વ કે ગોમાં અન્યતરસંબંધથી અન્યાભાવ પ્રતિયોગી વ્યધિકરણ પટાભાવ જ લેવાય એટલે પ્રતિયોગિતાનવચ્છેદક ગોત્વત્વ બની જાય માટે યદ્ધર્મપદગૃહીત ગોત્વત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક. એનાથી ભિન્ન ઘટત્વત્વ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ આવી.

આ રીતે જગદીશે કેચિત્તુના મતનું ખંડન કરી નાંખ્યું.

दीधिति : अत एव सत्तावान् जातेरित्यादौ जातिमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकगुणान्यत्वविशिष्टसत्तात्वतुल्यवृत्तिकत्वेऽपि सत्तात्वस्य न क्षतिः ।

जागदीशी : *अत एवेति* । *वस्तुतस्तु* इत्यादिकल्पस्यादृतत्वादेवेत्यर्थः । यथाश्रुतस्यावच्छेदकाऽनतिरिक्तवृत्तित्वस्यादरे तु सत्तावान् जातेरित्यादावव्याप्तिः स्यादेवेति भावः ।

હવે દીધિતિકારે પૂર્વે જે બે કલ્પો મૂક્યાં હતા તેનાથી ***सत्तावान्, जातेः*** માં આવતી અવ્યાપ્તિ દૂર થઈ એમ તેઓ કહે છે.

સ્વસમાનવૃત્તિકપ્રતિયોગિતાવચ્છેદક અનતિરિક્તવૃત્તિત્વ રૂપ અવચ્છેદકત્વના લક્ષણથી અહીં અવ્યાપ્તિ આવતી હતી.

જાત્યધિકરણ ગુણમાં વિશિષ્ટસત્ત્વાભાવ મળે. સ્વ = સત્તાત્વસમાનવૃત્તિક વિશિષ્ટસત્તાત્વ છે. એજ પ્રતિયોગિતાવચ્છેદક છે. એનાથી અનતિરિક્ત વૃત્તિત્વ રૂપ સત્તાત્વ બનતાં તે પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બની જાય એટલે દોષ આવ્યો.

હવે અવચ્છેદકત્વના પ્રથમ કે દ્વિતીય લક્ષણાનુસાર દોષ નથી.

૧. तदवच्छिन्नप्रतियोगिताकाभाववदसम्बद्धविशिष्ट सामान्यकत्वम् ।

૨. स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकत्वम् ।

અહીં પ્રથમકલ્પ જોઈએ. વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકાભાવવદ્ ગુણ બને તેમાં અસમ્બદ્ધવિશિષ્ટ સામાન્ય સત્તાત્વ છે નહિ. તે તો સમ્બદ્ધ જ છે. અસમ્બદ્ધ વિશિષ્ટસામાન્ય વિશિષ્ટસત્તાત્વ છે, માટે તે જ પ્રતિયોગિતાવચ્છેદક, તદ્ભિન્ન સત્તાત્વ સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ દૂર થઈ.

દ્વિતીય કલ્પાનુસાર પ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વ. સ્વપદથી સત્તાત્વ પકડી શકાય નહિ કેમકે સત્તાત્વવિશિષ્ટસત્તા સમ્બન્ધિ ગુણાદિમાં વિશિષ્ટસત્ત્વાભાવ મળી જતાં પારિભાષિક અવચ્છેદકરૂપ વિશિષ્ટસત્તાત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક ન રહે. આમ સ્વ પદથી વિશિષ્ટ સત્તાત્વ જ લેવાય. તદ્વિશિષ્ટ-વિશિષ્ટસત્તા, એના સંબંધી દ્રવ્યમાં વિશિષ્ટસત્ત્વાભાવ ન મળે એટલે વિશિષ્ટ સત્તાત્વ પ્રતિયોગિતાનવચ્છેદક રહે. એટલે યદ્ધર્મપદગૃહીત વિશિષ્ટસત્તાત્વએ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સત્તાત્વ સાધ્યતાવચ્છેદક છે. એટલે લક્ષણ સમન્વય થઈ ગયો.

जागदीशी : जातिमन्निष्ठाभावप्रतियोगितायां सत्तात्वान्यूनवृत्तिविशिष्टसत्ता-त्वावच्छेद्यत्व-समवायसम्बन्धावच्छेद्यत्वोभयसत्त्वादवच्छेद्यताघटितलक्षणस्यापि प्रागुक्तस्य सत्तावान् जातेरित्यादावव्याप्तिरतस्तदपि परिष्करोति *एवमिति* ।

હવે સિદ્ધાન્તલક્ષણમાં પ્રતિયોગિતાધર્મિક ઉભયાભાવ લેવાનો છે. એટલે ત્યાં ***प्रमेयवह्निमान्, धूमात्*** માં અવ્યાપ્તિ આવે છે. ઘટાભાવીય પ્રતિયોગિતામાં સંયોગસંબંધ અવચ્છિન્નત્વ છે. પણ પ્રમેયવહ્નિત્વાવચ્છિન્નત્વ અપ્રસિદ્ધ હોવાથી ન લઈ શકતા અપ્રસિદ્ધ નિબંધન અવ્યાપ્તિ ઉભી રહે છે.

આ અવ્યાપ્તિ દૂર કરવા ત્યાં યદ્ધર્માવચ્છેદકત્વ ન કહેતા યદ્ધર્માન્યૂનવૃત્તિ-અવચ્છેદકત્વ કહેવું જોઈએ. એટલે પ્રમેયવહ્નિત્વાન્યૂનવૃત્તિવહ્નિત્વાવચ્છેદકત્વ તો પ્રતિયોગિતામાં નથી જ. ઉભયાભાવ રહી જતાં સંયોગસંબંધેન પ્રમેયવહ્નિ એ વ્યાપક બની ગયો.

હવે આ રીતે ત્યાં પરિષ્કાર કરતાં ***सत्तावान्, जातेः*** માં અવ્યાપ્તિ આવી જાય છે. સમવાયેન વિશિષ્ટસત્ત્વાભાવીયપ્રતિયોગિતા સામાન્યમાં સમવાયઅવચ્છિન્નત્વ છે અને સત્તાત્વાન્યૂનવૃત્તિવિશિષ્ટસતાત્વાવચ્છિન્નત્વ પણ છે. એટલે ઉભય રહી જતાં સત્તા વ્યાપક ન બની. આમ અવ્યાપ્તિ નથી.

अन्यूनानतिप्रसक्तो धर्मः अवच्छेदकः ।
જે અન્યૂન અને અનતિપ્રસક્ત ધર્મ હોય તે અવચ્છેદક બને. ઉદા. ઘટ માટે ઘટત્વ.
સત્તા, દ્રવ્યત્વાદિ અતિપ્રસક્ત છે, શ્યામત્વ, રક્તત્વાદિ ન્યૂન છે.

अथ प्रतियोगिताधर्मिकोभयाभावघटितलक्षणम् ।

दीधिति : एवं स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकावच्छेद्यत्वं बोध्यम् ।

जागदीशी : स्वं साध्यतावच्छेदकम् ।

अत्र स्ववैशिष्ट्यं साध्यतावच्छेदकताघटकसम्बन्धेनैव वाच्यम्, तेन धूमत्वादीनां कालिकादिसम्बन्धेन धूमत्वादिविशिष्टस्य वह्न्यादेः संयोगिनि वर्तमानस्याऽभावस्य प्रतियोगितावच्छेदकत्वेऽपि धूमवान् वह्नेरित्यादौ नातिव्याप्तिः ।

આ અવ્યાપ્તિ દૂર કરવા અહીં યદ્ધર્માવચ્છેદકત્વ ન લેતાં પ્રતિયોગિતાસામાન્યમાં યત્સંબંધઅવચ્છિન્નત્વ અને સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છિન્નત્વ ઉભયાભાવ મળી જાય તો તેનસબંધેન તેન ધર્મેણ તે સાધ્ય વ્યાપક બને એવો પરિષ્કાર કરે છે. સ્વ = સાધ્યતાવચ્છેદક સત્તાત્વવિશિષ્ટ સત્તા સંબંધિમાં સત્ત્વાભાવ ન મળે એટલે પ્રતિયોગિતાનવચ્છેદક સત્તાત્વ, તદવચ્છિન્નત્વ વિશિષ્ટસત્ત્વાભાવીય પ્રતિયોગિતામાં નથી. એટલે ઉભયાભાવ મળી જતાં સત્તા વ્યાપક બની.

હવે યદ્ધર્માવચ્છેદકત્વને લેવાને બદલે અવ્યાપ્તિ દૂર કરવા ઉપરની વાત કરી. તેમાં જ પદવ્યાવૃત્તિ કરે છે.

स्ववैशिष्ट्यं साध्यतावच्छेदकतावच्छेदकसंबंधेन, અન્યથા ***धूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ.

ધૂમાભાવીય પ્રતિયોગિતામાં સંયોગાવચ્છિન્નત્વ છે, પણ સાધ્યતાવચ્છેદક સ્વ = ધૂમત્વવિશિષ્ટ કાલિકસંબંધેન વહ્નિ સંબંધી અયોગોલકનિષ્ઠધૂમાભાવીય પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ ન બને, ઘટત્વાદિ જ બને. તો ઘટત્વાવચ્છિન્નત્વ તે પ્રતિયોગિતામાં નથી. તો ઉભયાભાવ રહી જતાં 'ધૂમ' વ્યાપક બની ગયો. તેથી અતિવ્યાપ્તિ.

હવે ધૂમત્વવિશિષ્ટ **साध्यतावच्छेदकतावच्छेदक** સમવાયેન ધૂમ જ બને. તત્સંબંધી પર્વતાદિમાં ધૂમાભાવ ન જ મળે એટલે પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ. તદવચ્છિન્નત્વ પણ પ્રતિયોગિતા સામાન્યમાં છે. માટે ઉભય રહી જતાં અતિવ્યાપ્તિ ન રહી.

જાગદીશી : स्वविशिष्टस्य सम्बन्धित्वं साध्यतावच्छेदकसम्बन्धेन बोध्यम्, तेन धूमत्वाद्यवच्छिन्नप्रतियोगितायां कालिकादिसम्बन्धेन यद्धूमत्वविशिष्टस्य सम्बन्धि

तन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकावच्छेद्यत्वविरहेऽपि धूमवान् वह्नेरित्यादौ नातिव्याप्तिः ।

स्वविशिष्टसंबंधित्वं साध्यतावच्छेदकसंबंधेन, અન્યથા *धूमवान्, वह्नेः* અતિવ્યાપ્તિ.

ધૂમત્વવિશિષ્ટ ધૂમ સંબંધિ કાલિકેન અયોગોલક વૃત્તિ ધૂમાભાવ તો છે જ. પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ બને, પણ વહ્ન્યભાવ નથી. પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ બને. તદવચ્છિન્નત્વ પ્રતિયોગિતામાં નથી. ઉભયાભાવ રહેતાં ધૂમ વ્યાપક બની ગયો.

હવે ધૂમત્વવિશિષ્ટ ધૂમનો સાધ્યતાવચ્છેદક સંયોગેન સંબંધી પર્વત જ બને. તેમાં ધૂમાભાવ ન મળે. પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ, તદવચ્છિન્નત્વ પણ પ્રતિયોગિતામાં છે. ઉભય રહી જતાં ધૂમ વ્યાપક ન બન્યો.

जागदीशी : न च सामान्यतो धूमसम्बन्धिनि संयोगेन सर्वस्यैवाभावसत्त्वाद् धूमवन्निष्ठसंयोगसम्बन्धावच्छिन्नप्रतियोगितानवच्छेदकाऽप्रसिद्ध्या कथमतिव्याप्तिरिति वाच्यम् ।

પૂર્વપક્ષ : સ્વવિશિષ્ટ સમ્બન્ધિએ સાધ્યતાવચ્છેદકસંબંધથી લીધા વિના પણ અતિવ્યાપ્તિ ન રહે. ધૂમત્વવિશિષ્ટ ધૂમ સંબંધિ કાલિકેન ભૂતલ, અયોગોલક ભલે બને, તે બધાયમાં સર્વનો અભાવ મળી જાય. કાલિકેન ધૂમ સંબંધી અયોગોલકમાં વહ્નિસિવાયના બધાનો અભાવ મળે. કાલિકેન ધૂમસંબંધી ભૂતલમાં વહ્નિનો પણ અભાવ મળે. આમ બધા જ પ્રતિયોગિતાવચ્છેદક બની જાય એટલે કોઈ અનવચ્છેદક જ ન બને. તદપ્રસિદ્ધ્યા અતિવ્યાપ્તિ ન રહી.

जागदीशी : गोत्वत्वघटाभावत्वादेरेव तत्प्रसिद्धेः । संयोगसम्बन्धावच्छिन्नगोत्वाद्यभावप्रतियोगिताया लाघवेन गवेतरासमवेतत्वादिभिरेवावच्छेदात् ।

ઉત્તરપક્ષ : પ્રતિયોગિતાનવચ્છેદકની તોય અપ્રસિદ્ધિ નથી. સામાન્યતો ધૂમસબંધીમાં ગોત્વત્વ, ઘટાભાવત્વ પ્રતિયોગિતાનવચ્છેદક જ બને. કેમકે ગોત્વાભાવ ઘટાભાવાભાવ મળવા છતાંય તદીય પ્રતિયોગિતાવચ્છેદક ગુરુભૂત ગોત્વત્વાદિ (गवेतरासमवेतत्वे सति सकलगोसमवेतत्वम्) ન બને પણ લઘુભૂત गवेतरासमवेतत्वादि બને. આમ પ્રતિયોગિતાનવચ્છેદક ગોત્વત્વ, ઘટાભાવત્વ બને.

તદવચ્છિન્નત્વનો ધૂમાભાવીય પ્રતિયોગિતામાં અભાવ મળી જતાં ઉભયાભાવ મળે. એટલે ધૂમ વ્યાપક બની જ જાય છે.

जागदीशी : न चैवमपि तदवच्छेद्यत्वाऽप्रसिद्ध्यैव नातिव्याप्तिः । गोत्वादिभेदप्रतियोगितायां तत्सौलभ्यात् । न हि साऽपि गवेतरासमवेतत्वमात्रावच्छिन्ना, गोरूपादौ गोत्वभेदासत्त्वप्रसङ्गात् ।

પૂર્વપક્ષ : પણ તમે પ્રતિયોગિતાનવચ્છેદક ગોત્વત્વ અવચ્છિન્નત્વનો અભાવ પ્રતિયોગિતામાં ત્યારે જ લઈ શકો જ્યારે ગોત્વત્વ, અવચ્છિન્નત્વ પ્રસિદ્ધ હોય. તે જ અપ્રસિદ્ધ છે. માટે તદભાવ મળે જ નહિ.

ઉત્તરપક્ષ : ગોત્વભેદીયપ્રતિયોગિતા ગોત્વત્વાવચ્છિન્ના છે માટે ગોત્વત્વાવચ્છિન્નત્વ આ પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ છે જ. તેથી તેનો અભાવ પણ પ્રતિયોગિતા સામાન્યમાં લઈ શકાય. આપત્તિ ઉભી જ રહે છે.

પૂર્વપક્ષ : અમે કહીશું કે ભેદીયા પ્રતિયોગિતા ગોત્વત્વ = ગુરૂભૂતધર્માવચ્છિન્ન નથી. ગવેતરાસમવેતત્વાવચ્છિન્ના જ છે. અને તેથી ગોત્વત્વાવચ્છિન્નત્વ અપ્રસિદ્ધ છે જ. એટલે અપ્રસિદ્ધ્યા અતિવ્યાપ્તિ દોષ લાગતો જ નથી. અને તેથી સંબંધી સાધ્યતાવચ્છેદકસંબંધથી લેવાનું કહેવાની કોઈ જરૂર નથી.

जागदीशी : यदि च गोत्वत्वावच्छेद्यत्व-संयोगसम्बन्धावच्छेद्यत्वोभयत्वावच्छिन्नाभावाऽप्रसिद्ध्यैव नातिव्याप्तिः, गवेतरासमवेतत्वाद्यवच्छेद्यत्वमात्रघटिततादृशोभयत्वस्यैव लघुत्वेन प्रतियोगितावच्छेदकत्वादिति विभाव्यते,

---

ઉત્તરપક્ષ : જો ગોત્વભેદીયા પ્રતિયોગિતા ગવેતરાસમવેતત્વાવચ્છિન્ના માનો તો ગોત્વભેદ ને ગવેતરાસમવેતત્વ સાથે વિરોધ રહે. ભેદને પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ સાથે વિરોધ છે. જ્યાં ઘટભેદ હોય ત્યાં પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ ન જ હોય. એટલે પછી 'ગોરૂપં ગોત્વભિન્નં' એ પ્રતીતિની અનુપપત્તિ થઈ જશે. કેમકે ગોરૂપ ગવેતરાસમવેત છે માટે તેમાં ગવેતરાસમવેતત્વ છે. એટલે હવે તેમાં ગોત્વભેદ રહી શકે નહિ. આથી ઉપરોક્ત પ્રતીતિ ન થવાની આપત્તિ આવે. એટલે ભેદીયાપ્રતિયોગિતા ગોત્વાત્વાવચ્છિન્ના જ માનવી જોઈએ. નહિ કે ગવેતરાસમવેતત્વાવચ્છિન્ના. ગોરૂપમાં ગોત્વત્વાવચ્છિન્નત્વ નથી માટે ત્યાં ગોત્વભેદ રહી શકે છે. એથી પ્રતીતિ ઉપપન્ન થઈ જાય છે. આમ પ્રતિયોગિતા ગોત્વત્વાવચ્છિન્ના પ્રસિદ્ધ છે. માટે પ્રતિયોગિતાનવચ્છેદક-

ગોત્વત્વાવચ્છિન્નત્વાભાવ પ્રતિયોગિતામાં મળી જાય છે. અને અતિવ્યાપ્તિ ઉભી રહે છે. તેથી સ્વવિશિષ્ટસંબંધિ સાધ્યતાવચ્છેદક સંબંધથી જ લેવો જોઈએ જેથી ધૂમત્વવિશિષ્ટ ધૂમ સંબંધિ સંયોગેન પર્વત બને. તેમાં ધૂમાભાવ ન મળતાં પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ. તદવચ્છિન્નત્વ પ્રતિયોગિતામાં છે જ. ઉભય રહી જતાં અતિવ્યાપ્તિ દૂર થઈ.

પૂર્વપક્ષ : સંયોગસંબંધઅવચ્છિન્નત્વ-ગોત્વત્વાવચ્છિન્નત્વ = ઉભયત્વ અવચ્છિન્ન અભાવની જ અપ્રસિદ્ધિ છે, કેમકે ગવેતરાસમવેતત્વ. સંયોગસંબંધઅવચ્છિન્નત્વ = ઉભયત્વ એ લઘુભૂત છે. માટે અપ્રસિદ્ધ્યા અતિવ્યાપ્તિ રહેતી જ નથી.

जागदीशी : तदोक्तरीत्या वह्निमान् धूमादित्यादावव्याप्तिवारणार्थमेव साध्यतावच्छेदक-सम्बन्धेन स्वविशिष्टस्य सम्बन्धित्वं निवेश्यम् ।

[1]इत्थं च निरुक्तप्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावप्रतियोगितासामान्ये एव साध्यवन्निष्ठाभावीयसंयोगसम्बन्धावच्छिन्नप्रतियोगितानवच्छेदकीभूतगोत्वत्वावच्छेद्यत्व-संयोगसम्बन्धावच्छेद्यत्वोभयत्वावच्छिन्नाभावसत्त्वाद् धूमवान् वह्नेरित्यत्रैवाऽति-व्याप्तिः, गुरुतयोक्तक्रमेण तादृशोभयत्वावच्छिन्नाभावाऽप्रसिद्ध्या वह्निमान् धूमादित्यादावव्याप्तिर्वा स्यादतः [2]प्रतियोग्यसम्बन्धित्वेनापि स्वविशिष्टसम्बन्धी विशेषणीयः।

ઉત્તરપક્ષ : વારૂ, તો તુલ્યયુકત્યા ***वह्निमान्, धूमात्*** માં અવ્યાપ્તિ છે. ઘટાભાવીયપ્રતિયોગિતામાં વહ્નિત્વવિશિષ્ટવહ્નિસંબધી (અયોગોલક, પર્વત)માં સઘળાનાં અભાવો મળે. કોઈ પ્રતિયોગિતાનવચ્છેદક ન બને. જે બને છે તેને પૂર્વોક્ત રીતે ગુરૂભૂત કહીને દૂર કર્યો, એટલે અપ્રસિદ્ધ નિબંધન અવ્યાપ્તિ દુર્વાર બની. આને દૂર કરવા સ્વવિશિષ્ટસંબંધિત્વ સાધ્યતાવચ્છેદકસંબંધથી લેવાનું અમે કહીશું. વહ્નિત્વવિશિષ્ટવહ્નિ સંબંધી સંયોગેન પર્વત તેમાં વહ્ન્યભાવ ન મળે પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ, તદવચ્છિન્નત્વ ઘટાભાવીય પ્રતિયોગિતામાં નથી. ઉભયાભાવ મળતાં 'વહ્નિ' વ્યાપક બન્યો. અવ્યાપ્તિ ન રહી.

[1]**આ રીતે કરવા છતાં પણ.**

धूमवान् वह्नेः માં અતિવ્યાપ્તિ તે આ રીતે :

ધૂમાભાવીય પ્રતિયોગિતામાં વહ્નિમન્નિષ્ઠ ધૂમાભાવ. (પ્રતિયોગિ સમાનાધિકરણ,

અન્યદેશાવચ્છેદેન) પર્વતમાં બીજાના તો અભાવ છે જ, ધૂમાભાવ પણ મળ્યો. હવે પ્રતિયોગિતાનવચ્છેદક તે જ ગોત્ત્વત્વ બને. તદીયપ્રતિયોગિતાનવચ્છેદકીભૂત ગોત્વત્વ = તદવચ્છેદ્યત્વ પ્રતિયોગિતામાં નથી. સંયોગસંબંધઅવચ્છેદ્યત્વ છે. ઉભયત્વાવચ્છિન્ન અભાવ મળતાં ધૂમ વ્યાપક બનવાની આપત્તિ.

જો પૂર્વોક્ત રીતે ઉભયત્વ ગુરુભૂત હોઈને અપ્રસિદ્ધ કહો અને અતિવ્યાપ્તિ દૂર કરો તો પૂર્વોક્ત રીતે જ ***વહ્નિમાન્, ધૂમાત્*** માં અવ્યાપ્તિ. વહ્નિમત્પર્વતનિષ્ઠ વહ્ન્યભાવીય પ્રતિયોગિતાનવચ્છેદક ગોત્વત્વ. તદવચ્છેદ્યત્વ અપ્રસિદ્ધ્યા અવ્યાપ્તિ.

[૨]આ દૂર કરવા પ્રતિયોગિનો અસંબંધી એવો સ્વવિશિષ્ટસંબંધી લેવો એમ કહેવું જોઈએ.

ધૂમત્વવિશિષ્ટ ધૂમ સંબંધી પર્વતમાં ધૂમાભાવ ન લેવાય કેમકે તે પ્રતિયોગી ધૂમ સંબંધી છે. એવો ઘટાભાવ જ મળે તેથી પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ.તદવચ્છિન્નત્વ પ્રતિયોગિતામાં રહી જતાં ઉભય રહેતાં અતિવ્યાપ્તિ ન રહે. ***વહ્નિમાન્, ધૂમાત્*** માં વહ્નિત્વવિશિષ્ટવહ્નિસંબંધી પર્વતમાં વહ્ન્યભાવ ન લેવાય કેમકે તે પ્રતિયોગીનો અસંબંધી નથી. તેવો ઘટાભાવ જ બને. પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વાવચ્છિન્નત્વ ઘટાભાવીયપ્રતિયોગિતામાં નથી. ઉભયાભાવ રહી જતાં વહ્નિ વ્યાપક બન્યો. અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : तदर्थश्च प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नासम्बन्धित्वम् । तेन सम्बन्धसामान्येन यः प्रतियोगितावच्छेदकावच्छिन्नासम्बन्धी वह्नित्वविशिष्टसम्बन्धी पर्वतादिस्तन्निष्ठस्य प्रलयपूर्वोत्पन्नकर्मात्यन्ताभावस्य प्रतियोगितानवच्छेदकं यद् घटत्वादिकं तदवच्छेद्यत्वसंयोगसम्बन्धावच्छेद्यत्वयोश्च साधनवन्निष्ठाभावप्रतियोगितायां सत्त्वेऽपि वह्निमान् धूमादित्यादौ नाव्याप्तिः ।

---

[૧]પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન (સાધ્યતાવચ્છેદકસંબંધેન) [૨]પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્નપ્રતિયોગિનું અસંબંધી લેવું.

૧) પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગીનું અસંબંધિ લેવું. અન્યથા એટલે કે કોઈપણ સંબંધથી પ્રતિયોગિનું અસંબંધી લેતા ***વહ્નિમાન્, ધૂમાત્*** માં અવ્યાપ્તિ.

ધૂમાધિકરણમાં યેનકેનાપિ સંબંધેન બધા ય રહી જતા પ્રતિયોગિતાનો અસંબંધી અભાવ ન મળે. માત્ર પ્રલયપૂર્વોત્પન્નકર્મનો જ અત્યંતાભાવ પર્વતમાં પ્રતિયોગિ અસંબંધી મળે. પ્રલયપૂર્વોત્પન્નકર્મ એ પ્રલયની પ્રાક્ક્ષણમાં હોય. તે ક્ષણે પર્વતધ્વંસ

હોય (**विभिन्नकालीनयोः नाधाराधेयभावः**) એટલે તે કર્મ કાલિકસંબંધથી પણ પર્વતમાં ન જ મળે. આમ તે કર્મનો અભાવ એ યેનકેનાપિ સંબંધેન પ્રતિયોગી અસંબંધી બને.

= પ્રલયપૂર્વોત્પન્નકર્માભાવીય પ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્ન પ્રતિયોગિનું અસંબંધી જે વહ્નિત્વવિશિષ્ટવહ્નિસંબંધી પર્વત, તન્નિષ્ઠ પ્રલયપૂર્વોત્પન્નકર્માભાવની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ઘટત્વાદિ બને. (ઘટાભાવાદિ તો પ્રતિયોગિ સંબંધી છે માટે તે અભાવ લેવાય જ નહિ તેથી ઘટત્વાદિ પ્રતિયોગિતાનવચ્છેદક બને.) તદવચ્છેદ્યત્વ ઘટાભાવીયપ્રતિયોગિતામાં છે જ એટલે ઉભય રહી જતાં અવ્યાપ્તિ આવી.

હવે તે નહિ આવે. ઘટાભાવીયપ્રતિયોગિતામાં વહ્નિત્વવિશિષ્ટવહ્નિસંબંધી પર્વતમાં પ્રતિયોગિતાવચ્છેદક સંયોગ સંબંધેન ઘટાદિ રહેતા નથી એટલે તેજ પ્રતિયોગિ અસંબંધી બન્યા. માત્ર સંયોગેન વહ્નિ રહે છે. એટલે વહ્ન્યભાવ પ્રતિયોગી અસંબંધી ન બનતાં તે ન લેવાય. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ, તદવચ્છિન્નત્વઅભાવ ઘટાભાવીય પ્રતિયોગિતામાં છે જ એટલે ઉભયાભાવ રહી જતા અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : न वा प्रतियोग्यसम्बन्धिसाध्यवन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकीभूतविशिष्टसत्तात्वावच्छेद्यत्व-समवायसम्बन्धावच्छेद्यत्वयोः साधनवन्निष्ठाभावप्रतियोगितायां सत्त्वेऽपि सत्तावान् जातेरित्यादावव्याप्तिप्रसङ्गः ।

---

૨) પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગી લેવો.

અન્યથા ***सत्तावान्, जातेः*** માં અવ્યાપ્તિ.

સત્તાવન્નિષ્ઠાભાવ વિશિષ્ટસત્ત્વાભાવ તે પ્રતિયોગી અસંબંધી ન બને કેમકે **विशिष्टं शुद्धात् नातिरिच्यते** એ ન્યાયથી તે શુદ્ધ સત્તાનો સંબંધી છે માટે વિશિષ્ટસત્તા = પ્રતિયોગીનો પણ સંબંધી કહેવાય. એટલે પ્રતિયોગી અસંબંધી સત્તાવન્નિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદક વિશિષ્ટસત્તાત્વ બને. તદવચ્છેદ્યત્વ અને સમવાયસંબંધ-અવચ્છેદ્યત્વ ઉભય પ્રતિયોગિતામાં રહી જતાં અવ્યાપ્તિ-

હવે વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ન વિશિષ્ટ સત્વાભાવ એ પ્રતિયોગી તાદૃશ વિશિષ્ટ સત્તા, જે શુદ્ધસત્તાથી ભિન્ન હોવાથી આ અભાવ પ્રતિયોગી-અસંબંધિ બની ગયો કારણ સત્તાસંબંધિગુણાદિમાં વિશિષ્ટસત્તાભાવ મળે જ છે. અને ત્યાં વિશિષ્ટ સત્તા (પ્રતિયોગી) નથી. એટલે તેજ લેવાય. એથી પ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વ

બને. અનવચ્છેદક સત્તાત્વ બને. તદવચ્છિન્નત્વનો વિશિષ્ટસત્ત્વાભાવીય પ્રતિયોગિતામાં અભાવ છે. ઉભયાભાવ રહી જતાં અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसम्बन्धी यः साध्यतावच्छेदकावच्छिन्नसम्बन्धी तन्निष्ठाभावप्रतियोगितानवच्छेदकं न घटाभावत्व-गोत्वत्वादिकं, तस्यापि साध्यवन्निष्ठतादृशभेदप्रतियोगितावच्छेदकत्वात्, किन्तु लघुसमनियतगुरु प्रमेयधूमत्वादिकमेव तथा, तथा च तदवच्छेद्यत्वाऽप्रसिद्ध्या वह्निमान् धूमादित्यादावसंभवोऽव्याप्तिर्वेतिः—

साध्यवन्निष्ठाभावप्रतियोगिता साध्यतावच्छेदकसंबंधेन :- પૂર્વે ગોત્વત્વ ઘટાભાવત્વને પ્રતિયોગિતાનવચ્છેદક બનાવેલા, તે પણ હવે ન બને.

સંયોગેન પ્રતિયોગીઘટનો અસંબંધી જે સંયોગેન વહ્નિત્વાવચ્છિન્નનો સંબંધી પર્વત તેમાં વહ્નિભેદ રહે છે માટે વહ્નિત્વ પ્રતિયોગિતાનવચ્છેદક ન રહે. ગોત્વભેદ રહે છે માટે ગોત્વત્વ પણ પ્રતિયોગિતાનવચ્છેદક ન રહે. પણ પ્રમેયધૂમભેદ રહે છે છતાં લઘૂભૂત ધૂમત્વ જ અવચ્છેદક બનવાથી પ્રમેયધૂમત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બને. હવે જે પ્રતિયોગિતાનવચ્છેદક બને તદવચ્છેદ્યત્વાભાવ પ્રતિયોગિતામાં જોઈએ તે પાછો હવે નહિ મળે. કેમકે પ્રતિયોગિતાનવચ્છેદક તરીકે પ્રાપ્ત થયેલા પ્રમેયધૂમત્વથી અવચ્છિન્ન જ કોઈ પ્રસિદ્ધ નથી (કેમકે તે ગુરુભૂત ધર્મ છે) એટલે તદભાવ પણ અપ્રસિદ્ધ બનતાં સર્વત્ર અસંભવ દોષ લાગે.

અહીં *'अव्याप्तिर्वा'* કહ્યું છે તેનો અર્થ એ કે અન્યત્ર કોઈ સ્થળે તેમ છતાંય લક્ષણ સમન્વય થાય છે. *तादात्म्येन गोत्ववान्, तद्व्यक्तित्वात् ।*

સ્વ = ગોત્વવિશિષ્ટનો તાદાત્મ્યેન સંબંધી ગો બને. હવે તેમાં અભાવ લેવાનો છે તે કદાચ સાધ્યતાવચ્છેદકસંબંધેન ન લઈએ તો તો સંયોગેન ગોત્વાભાવ મળી જાય એટલે પ્રતિયોગિતાવચ્છેદક લઘુભૂત ગવેતરાસમવેતત્વ બને. ગુરૂભૂત ગોત્વત્વ પ્રતિયોગિતાનવચ્છેદક જ રહે.

હવે ગોત્વભેદીય પ્રતિયોગિતામાં ગોત્વત્વાવચ્છિન્નત્વ આપણે પૂર્વે સિદ્ધ કરેલું જ છે એટલે ગોત્વત્વાવચ્છેદ્યત્વનો અભાવ પ્રતિયોગિતામાં પ્રસ્તુત અનુમાનમાં લઈ શક્ય ઉભયાભાવ મળી જતાં તાદાત્મ્યેન ગોત્વ એ તદ્વ્યક્તિત્વનું વ્યાપક બની ગયું.

આથી અહીં લક્ષણસમન્વય થવાથી *वह्निमान्, धूमात्* સ્થળે પણ અવ્યાપ્તિ કહી.

जागदीशी : अतः साध्यवन्निष्ठाभावप्रतियोगित्वमपि साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नं ग्राह्यम् । तेन संयोगादिसम्बन्धावच्छिन्नप्रतियोगितानवच्छेदकीभूत-गोत्वत्वाद्यवच्छेद्यत्वप्रसिद्ध्यैव लक्षणसम्भवः ।

એ દૂર કરવા અભાવપ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકસંબંધથી લેવાનું કહ્યું. હવે વહ્ન્યાદિભેદ અહીં પકડાય નહિ કેમકે તેની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધઅવચ્છિન્ન નથી. ઘટાભાવાદિ જ પકડાય - પ્રતિયોગિતાનવચ્છેદક વહ્નિત્વ - તદવચ્છેદ્યત્વાભાવ ઘટાભાવીય પ્રતિયોગિતામાં મળી જતાં અવ્યાપ્તિ નરહી.

અથવા તો સ્વવિશિષ્ટ સંબંધી પર્વતમાં સંયોગસંબંધેન ગોત્વાભાવ મળે, પણ ગુરુભૂત ગોત્વત્વ પ્રતિયોગિતાનવચ્છેદક રહે. એટલે તદવચ્છેદ્યત્વની ગોત્વભેદીય-પ્રતિયોગિતામાં પ્રસિદ્ધિ હોવાથી અહીં (ઘટાભાવીયપ્રતિયોગિતામાં) તદવચ્છેદ્યત્વ-અભાવ પણ મળી જતાં ઉભયાભાવ મળે. સમન્વય થઈ જાય.

जागदीशी : वस्तुतः प्रागुक्तयुक्त्याऽत्रापि साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसम्बन्धित्वं साध्यतावच्छेदकावच्छिन्नसम्बन्धिनो वक्तव्यम्, न तु प्रतियोगितापि तादृशसम्बन्धावच्छिन्ना ग्राह्या ।

જગદીશ કહે છે વસ્તુતઃ અહીં પણ સાધ્યતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગીનું અસંબધી સાધ્યતાવચ્છેદક અવચ્છિન્ન સાધ્યસંબંધી (=સ્વ વિશિષ્ટ સાધ્યસંબંધી = વહ્નિત્વ વિશિષ્ટવહ્નિ-પર્વત) લેવું. પણ પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી કહીને તે પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંબંધેન લેવી તે કહેવાની જરૂર નથી.

जागदीशी : [१]नन्वेवमपि साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसम्बन्धिसाध्यता-वच्छेदकावच्छिन्नसम्बन्धिनिष्ठाभावाऽप्रसिद्ध्या विभुत्वविशिष्टघटवान् महाकालत्वा-दित्यादावव्याप्तिः । [२]महाकालान्यत्वविशिष्टघटत्वावच्छिन्नाभावस्यैव तादृशस्य कथञ्चिन्महाकाले प्रसिद्ध्या तत्राऽव्याप्तिवारणेऽपि[३] तद्वह्नीयसंयोगसम्बन्धेन वह्नेः साध्यतायां सद्धेतावव्याप्तिः, तत्सम्बन्धेन यत्प्रतियोगिसम्बन्धि तदन्यत्वस्य तद्वह्निमत्यभावात् । [४]महाकालनिरूपितविशेषणतया घटादेः साध्यतायां महाकालत्वहेतावुक्तक्रमेणाप्यव्याप्तिवारणाऽसंभवाच्च तेन सम्बन्धेन यः प्रतियोगिसम्बन्धी तदन्यत्वस्य महाकाले विरहात् ।

૧) **પૂર્વપક્ષ** : ભલે તેમ હોય પણ ***વિભુત્વવિશિષ્ટઘટવાન્, મહાકાલત્વાત્*** સ્થળે અવ્યાપ્તિ ઉભી છે. કાલ એવા વિભુમાં સ્વરૂપેણ વિભુત્વ છે અને કાલિકેન ઘટ છે માટે સામાનાધિકરણ સંબંધથી વિભુત્વવિશિષ્ટઘટ બન્યો. તદ્વાન્ કાળ છે જ, આ સદ્ધેતુકસ્થળ છે. હવે અહીં સાધ્યતાવચ્છેદક કાલિક સંબંધ છે. મહાકાલત્વાધિકરણમહાકાલમાં જેનો અભાવ લઈએ તે બધાના પ્રતિયોગીનું સાધ્યતાવચ્છેદક સંબંધેન (કાલિકેન) મહાકાળ સંબંધી જ છે. અસંબંધી નથી. ગગનાભાવ લો તો ભલે ગગનનું કાલિકસંબંધેન મહાકાળ સંબંધી નથી. પણ ગગન કોઈ પણ સંબંધથી કોઈનું ય સંબંધી તરીકે પ્રસિદ્ધ નથી એટલે તેનું અસંબંધી મહાકાળ કહી શકાય નહિ. આમ પ્રતિયોગી વ્યધિકરણ અભાવાપ્રસિદ્ધયા અવ્યાપ્તિ આવે છે.

૨) **ઉત્તરપક્ષ** : નહિ, મહાકાલાન્યત્વવિશિષ્ટ ઘટાભાવ એ પ્રતિયોગી વ્યધિકરણ બની જશે. (કાલિકેન તાદશઘટ મહાકાલમાં રહી શકતો નથી.) તદીયપ્રતિયોગિતામાં સ્વ = ઘટત્વવિશિષ્ટઘટનું કાલિકેન સંબંધી મહાકાલનિષ્ઠ-ઉક્તાભાવીય પ્રતિયોગિતાનવચ્છેદક ઘટત્વાવચ્છેદત્વ છે પણ કાલાનુયોગિકત્વ નથી. ઉભયાભાવ રહી જતાં ઘટ સાધ્ય વ્યાપક બની ગયું. અવ્યાપ્તિ ન રહી.

૩) **પૂર્વપક્ષ** : વારુ, ***તદ્વહ્નિપ્રતિયોગિકસંબંધેન વહ્નિમાન્, ધૂમાત્*** આ સદ્ધેતુક સ્થળે અવ્યાપ્તિ આવશે.

વહ્નિત્વવિશિષ્ટ વહ્નિસંબંધી પર્વતમાં જેનો અભાવ લઈએ તેનો પ્રતિયોગીનો અસંબંધી પર્વત બનવો જોઈએ. હવે કોઈપણ પ્રતિયોગી વહ્નિપ્રતિયોગીક સંયોગસંબંધથી ક્યાંય સંબંધિ તરીકે પ્રસિદ્ધ જ નથી. તો પર્વત તેવા પ્રતિયોગીના અસંબંધી તરીકે પણ અપ્રસિદ્ધ જ રહે એટલે અહીં સ્વવિશિષ્ટ સંબંધી એ સાધ્યતા-વચ્છેદકસંબંધથી પ્રતિયોગ્યસંબંધિ તરીકે અપ્રસિદ્ધ બને છે માટે અવ્યાપ્તિ દુર્વાર છે.

૪) વળી હમણાં ***ઘટવાન્, મહાકાલત્વાત્*** સ્થળે દોષ દૂર કર્યો, પણ હજુય ત્યાં દોષ છે. મહાકાલનુયોગિકકાલિકસંબંધથી ઘટની સાધ્યતા અમે લઈશું એટલે હવે ઘટત્વવિશિષ્ટ ઘટ સંબંધી કાળમાં કોઈનો અભાવ ન લેવાય કેમકે તમામ પ્રતિયોગિઓનું સાધ્યતાવચ્છેદકસંબંધથી સંબંધી કાળ બને છે.

આમ ઉભય સ્થળે અભાવાપ્રસિદ્ધિનિબંધન અવ્યાપ્તિ દુર્વાર છે.

જાગદીશી : न च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये साध्यतावच्छेदकावच्छिन्न-सम्बन्धियत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्व-यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रति-

योगिकत्वोभयाभावस्तादृशप्रतियोगितानवच्छेदकावच्छिन्नत्वं निवेश्यमतो गगनाभावद्वारैव प्रसिद्धिरिति वाच्यम् ।

स्वरूपसम्बन्धेन गगनादेर्वृत्तिमत्त्वपक्षे एव प्रतियोगिताधर्मिकोभयाभावगर्भ-निरुक्त्यादरात्, तत्र गगनाभावमादाय प्रसिद्ध्यसंभवात् । कालिकविशेषणतायां गगनत्वावच्छिन्नप्रतियोगिकत्वसाध्यवन्महाकालानुयोगिकत्वयोः सत्त्वादिति चेत्, एतदस्वरसेनैव प्रतियोगितयोरित्यादिना प्रतियोगिवैयधिकरण्यमुपेक्ष्य लक्षणान्तरं वक्ष्यते इत्येके ।

દ્વિતીય પૂર્વપક્ષ : નહિ, આ રીતે વિવક્ષા કરવાથી અવ્યાપ્તિ દૂર થાય છે. સાધ્યતાવચ્છેદકસંબંધ સામાન્યમાં સાધ્યતાવચ્છેદકઅવચ્છિન્નસમ્બન્ધિયત્કિંચિત્ અનુયોગિકત્વ અને યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગીકત્વ એતદુભયાભાવ રહી જાય તો તાદશનું જે પ્રતિયોગિતાનવચ્છેદક તદ્ અવચ્છેદ્યત્વ લેવું. તેનો અભાવ પ્રતિયોગિતા સામાન્યમાં લેવો.

મહાકાલાનુયોગિકકાલિકસંબંધમાં ઘટત્વાવચ્છિન્નઘટસંબંધીકાલાનુયોગિકત્વ છે પણ ગગનત્વાવચ્છિન્નગગનપ્રતિયોગિકત્વ નથી = ઉભયાભાવ મળી ગયો. (ગગન એ કાળમાં વૃત્તિ નથી એ મતે આ સમજવું.) હવે યાદશપ્રતિયોગિતા એટલે ગગનાભાવીયપ્રતિયોગિતા લીધી હતી તેનો અનવચ્છેદક-ઘટત્વ બન્યો. તદવચ્છેદ્યત્વ સમવાયેન ઘટાભાવીયપ્રતિયોગિતામાં ભલે છે પણ કાલાનુયોગિકત્વ ન હોવાથી ઉભયાભાવ મળી જતાં સાધ્ય ઘટ વ્યાપક બન્યું.

આમ ગગનાભાવ દ્વારા પ્રતિયોગ્યસંબંધી તરીકે કાળની પ્રસિદ્ધિ થઇ ગઈ.

પ્ર.પૂર્વપક્ષ : નહિ, પ્રતિયોગિતા ધર્મિક લક્ષણનું અનુસરણ ગગનને કાળમાં વૃત્તિ માનવાના કારણે તો કરવું પડ્યું છે. તો અહીં તમે સાધ્યતાવચ્છેદક કાલિકસંબંધમાં ગગનપ્રતિયોગીકત્વાભાવ પ્રાપ્ત કરી લીધો તેજ બરોબર નથી. કાલાનુયોગિકત્વ છે તેમ ગગન પ્રતિયોગીકત્વ પણ છે જ. તેથી ઉભય રહી જતાં યાદશપદગૃહીત ગગન લેવાય જ નહિ. આમ પ્રતિયોગ્યસંબંધી તરીકે કાલની અપ્રસિદ્ધને લીધે અવ્યાપ્તિ દુર્વાર છે.

આમ પ્ર.**પૂર્વપક્ષ** દૃઢ બની ગયો. હવે એની સામે કેટલાક ('એકે') કહે છે કે એ અવ્યાપ્તિ દોષ જન્ય જે લક્ષણમાં ત્રુટિ છે એને દૂર કરવા માટે જ આગળ જઈને પ્રતિયોગી વ્યધિકરણ અઘટિત લક્ષણ કરવાના જ છે.

जागदीशी : परे तु निरुक्तप्रतियोग्यसम्बन्धिप्रकृतसाध्यवन्निष्ठाभावप्रतियोगितायां यद्यद्धर्मावच्छेद्यत्व-साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोभयाभावः प्रतियोगितावच्छेदका-वच्छिन्नप्रतियोग्यनधिकरणप्रकृतहेतुमन्निष्ठाभावप्रतियोगितासामान्येऽपि तादृशोभयाभावकूटवत्त्वं विवक्षणीयम् । अस्ति च समवायाद्यवच्छिन्नघटाद्यभावप्रतियोगितायां यत्कालिकसम्बन्धावच्छिन्नत्वघटत्वावच्छिन्नत्वोभयाभाववत्त्वं तदेव प्रतियोग्यनधिकरणमहाकालनिष्ठाभावप्रतियोगितासामान्येऽपीति घटवान् महाकालत्वादित्यादौ नाव्याप्तिः ।

જ્યારે બીજા કેટલાક નિમ્નોક્ત રીતે *कालो घटवान्* સ્થળે અવ્યાપ્તિ દોષ દૂર કરે છે.

પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન પ્રતિયોગી અસંબંધી જે સ્વ વિશિષ્ટ સંબંધી (=સાધ્યતાવચ્છેદક વિશિષ્ટ સાધ્યવત્) તેમાં રહેલા અભાવાદિની પ્રતિયોગિતામાં યદ્ધર્માવચ્છેદ્યત્વ અને સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ ઉભયાભાવ જો રહે અને તેજ ઉભયાભાવકૂટ હેતુમન્નિષ્ઠાભાવીયપ્રતિયોગિતામાં પણ રહે તો તેન સંબંધેન તદ્ધર્માવચ્છિન્નં વ્યાપકમ્ એમ અમે કહીશું.

घटवान्, महाकालत्वात् -

સમવાયેન ઘટાભાવ.

સ્વ=(સાધ્યતાવચ્છેદક) ઘટત્વવિશિષ્ટ ઘટસંબંધી કાળનિષ્ઠ જે સમવાયેન ઘટાભાવ, - તદીયપ્રતિયોગિતામાં ઘટત્વાવચ્છેદ્યત્વ છે પણ કાલિકસંબંધ (સાધ્યતાવચ્છેદક) અવચ્છેદ્યત્વ નથી. એટલે ઉભયાભાવ છે.

હવે તેજ ઉભયાભાવ હેતુમન્નિષ્ઠાભાવ = સમવાયેન ઘટાભાવ તદીય પ્રતિયોગિતામાં પણ છે જ માટે કાલિકેન ઘટત્વાવચ્છિન્ન ઘટ વ્યાપક બની ગયો. લક્ષણ સમન્વય થઈ ગયો.

મૂલોક્તલક્ષણ અને અવચ્છેદકત્વનું લક્ષણ સંકલિત કરતા આ આકાર થાય.

હેતુમન્નિષ્ઠપ્રતિયોગી વ્યધિકરણ અભાવીયપ્રતિયોગિતા[1]વચ્છેદકાવચ્છિન્ન અસંબંધિ જે સાધ્યતાવચ્છેદક ધર્માવચ્છિન્ન સાધ્યવન્નિષ્ઠ પ્રતિયોગી વ્યધિકરણ અભાવ તદીય પ્રતિયોગિતા[2]માં યદ્ધર્માવચ્છિન્નત્વ યત્સંબંધ અવચ્છિન્નત્વ ઉભયાભાવ જો મળે અને તેજ ઉભયાભાવ હેતુમન્નિષ્ઠઅભાવીય પ્રતિયોગિતામાં મળે તો તેન સંબંધેન તદ્ધર્માવચ્છેદ્યત્વં વ્યાપકત્વમ્ ।

દ્વિતીયપ્રતિયોગિતામાં ઉભયાભાવ જો મળે તો તે જ પ્રથમ પ્રતિયોગિતામાં મળે એટલે સાધ્યમાં વ્યાપકતા પ્રાપ્ત થાય. પૂર્વે તો હેતુમન્નિષ્ઠાભાવનાં પ્રતિયોગીનો સાધ્યતાવચ્છેદક સંબંધથી અસંબંધી સાધ્યનો સંબધી આવશ્યક હતો એટલે તે રીતે સમવાયેન ઘટાભાવ લઈ શકાય નહિ કેમકે કાલિકેન ઘટનો સંબંધી જ મહાકાળ બની જાય છે. ગગનાભાવ પણ ન લેવાય કેમકે કાલિકેન ગગનનો સંબંધી કોઈ પ્રસિદ્ધ નથી. એથી કાળ અસંબંધી પણ ન બને.

આમ અવ્યાપ્તિ ઉભી હતી. હવે તે બધુ દૂર કરીને પ્રતિયોગિતા સામાન્યમાં ઉભયાભાવ લેવાનું રહ્યું. એટલે યેનકેનચિત્સંબંધેન અભાવ લઈ શકાય. માટે સમવાયેન ઘટાભાવ પ્રાપ્ત થયો.

પ્રશ્ન : વારૂ તો આ રીતે જ પ્રથમ પ્રતિયોગિતામાં જ ઉભયાભાવ લઈને ***ઘટવાન્, મહાકાલત્વાત્*** સ્થળે લક્ષણ સમન્વય થઈ જાય છે પછી બે બે સ્થળે પ્રતિયોગિતામાં ઉભયાભાવ લેવાની જરૂર શી છે ?

ઉત્તર - જુઓ આવી પ્રક્રિયાનો તમને ખ્યાલ નથી. ઉક્ત રીતે ***ઘટવાન્, મહાકાલત્વાત્*** સ્થળે અવ્યાપ્તિ દૂર થતી હતી. પણ બાદ ***પ્રમેયવહ્નિમાન્, ધૂમાત્*** ની અતિવ્યાપ્તિ દૂર કરવા પ્રતિયોગિતામાં યદ્ધર્માન્યૂનવૃત્તિઅવચ્છિન્નત્વ - યત્સંબંધ અવચ્છિન્નત્વ ઉભયાભાવ લીધો. તેમ થતાં ***સત્તાવાન્, જાતેઃ*** માં અવ્યાપ્તિ આવી. એને દૂર કરવા પ્રતિયોગિતામાં યત્સંબંધઅવચ્છેદ્યત્વ અને સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠા-ભાવપ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છિન્નત્વ એતદુભયાભાવ લેવાનું કહ્યું.

હવે તેમ કરતાં ***કાલો ઘટવાન્, મહાકાલત્વાત્*** માં ફરી અવ્યાપ્તિ આવી ગઈ. કેમકે ઉક્ત ઉભયાભાવ પ્રતિયોગિતામાં પ્રાપ્ત નથી. જુઓ સ્વ = સાધ્યતાવચ્છેદક ઘટત્વવિશિષ્ટ ઘટ સંબંધિકાળ નિષ્ઠપ્રતિયોગી વ્યધિકરણ અભાવ, કાલિકેન કોઈ ન મળે એટલે અપ્રસિદ્ધિ નિબંધના અવ્યાપ્તિ રહી.

આ અવ્યાપ્તિ દૂર કરવા અને સાથે સાથે ***સત્તાવાન્, જાતેઃ*** માં પણ લક્ષણ સમન્વય કરી લેવા 'પરે તુ' પક્ષે એવો પરિષ્કાર કર્યો જેમાં યેનકેનચિત્ સંબંધેન અભાવ લઈ શકાય. એટલે હવે સમવાયેન ઘટાભાવ મળી ગયો લક્ષણસમન્વય થયો.

આમ પહેલી જ પ્રતિયોગિતામાં ઉભયાભાવ લઈ લેતા લક્ષણ સમન્વય થવા છતાં આગળ અનુસરણ કેમ કરવું પડ્યું ? એનો હેતુ વિવિધ પરિષ્કારો છે. જેથી ફરી ***ઘટવાન્ મહાકાલત્વાત્*** માં અવ્યાપ્તિ ઉભી જ રહી એ ઉપરોક્ત રીતે હવે દૂર થઈ.

जागदीशी : यद्यदिति वीप्सादरान्निरुक्तप्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभाव-प्रतियोगितासामान्ये एव गुणत्वावच्छेद्यत्वसंयोगसम्बन्धावच्छेद्यत्वोभयाभावसत्त्वेऽपि धूमवान् वह्नेरित्यादौ नातिव्याप्तिः । धूमत्वावच्छेद्यत्वसंयोगसम्बन्धावच्छेद्यत्वोभया-भावस्यापि तादृशत्वेन तस्यैव प्रतियोग्यनधिकरणवह्निमन्निष्ठाभावप्रतियोगितासामान्ये विरहात्, संयोगसम्बन्धावच्छिन्नधूमाभावप्रतियोगितायां तदसत्त्वादित्याहुः ।

'પરે તુ'ની આ વિવક્ષામાં यत् यत् એવી વીપ્સા કરવાનું કારણ તદભાવે ***धूमवान्, वह्नेः*** માં આવતી અતિવ્યાપ્તિને અટકાવવાનું છે. ત્યાં ઘટાભાવ, ગુણત્વાભાવ લઈને તદીય પ્રતિયોગિતામાં ઉભયાભાવ રહી જાય. એટલે ધૂમ વ્યાપક બની જાય. હવે તો જે જે હેતુમન્નિષ્ઠાભાવપ્રતિયોગિતા હોય તે બધામાં ઉભયાભાવ લેવાનો એટલે વહ્નિઅધિકરણ અયોગોલકમાં ધૂમાભાવ પણ છે તો તેની પ્રતિયોગિતામાં પણ ઉભયાભાવ મળવો જોઈએ ને તે નથી મળતો એટલે હવે અતિવ્યાપ્તિ નથી.

આ રીતે 'પરે તુ'નો પક્ષ પૂર્ણ થયો.

जागदीशी : ननु स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकेत्यत्रा-ऽनवच्छेदकत्वं न तादृशावच्छेदकप्रतियोगिकभेदमात्रम्, धर्ममात्रस्यैव तादृशयत्किञ्चिदवच्छेदकभिन्नत्वेन व्याप्तिलक्षणाऽसंभवप्रसङ्गात्,

હવે આપણે મૂલાનુસાર ચાલીએ. હવે એ ખ્યાલમાં રાખવું કે મુલાનુસાર તો સ્વવિશિષ્ટસંબંધીનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છેદત્વ અને તત્સંબંધઅવચ્છેદ્યત્વ ઉભયાભાવ પ્રતિયોગિતામાં રહે એટલે તેન સંબંધેન તદ્ધર્માવચ્છિન્ન વ્યાપક બને.

અવચ્છેદકત્વં કિમ્ ? એમાં પહેલાં સ્વસમાનવૃત્તિકપ્રતિયોગિતાવચ્છેદકા-ન્યૂનાનતિરિક્તવૃત્તિત્વં કરતાં દોષ આવતાં તેને દૂર કરી 'અવચ્છેદકત્વ' ઘટિત બે લક્ષણ બનાવ્યા. સ્વવિશિષ્ટસમ્બધિનિષ્ઠ... ઈત્યાદિ. ત્યારબાદ સિદ્ધાન્તલક્ષણી વ્યાપ્તિ જે પ્રતિયોગિતા ધર્મિકોભયાભાવ ઘટિત છે તેની ***सत्तावान्, ज्ञतेः*** અવ્યાપ્તિ હતી. એટલે તે મૂલોક્ત વ્યાપ્તિનો પણ પ્રતિયોગિતામાં યત્સંબંધત્વ અને યદ્ધર્માન્યૂનવૃત્તિત્વ ઉભયાભાવ લેવાનો નિષેધ કરી યત્સંબંધત્વ અને સ્વવિશિષ્ટસમ્બન્ધિનિષ્ઠાભાવ-પ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છેદત્વ એતદુભયાભાવ લેવાનું કહ્યું. આ રીતે પ્રતિયોગિતા ધર્મિક ઉભયાભાવ કેવી રીતે લેવા તે પરિષ્કારપૂર્વક બતાવીને મૂલોક્ત વ્યાપ્તિ લક્ષણ નિર્દુષ્ટ બનાવ્યું.

હવે એ પ્રતિયોગિતા ધર્મિક ઉભયાભાવમાં કહ્યું કે યત્સંબંધ અવચ્છેદ્યત્વ અને સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠઅભાવપ્રતિયોગિતાનવચ્છેદકાવચ્છેદ્યત્વ એતદુભયાભાવ લેવો. એમાં 'સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકઅવચ્છિન્નત્વ'માં પ્રતિયોગિતાનવચ્છેદકત્વં કિમ્ એના ઉપર હવે વિચાર ચાલે છે.

નનુ: અનવચ્છેદકત્વ એટલે અવચ્છેદકત્વાભાવ

= અનવચ્છેદક એટલે અવચ્છેદકત્વાભાવવત્ ।

= અનવચ્છેદક એટલે અવચ્છેદકત્વભેદવત્ ।

પ્રશ્ન : ઘટ: પટો ન = ઘટ એ પટભેદવત્ છે.

તો તે પટત્વઅવચ્છિન્ન પ્રતિયોગિકભેદવત્ છે. (જ્યાં પટભેદ છે ત્યાં પટત્વાત્યંતાભાવ છે જ, માટે પટપ્રતિયોગિક ભેદવત્ =પટત્વાવચ્છિન્ન પ્રતિયોગિકભેદવત્ કહેવો) અથવા તો પટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકભેદવત્ છે.

પ્રસ્તુતમાં પ્રતિયોગિતા અનવચ્છેદક = અવચ્છેદકત્વભેદવત્ । તો તે (પ્રતિયોગિતા)અવચ્છેદક પ્રતિયોગિકભેદવત્ છે ? કે પ્રતિયોગિતાવચ્છેદકત્વા-વચ્છિન્નપ્રતિયોગિતાક ભેદવત્ છે ?

જો એમ કહો કે **પ્રતિયોગિતાનવચ્છેદક = પ્રતિયોગિતા અવચ્છેદક પ્રતિયોગિકભેદવત્** તો સર્વત્ર અસંભવ દોષ આવે.

વહ્નિમાન્, ધૂમાત્ - ઘટાભાવ, પ્રતિયોગિતાવચ્છેદકઘટત્વ છે.

હવે અમે કહીશું કે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વં ઘટત્વપટૌ ન

= ઘટત્વે ઘટત્વપટોભય ભેદ:

= ઘટત્વં ઘટત્વપટોભયભેદવત્

= ઘટત્વં ઘટત્વપ્રતિયોગિકભેદવત્

= ઘટત્વં પ્રતિયોગિતાવચ્છેદકપ્રતિયોગિકભેદવત્

યત: ઘટત્વં પ્રતિયોગિતાવચ્છેદકપ્રતિયોગિકભેદવત્

અત: ઘટત્વં પ્રતિયોગિતાનવચ્છેદકમ્ ।

(કેમકે પ્રતિયોગિતાનવચ્છેદકનો પહેલો અર્થ પ્રતિયોગિતાવચ્છેદકપ્રતિયોગિક ભેદવત્ છે.)

આ રીતે ઘટત્વ પ્રતિયોગિતાનવચ્છેદક બન્યું. તદવચ્છેદ્યત્વ ઘટાભાવીય પ્રતિયોગિતામાં છે જ અને સંયોગસંબંધ અવચ્છેદકત્વ પણ છે જ આમ સર્વત્ર ઉભય

રહી જતા અસંભવ દોષ આવ્યો.

जागदीशी : किन्तु तादृशप्रतियोगितावच्छेदकत्वावच्छिन्नप्रतियोगिताको भेदः, तथा चाऽवच्छेदकत्वगर्भाया निरुक्तेः प्रमेयधूमवान् वह्नेरित्यादावतिव्याप्तिः । अवच्छेद्यत्वगर्भायास्तु प्रमेयवह्निमान् धूमादित्यादावव्याप्तिः, प्रमेयवह्नित्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितावच्छेदकवृत्तिप्रतियोगिताया लाघवेन वह्निमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकत्वेनैवावच्छेदादत आह *प्रतियोगिताश्रेति* ।

એને દૂર કરવા પ્રતિયોગિતાનવચ્છેદક એટલે પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવત્ કહો તો બરોબર છે કેમકે ઘટત્વમાં ઉભયભેદ હોવા છતાં પ્રતિયોગિતાવચ્છેદકત્વમાત્રાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ નથી. કેમકે તેમાં પોતાનામાં જ પ્રતિયોગિતાવચ્છેદકતા રહેલી છે. તો પ્રતિયોગિતાવચ્છેદકત્વમાત્રાવચ્છિન્ન પ્રતિયોગિતાકભેદવત્ તે શી રીતે બને ? આમ અહીંથી અસંભવ દોષ ટળી જાય છે. પણ તેમ થતાંય અવચ્છેદકત્વ ઘટિત લક્ષણાનુસાર ***प्रमेयधूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ.

અવચ્છેદકત્વ ઘટિતલક્ષણમાં વ્યભિચારી સ્થળે સ્વપદથી સાધ્યતાવચ્છેદક પકડાય નહિં એટલે અતિવ્યાપ્તિ આવે. (પૃ. ૭૯ પ્રથમકલ્પ)

અવચ્છેદ્યત્વઘટિત લક્ષણમાં સ્વ(સાધ્યતાવચ્છેદક)પદથી ગુરુભૂત ધર્મ પકડાય નહિં એટલે અવ્યાપ્તિ આવે. (પૃ. ૮૧ દીધિતિ.)

અવચ્છેદકત્વઘટિત લક્ષણાનુસાર ***प्रमेयधूमवान्, वह्नेः*** સ્થળે અતિવ્યાપ્તિ આવે છે.

प्रमेयधूमवान्, वह्नेः - પ્રમેયધૂમાભાવ, પ્રતિયોગિતાવચ્છેદકલઘુભૂત ધૂમત્વ.

યદ્ધર્મવિશિષ્ટસંબંધીનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદક = પ્રમેયધૂમત્વ વિશિષ્ટપર્વત નિષ્ઠાભાવ(ઘટાભાવાદિ)પ્રતિયોગિતાનવચ્છેદક(લઘુભૂત) ધૂમત્વ બને છે. અર્થાત્ પારિભાષિક અવચ્છેદક ધૂમત્વ એજ તાદશ પ્રતિયોગિતાનવચ્છેદક બને છે માટે યદ્ધર્મ પ્રમેયધૂમત્વ. પ્રતિયોગિતાવચ્છેદક તે જ સાધ્યતાવચ્છેદક બની જતાં અતિવ્યાપ્તિ દૂર થતી હતી. પણ હવે યદ્ધર્મ પદથી પ્રમેયધૂમત્વ પકડાશે નહિ.

સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદક = સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવ પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવત્=પ્રમેયધૂમત્વ વિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવ પ્રમેયધૂમાભાવ ન મળે પણ ઘટાભાવાદિ મળે. તત્પ્રતિયોગિતાવચ્છેદકત્વા (ઘટત્વત્વા)વચ્છિન્ન-ઘટત્વપ્રતિયોગિતાકભેદવત્ પ્રમેયધૂમત્વ બને. પણ

ધૂમત્વવિશિષ્ટસંબંધીનિષ્ઠાભાવ પણ ધૂમાભાવ ન મળતા ઘટાભાવાદિ મળે. તત્પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ન-ઘટત્વપ્રતિયોગિતાકભેદવત્ ધૂમત્વ બને.

હવે ધૂમત્વ એ લઘુભૂત હોવાથી ગુરુભૂત ધર્માવચ્છિન્નપ્રતિયોગિતા જ અપ્રસિદ્ધ થતાં સ્વપદથી ધૂમત્વ જ પકડવું જોઈએ. એટલે પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ, સાધ્યતાવચ્છેદક પ્રમેયધૂમત્વ ભિન્ન બનતાં **અતિવ્યાપ્તિ-**

વળી, અવચ્છેદત્વઘટિતલક્ષણાનુસાર ***પ્રમેયવહ્નિમાન્, ધૂમાત્*** સ્થળે અવ્યાપ્તિ આવે. ***પ્રમેયવહ્નિમાન્, ધૂમાત્.*** સમવાયેન વહ્ન્યભાવ, પ્રતિયોગિતાવચ્છેદક લઘુભૂત વહ્નિત્વ.

પ્રમેયવહ્નિત્વસંબંધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકભેદવત્ પ્રમેયવહ્નિત્વ બને. પણ વહ્નિત્વસંબંધિનિષ્ઠાભાવ પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકભેદવત્ વહ્નિત્વ બને છે. તે પૂર્વાપેક્ષયા લઘુભૂત છે. તેથી વહ્નિત્વસંબંધીનિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વ જ લેવાય. અને તેથી પ્રમેયવહ્નિત્વસંબંધી નિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાકભેદ જ અપ્રસિદ્ધ બની જશે. આમ, સાધ્યતાવચ્છેદક પ્રમેયવહ્નિત્વાવચ્છિન્ન પ્રમેયવહ્નિ એ હેતુને વ્યાપક જ બની શકશે નહિ. આથી અવ્યાપ્તિ દુરુદ્ધર છે.


આમ આ બેય સ્થળે પ્રતિયોગિતાનવચ્છેદક એટલે પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવત્ અર્થ લેતાંય ય અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ ઉભી રહે છે.

दीधिति : तादृशप्रतियोगिताश्च विशिष्योपादेयाः, नाऽतो गुरोरवच्छेदकत्वं विना दुर्वचत्वं प्रतियोगित्वस्य ।

जागदीशी : तादृशावच्छेदकनिष्ठप्रतियोगिताव्यक्तयो विशेष्य तत्तदवच्छेदकत्वावच्छिन्नत्वेन प्रवेशनीयाः, न तु अनुगततादृशावच्छेदकत्वावच्छिन्नत्वेन, यतो गुरुधर्मस्यानवच्छेदकत्वे व्याप्तेर्दुर्वचत्वं स्यादित्यर्थः ।

ઉત્તરપક્ષ - તે પ્રતિયોગિતાઅવચ્છેદકમાં રહેલી (પ્રતિયોગિતાનવચ્છેદક= પ્રતિયોગિતાવચ્છેદકનો ભેદવત્ = ભેદીયાપ્રતિયોગિતા - પ્રતિયોગિતાવચ્છેદકનિષ્ઠા) પ્રતિયોગિતા એ તત્તદ્વ્યક્તિત્વેન લેવી અર્થાત્ શૃઙ્ગ્રાહકતયા લેવી. એનો અર્થ કે પ્રતિયોગિતાવચ્છેદક નિષ્ઠ જે તદ્વ્યક્તિત્વ, તત્ત્વેન પ્રતિયોગિતાવચ્છેદકનિષ્ઠ ભેદીયાપ્રતિયોગિતા લેવી. એમ થતાં પ્રમેયધૂમત્વનિષ્ઠ કે પ્રમેયવહ્નિત્વનિષ્ઠ-

પ્રતિયોગિતા એ કોઈની અપેક્ષાએ ગુરૂભૂત ન બને કેમકે તેનું ગ્રહણ તદ્‌વ્યક્તિત્વેન કરેલું છે, પ્રતિયોગિતાવચ્છેદકતાત્વેન નહિ.



અર્થાત્ અનુગતરૂપથી પ્રતિયોગિતાનું ગ્રહણ નથી કરવાનું.

એટલે હવે 'ગુરૂધર્મ અવચ્છેદક ન બને માટે તેમાં ભેદીયા પ્રતિયોગિતા કહી શકાય નહિ' એવું કહી શકાશે નહિ.

जागदीशी : स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावीयप्रतियोगिताव्यक्तीर्विशिष्योपादाय तत्तत्प्रतियोगितावच्छेदकत्वावच्छिन्नभेदकूटवत्त्वं निवेशनीयमिति तु अपव्याख्यानम् । तत्तत्प्रतियोगिताविशेषितावच्छेदकत्वव्यक्तीनां वास्तविकतत्तदवच्छेदकत्वव्यक्तीरपेक्ष्य गुरुत्वेन तत्प्रतियोगितानिरूपितावच्छेदकत्वावच्छिन्नभेदानामप्यप्रसिद्ध्या दुर्वचत्वतादवस्थ्यात् ।

બીજા કેટલાક કહે છે કે સ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠ જે જે અભાવો મળે તે બધાયની પ્રતિયોગિતા વ્યક્તિઓનો ભેદકૂટ જેમાં રહે તે પ્રતિયોગિતાનવચ્છેદક બને.

પ્રમેયધૂમત્વવિશિષ્ટ પ્રમેયધૂમ સંબંધીપર્વતનિષ્ઠઘટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદકતાવાન્ ન, પટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતાવાન્ ન-એવા ભેદકૂટવાળો ધૂમત્વ બને. માટે તે પ્રતિયોગિતાનવચ્છેદક બને.

આ મત ઘટાભાવીય-પટાભાવીય, ઘટ-પટનિષ્ઠ પ્રતિયોગિતાઓને તદ્‌વ્યક્તિત્વેન લઈને તેનો ભેદકૂટ પ્રતિયોગિતાનવચ્છેદકમાં લે છે.

જ્યારે સિદ્ધાન્તી પ્રતિયોગિતાવચ્છેદક નિષ્ઠ પ્રતિયોગિતાને તદ્‌વ્યક્તિત્વેન લઈ તે બધાનો ભેદકૂટ પ્રતિયોગિતાનવચ્છેદકમાં લે છે.

પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે સિદ્ધાન્તીએ પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ભેદ ન લેવાય કેમકે પ્રમેયવહ્નિત્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વની અપેક્ષાએ વહ્નિત્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવપ્રતિયોગિતાવચ્છેદકત્વ

લઘુભૂત ધર્મ છે. એથી હવે પ્રમેયવહ્નિત્વઘટિતતાદૃશપ્રતિયોગિતાવચ્છેદકઘટત્વનિષ્ઠ તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા લેવી પણ ઘટત્વનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ના પ્રતિયોગિતા ન લેવી. તેમ થતાં ગુરૂભૂતધર્મઘટિતપ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદવત્ મળે જ નહિ. પરંતુ હવે તો તે પણ મળે કેમકે પ્રમેયવહ્નિત્વઘટિતતદ્‌વ્યક્તિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાવચ્છેદકતાપ્રતિયોગિતાકભેદ ગુરૂભૂત નથી.

પૂર્વપક્ષે ઘટનિષ્ઠાપ્રતિયોગિતા તદ્‌વ્યક્તિત્વેન લીધી. આ પ્રતિયોગિતાનું અવચ્છેદકત્વ ઘટત્વમાં છે. એનાથી અવચ્છિન્નપ્રતિયોગિતાઘટનિષ્ઠા, તન્નિરૂપક ભેદ.

આની સામે સિદ્ધાન્તી કહે છે કે ઘટનિષ્ઠાપ્રતિયોગિતા માટે તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાવચ્છેદકની અપેક્ષાએ ઘટત્વનિષ્ઠતદ્‌વ્યક્તિત્વ એજ લઘુભૂત ધર્મ છે. માટે ફરી 'સંભવતિ લઘુધર્મે' નિયમથી અહીં દોષ આવશે જ. અને તેથી ***પ્રમેયધૂમવાન્, વહ્નેઃ*** માં અતિવ્યાપ્તિ ને ***પ્રમેયવહ્નિમાન્, ધૂમાત્*** માં અવ્યાપ્તિનું વારણ થઈ શકતું જ નથી. એટલે અમે કહ્યું છે તેજ બરોબર છે.

जागदीशी : यदि च समनियतनानाधर्मावच्छिन्नप्रतियोगित्वस्य भेदे मानाभावस्तदा तत्तत्प्रतियोगितावच्छेदकत्वावच्छिन्नभेदकूटस्य प्रवेशेऽपि न क्षतिः, तत्तत्प्रतियोगितावच्छेदकत्वस्य तत्तदवच्छेदकत्वसमनैयत्याभावेन गुरुत्वस्याकिञ्चित्करत्वादिति ध्येयम् ।

હવે જગદીશ કહે છે કે જો સમનિયત ધર્મોથી અવચ્છિન્ના પ્રતિયોગિતા ભિન્ન ભિન્ન ન માનીએ અર્થાત્ એક જ માનીએ તો આ પૂર્વપક્ષની વિવક્ષા પણ બરોબર છે.

તદ્‌ઘટાભાવીય ઘટનિષ્ઠા પ્રતિયોગિતા જેમ તદ્‌વ્યક્તિત્વાવચ્છિન્ના છે તેમ ઘટનિષ્ઠ તદ્રૂપ, તદ્રસ, તદ્‌ગન્ધ, તત્સ્પર્શાવચ્છિન્ના પણ છેજ. કેમકે તે ચારેય સમનિયત વ્યક્તિ છે. એટલે બધાયથી અવચ્છિન્નપ્રતિયોગિતા એકજ છે. હવે પ્રતિયોગિતાના અવચ્છેદક ચારેય (રૂપ, રસાદિ) બને. બધાયમાં તત્પ્રતિયોગિતાવચ્છેદકતા રહે. હવે તત્પ્રતિયોગિતાવચ્છેદકતાની અપેક્ષાએ તદવચ્છેદકતા = તદ્‌વ્યક્તિત્વ એ લઘુભૂત ધર્મ છે. અર્થાત્ તદ્‌પ્રતિયોગિતાવચ્છેદકતા એ ગુરૂભૂત ધર્મ છે.

પણ આ તદવચ્છેદકતારૂપ તદ્‌વ્યક્તિત્વ ધર્મ લઘુભૂત ત્યારે થાય જો એ આપત્તિના આરોપે અતિપ્રસંગનો આપાદક ન હોય. હવે ચારેયમાં 'તદવચ્છેદકતા નાસ્તિ' એવી પ્રમાત્મક પ્રતીતિ થાય છે. (તદ્રૂપમાં 'તદ્રસત્વંનાસ્તિ' એવી પ્રમાત્મક

પ્રતીતિ થાય જ છે... એમ ચાલણી ન્યાયે ચારેયમાં 'तदवच्छेदकता नास्ति' એવી પ્રમાત્મક પ્રતીતિ થશે.) પણ 'तदवच्छेदकता नास्ति' એવી જો પ્રત્યેકમાં પ્રતીતિ થતી હોય તો 'तत्प्रतियोगितावच्छेदकता नास्ति' પ્રતીતિ પણ થઈ જવાની આપત્તિ આવે. વસ્તુતઃ પ્રત્યેકમાં તત્પ્રતિયોગિતાવચ્છેદકતા પોતાની તો છેજ, છતાં લઘુભૂત 'तद्व्यक्तित्व नास्ति'ની આપત્તિથી 'तदवच्छेदकताप्रतियोगिता नास्ति' પ્રતીતિની આપત્તિ છે. માટે तद्व्यक्तित्व = तदवच्छेदकता લઘુભૂત ધર્મ બની શકે નહિ. અને તેમ થતાં તત્પ્રતિયોગિતાવચ્છેદકત્વાવચ્છિન્ના પ્રતિયોગિતા એ ગુરૂભૂત ધર્માવચ્છિન્ના હવે કહેવાય પણ નહિ. કેમકે અહીં ગુરૂભૂત ધર્મ અકિંચ્ચિત્કર (અનપાય કારક) છે. આમ પૂર્વપક્ષ સામે "तद्व्यक्तित्वापेक्षया तत्प्रतियोगितावच्छेदकत्वावच्छिन्ना ભેદીયા પ્રતિયોગિતા કહેવી એ ગુરૂભૂતધર્માવચ્છિન્ના હોઈને અપ્રસિદ્ધ છે માટે અસંભવ દોષ ઉભો જ રહે" એ રીતે જે સિદ્ધાન્તીએ ખંડન કર્યું તે હવે થઈ શકતું નથી એ સમજી રાખવું.

(**अकिञ्चित्करत्वात्** એમ લખ્યું છે, તેનો આશય એ છે કે જેમ **संख्यावान् न परिमाणवान्** આવા ભેદની પ્રતિયોગિતાના અવચ્છેદક ધર્મો સંખ્યા તથા પરિમાણ બંને જુદા છે, છતાં તે પરસ્પર સમનિયત છે, તેથી तत्तद्धर्मावच्छिन्नप्रतियोगित्व એક જ છે. ભિન્ન નથી. એટલે તત્પ્રતિયોગિતાવચ્છેદક જો તદવચ્છેદકત્વ થાય, તો સંખ્યાદિમાં પણ ***तत्प्रतियोगितावच्छेदकं न*** એમ ભેદની પ્રતીતિ થાય. કેમકે નિરુક્ત-ભેદપ્રતિયોગિતાવચ્છેદક તદવચ્છેદકત્વ કેવલપરિમાણાદિમાં છે અને તત્પ્રતિયોગિતા-વચ્છેદકત્વ ઉભયધર્મને સાધારણ છે. આમ સંખ્યાદ્યવચ્છિન્નપ્રતિયોગિતાવચ્છેદક તાદશપ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકત્વ જ છે, તથા પ્રમેયધૂમત્વાદિવિશિષ્ટ સંબંધિ-નિષ્ઠાભાવીયતત્તત્પ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકભેદપ્રતિયોગિતાવચ્છેદક પણ તાદશ-તત્તત્પ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકત્વ જ છે, તાદશપ્રતિયોગિતાનિરૂપિતત્તદવચ્છેદકત્વ નહિ, કેમકે એવું હોય તો તદવચ્છેદકત્વ પ્રત્યેક ઘટત્વાદિમાં રહેલ હોવાથી ઘટત્વાદિમાં પણ તાદશપ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકભેદની પ્રતીતિ થાય. એટલે અનિચ્છાએ પણ તત્તપ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકત્વ તદવચ્છેદકત્વની અપેક્ષાએ ગુરુભૂત હોવા છતાં પણ પ્રમેયધૂમાદિમન્નિષ્ઠાભાવીયતત્તત્પ્રતિયોગિતાવિશિષ્ટાવચ્છેદકભેદપ્રતિયોગિતા-વચ્છેદકત્વ અવશ્ય કલ્પવું જોઈએ.)

दीधिति : प्रतियोगित्वं सम्बन्धित्वं च साध्यतावच्छेदकसम्बन्धेन

बोध्यम् । अतो न सम्बन्धभेदमादाय दोषः ।

जागदीशी : सम्बन्धभेदमिति । इदं च प्रागेव निरुक्तव्याख्यायां प्रपञ्चितम् ।

प्रतियोगित्वं संबंधित्वं च साध्यतावच्छेदकसंबंधेन. साध्यतावच्छेदक संबंधेन प्रतियोगिता અને साध्यतावच्छेदकसंबंधेन संबंधिता लेवी. अन्य संबंधथी लेतां अव्याप्त्यादि दोष. समवायेन वह्न्यभाव लेतां वह्नित्व જ प्रतियोगितावच्छेदक બને. अनवच्छेदक न બને तो तदवच्छेदकत्वाभाव પણ न મળે.

આ બધું પૂર્વે આવી ગયું છે.

दीधिति : अभावश्च प्रतियोगिव्यधिकरणो बोध्यः ।

जागदीशी : ननु प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावप्रतियोगितायाः संयोगत्वावच्छेद्यत्वेऽपि संयोगत्वस्य स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकत्वाभावात्संयोगी सत्त्वादित्यत्र अतिव्याप्तिरत आह *अभावश्चेति* ।

अभाव प्रतियोगी व्यधिकरण लेवो अन्यथा ***संयोगी, सत्वात्*** स्थळे प्रतियोगी अनधिकरण सत्ताधिकरण गुणनिष्ठाभाव संयोगाभाव, तदीया प्रतियोगितामां संयोगत्वावच्छेद्यत्व छे, પણ હવે संयोगत्वविशिष्ट संयोगसंबंधी द्रव्यनिष्ठ संयोगाभावीय प्रतियोगितानवच्छेदक संयोगत्व न रहेतां, अन्य गोत्वत्वादि બને. એટલે गोत्वत्वावच्छिन्नत्वनो प्रतियोगितामां अभाव મળતાં ઉભયાભાવ રહી ગયો = अतिव्याति.

હવે संयोगत्वविशिष्ट संयोग संबंधी द्रव्यमां प्रतियोगी व्यधिकरण अभाव लेवानो એટલે संयोगाभाव तो મળે જ नहि. तेथी संयोगत्व જ प्रतियोगितानवच्छेदक બને. तदवच्छेद्यत्व प्रतियोगितामां आवी गयुं. समवायसंबंधावच्छिन्नत्व પણ છે જ એટલે ઉભય રહેતાં संयोगत्व व्यापक न બન્યો.

जागदीशी : निरुक्तित्रयेऽपीति शेषः । तथा च निरुक्तप्रतियोग्यनधिकरणस्वविशिष्टसम्बन्धिनिष्ठाभावप्रतियोगितानवच्छेदकत्वं संयोगत्वेऽप्यक्षतमिति हेतुमन्निष्ठाभावप्रतियोगितायास्तदवच्छेद्यत्वादेव नातिव्याप्तिरिति भावः ।

જગદીશ કહે છે કે ત્રણેય નિરૂક્તિ ઘટિત વ્યાપ્તિઓમાં આ સમજી લેવું.

૧. તદવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવવદસમ્બદ્ધસ્વવિશિષ્ટસામાન્યકત્વં (અવચ્છેદકત્વ ઘટિત)

૨. સ્વવિશિષ્ટ સંબંધિનિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદકત્વં (અવચ્છેદકત્વ ઘટિત)

૩. સ્વવિશિષ્ટ સંબંધિ નિષ્ઠાભાવ પ્રતિયોગિતાઅનવચ્છેદકઅવચ્છેદ્યત્વં (અવચ્છેદ્યત્વ ઘટિત)

ત્રીજી નિરૂક્તિ એ સિદ્ધાન્તલક્ષણીની પ્રતિયોગિતાધર્મિક વ્યાપ્તિના દોષ-પરિહાર માટે જ છે. પણ તે અવચ્છેદકત્વનું લક્ષણ નથી એ સમજી રાખવું. પણ ત્રણેય નિરૂક્તિ ઘટિત વ્યાપ્તિ લક્ષણ છે. એ ત્રણેય નિરૂક્તિમાં પ્રતિયોગી વ્યધિકરણ પદ પ્રવિષ્ટ છે. તેમ ત્રણેય નિરૂક્તિ ઘટિત જે વ્યાપ્તિ લક્ષણ, તેમાં પણ પ્રતિયોગી વ્યધિકરણ પદ પ્રવિષ્ટ છે. આમ પહેલી બીજી ત્રીજી એમ પ્રત્યેક નિરૂક્તિમાં અને નિરૂક્તિઘટિત વ્યાપ્તિમાં પ્રતિયોગી વ્યધિકરણ પદ નિવિષ્ટ છે.

પૂર્વપક્ષ બીજી ત્રીજીમાં બે ય સ્થાને ભલે પ્રતિયોગી વ્યધિકરણ પદ નિવેશ હોય પણ પ્રથમ નિરૂક્તિમાં મૌલીય અને ઇદમીય એકેય પ્રતિયોગી વ્યધિકરણ અનાવશ્યક છે. એમ સિદ્ધ કરવા માંગે છે તે પૂર્વે દ્વિતીય તૃતીયમાં પ્રતિયોગી વ્યધિકરણપદ આવશ્યક છે જ માટે તેમાં ભલે રહ્યું તે સાબિત કરી આપે છે.

જો કે અહીં તો બીજી નિરુક્તિમાં સિદ્ધાન્તી પોતે જ પ્રતિયોગી વ્યધિકરણ પદ લેવાથી અતિવ્યાપ્તિ દૂર થાય છે તે બતાવે છે.

સિદ્ધાન્તી : *संयोगी, सत्वात्* સત્તાધિકરણ પર્વત. પ્રતિયોગિતાવચ્છેદકા(ઘટત્વા) વચ્છિન્નઘટઅનધિકરણ પર્વત એ સંયોગત્વ વિશિષ્ટ સંયોગનું સંબંધી પણ છે. તેમાં રહેલો જે સંયોગાભાવ(પ્રતિયોગીસામાનાધિકરણ લીધો.) તદીય પ્રતિયોગિતાનો અનવચ્છેદક ન બન્યો. ગોત્વત્વાદિ અનવચ્છેદક બને. તદવચ્છેદ્યત્વાભાવ સંયોગાભાવીય પ્રતિયોગિતામાં મળી જતાં ઉભયાભાવ રહ્યો. એટલે અતિવ્યાપ્તિ આવી.

એને દૂર કરવા પ્રતિયોગી વ્યધિકરણ પદ નિવેશ આવશ્યક છે જ કેમકે તેમ થતાં પર્વતમાં પ્રતિયોગી વ્યધિકરણ સંયોગાભાવ ન જ મળે એટલે સંયોગત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બને. તદવચ્છેદ્યત્વ પ્રતિયોગિતામાં રહી જતાં ઉભય રહેતાં અતિવ્યાપ્તિ નથી.

दीधिति : कालिकविशेषणताविशेषेण च साध्यतायां तादृश-

प्रतियोगितावच्छेदकत्वमनित्यतत्तद्व्यक्तित्वे प्रसिद्धम् ।

जागदीशी : नन्वेवं गोमान् महाकालत्वादित्यत्राऽव्याप्तिः, गोत्वविशिष्टसम्बन्धि-निष्ठस्याभावमात्रस्यैव साध्यताघटककालिकसम्बन्धेन प्रतियोगिसमानाधिकरणतया स्वविशिष्टसम्बन्धिनिष्ठप्रतियोग्यसमानाधिकरणाभावप्रतियोगितावच्छेदकत्वाऽप्रसिद्धेरत आह *कालिकेति* । तथा च स्वावच्छिन्नानधिकरणसाध्यवत्खण्डकालनिष्ठाभाव-प्रतियोगितावच्छेदकतयैव तद्व्यक्तित्वे निरुक्तावच्छेदकत्वं सुलभमिति भावः ।

पूर्वपक्ष : પણ *कालो गोमान्, महाकालत्वात्* માં પ્રતિયોગી વ્યધિકરણ પદનિવેશ કરવા પર પણ અવ્યાપ્તિ રહે છે. સ્વ = (સાધ્યતાવચ્છેદક) ગોત્વવિશિષ્ટગો સંબંધિકાળમાં પ્રતિયોગી વ્યધિકરણ અભાવ જ અપ્રસિદ્ધ બને. એટલે પ્રતિયોગિતાનવચ્છેદક અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદક-ત્વાભાવવત્ કોઈ બને જ નહિ. કેમકે પ્રતિયોગી વ્યધિકરણ અભાવ મળે તો પ્રતિયોગિતાવચ્છેદકત્વ કોઈમાં પ્રસિદ્ધ થાય એટલે તદભાવવત્ કોઈ બને. પણ અહીં તો પ્રતિયોગી વ્યધિકરણ અભાવ અપ્રસિદ્ધ્યા પ્રતિયોગિતાવચ્છેદકત્વ અપ્રસિદ્ધ છે. આમ અવ્યાપ્તિ દોષ ઉભો રહે છે.

ઉત્તરપક્ષ : પ્રતિયોગિતાવચ્છેદકત્વ આ રીતે પ્રસિદ્ધ કરશું.

સ્વ પદથી તદ્વ્યક્તિત્વ લેવું કેમકે જે વ્યક્તિ ખંડકાલમાં ન જ હોય તે તદ્વ્યક્તિનો આપણે અભાવ લઈએ. તદ્વ્યક્તિત્વવિશિષ્ટ તદ્વ્યક્તિનું અનધિકરણ જે ગોનું અધિકરણ ખંડકાલ (કાલિકેન ખંડકાલ પણ લઈ શકાય) તેમાં તદ્વ્યક્તિનો અભાવ મળે એટલે પ્રતિયોગિતાવચ્છેદક તદ્વ્યક્તિત્વ બને. આમ પ્રતિયોગિતાવચ્છેદકત્વ તદ્વ્યક્તિત્વમાં સુલભ બને.

ગોત્વત્વાદિ પ્રતિયોગિતાનવચ્છેદક બને અર્થાત્ પ્રતિયોગિતાવચ્છેદકત્વાભાવવત્ ગોત્વત્વાદિ બને. તદવચ્છેદ્યત્વાભાવ તદ્વ્યક્ત્યભાવીય પ્રતિયોગિતામાં મળે. કાલિકાનુયોગિકત્વ પણ છે. આમ ઉભયાભાવ મળી જતાં અવ્યાપ્તિ ન આવે.

આ રીતે જ્યાં કાલિકેન સાધ્યતા હોય ત્યાં પ્રતિયોગિતાવચ્છેદકત્વ અનિત્ય એવી તદ્વ્યક્તિત્વમાં પ્રસિદ્ધ કરી લઈને તત્પ્રતિયોગિતાવચ્છેદકનો અભાવ ગોત્વત્વાદિમાં મળી જતાં ગોત્વત્વાવચ્છેદ્યત્વાભાવ પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ બનતાં અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : ननु हेतुमन्निष्ठाभावीयसंयोगसम्बन्धावच्छिन्नप्रतियोगितावच्छेदक-मात्रस्यैव घटत्वादिविशिष्टसम्बन्धिनिष्ठाभावीयसंयोगसम्बन्धावच्छिन्नप्रतियोगिता-

वच्छेदकत्वात् पारिभाषिकाऽवच्छेदकाऽप्रसिद्ध्या वह्निमान् धूमादित्यादाव-व्याप्तिवारकं द्वितीयनिरुक्तौ अभावे प्रतियोगिवैयधिकरण्यं प्रवेश्यताम्,

---

પૂર્વપક્ષ : બીજી અવચ્છેદકત્વ ઘટિત નિરૂક્તિમાં પ્રતિયોગી વ્યધિકરણપદ નિવેશ આવશ્યક :

સ્વવિશિષ્ટ સંબંધિનિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદકત્વં ।

वह्निमान्, धूमात् - ધૂમાધિકરણ પર્વત, પ્રતિયોગી ઘટનું અસંબંધી પણ છે એટલે પ્રતિયોગી અનધિકરણ હેત્વધિકરણવૃત્તિ ઘટાભાવ મળે. પ્રતિયોગિતાવચ્છેદક **ઘટત્વ.**

સ્વ=ઘટત્વ વિશિષ્ટઘટ સંબંધી ભૂતલનિષ્ઠ અન્યાભાવ તો મળે, ઘટાભાવ પણ મળે. (અન્યદેશાવચ્છેદેન) પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ. જે પારિભાષિક અવચ્છેદક બને તે પ્રતિયોગી સમાનાધિકરણ એતાદૃશ પ્રતિયોગિતાનવચ્છેદક બનવું જોઈએ તે ન બન્યું. આમ બધાય પ્રતિયોગિતાવચ્છેદક બની જતાં પારિભાષિક અવચ્છેદકત્વની અપ્રસિદ્ધ નિબંધન અવ્યાપ્તિ આવે. એને દૂર કરવા આ દ્વિતીય નિરૂક્તિમાં પ્રતિયોગી વ્યધિકરણનો નિવેશ કરવો જ જોઈએ. (અર્થાત્ તમે કર્યો છે તે બરોબર છે) એટલે હવે ભૂતલમાં પ્રતિયોગીવ્યધિકરણ ઘટાભાવ ન મળે તેથી પ્રતિયોગિતાનવચ્છેદક ઘટત્વ બની જતાં સ્વપદગૃહીત ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ ન રહી.

जागदीशी : अवच्छेद्यत्वघटिततृतीयनिरुक्तावपि हेतुमन्निष्ठाभावप्रतियोगिता-सामान्ये एव धूमत्वविशिष्टसम्बन्धिनिष्ठाभावीयसंयोगसम्बन्धावच्छिन्नप्रतियोगितान-वच्छेदकीभूतगोत्वत्वाद्यवच्छेद्यत्वाभावाद् धूमवान् वह्नेरित्यादावतिव्याप्तिवारणा-र्थमभावे तद्विशेषणं दीयताम्, प्रथमनिरुक्तौ तु प्रतियोगिवैयधिकरण्यमभावविशेषणं किमर्थमित्याशङ्क्ते *न चेति* । *वाच्यमिति* परेणान्वयः ।

પૂર્વપક્ષ : ત્રીજી નિરૂક્તિમાં પણ આવશ્યક : સાધ્યતાવચ્છેદકસ્વવિશિષ્ટસંબંધિનિષ્ઠાભાવીયપ્રતિયોગિતાનવચ્છેદકઅવચ્છેદ્યત્વં અવચ્છેદકત્વમ્ ।

धूमवान्, वह्नेः ધૂમત્વવિશિષ્ટ ધૂમ સંબંધી પર્વતમાં ધૂમાભાવ મળે. પ્રતિયોગિતા-વચ્છેદક જ ધૂમત્વ બની ગયું.

અનવચ્છેદક ગોત્વત્વ બને. તદવચ્છેદ્યત્વાભાવ ધૂમાભાવીયપ્રતિયોગિતામાં મળી જતાં ઉભયાભાવ મળતાં અતિવ્યાપ્તિ આવી.

માટે તૃતિયા નિરૂક્તિમાં અહીં પણ પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ આવશ્યક છે.

પર્વતમાં પ્રતિયોગી વ્યધિકરણ ધૂમાભાવ ન મળે એટલે પ્રતિયોગિતાનવચ્છેદક તરીકે ધૂમત્વ મળી જાય. તદવચ્છેદ્યત્વ પ્રતિયોગિતામાં છે જ. ઉભય રહી જતા અતિવ્યાપ્તિ ન રહી.

આમ બીજી ત્રીજી નિરૂક્તિમાં પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ બરોબર છે. પણ પ્રથમ નિરૂક્તિમાં તદનિવેશે કોઈ આપત્તિ નથી માટે ત્યાં તેનો નિવેશ વિફલ છે.

જુઓ, મૂલમાં પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ વ્યર્થ કેમ છે ?

दीधिति : न च मौलमिदमीयं च प्रतियोगिवैयधिकरण्यमनुपादेयम्, संयोगत्वाद्यवच्छिन्नाभाववति संयोगत्वादिविशिष्टस्य वृत्तेः, गुणादिनिष्ठाभावप्रतियोगितावच्छेदकद्रव्यत्वत्व-द्रव्यमात्रसमवेतत्वाद्यवच्छिन्नाऽभाववति चाऽवृत्तेरव्याप्त्यतिव्याप्त्योरनवकाशादिति वाच्यम् ।

जागदीशी : संयोगी द्रव्यत्वादित्यादावव्याप्तिवारणं मौलस्य फलमन्यथोपपादयति *संयोगत्वावच्छिन्नेति । वृत्तेरिति* । अव्याप्त्यनवकाशादित्यग्रेऽन्वयः । संयोगी सत्त्वादित्यादावतिव्याप्तिवारणमिदमीयस्य फलमन्यथा कुरुते *गुणादीति* । द्रव्यत्वत्वं द्रव्यान्यासमवेतत्वविशिष्टसकलद्रव्यसमवेतत्वम्, तच्च न समवायसम्बन्धेनाभावस्य प्रतियोगितावच्छेदकम्, लाघवेन द्रव्यान्यासमवेतत्वस्यैव तत्त्वादित्यतस्तथैवाह द्रव्यमात्रेति ।

द्रव्यान्यासमवेतत्वमित्यर्थः । अवृत्तेरिति । अतिव्याप्त्यनवकाशादिति योजना ।

પ્રથમ નિરૂક્તિ - તદવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવવદસમ્બદ્ધસ્વવિશિષ્ટ સામાન્યકત્વં

મૂલોક્તલક્ષણઘટક અભાવ પ્રતિયોગીવ્યધિકરણ ન લેતા છતાં પણ *संयोगी, द्रव्यत्वात्* માં અવ્યાપ્તિ નથી. જુઓ,

संयोगी, द्रव्यत्वात् - સદ્હેતુકસ્થળ.

દ્રવ્યત્વાધિકરણ દ્રવ્યમાં સંયોગાભાવ (પ્રતિયોગી સમાનાધિકરણ)

પ્રતિયોગિતાવચ્છેદક સંયોગત્વ.

સંયોગત્વાવચ્છિન્નાભાववત્ દ્રવ્યમાં યદ્ધર્મ સંયોગત્વવિશિષ્ટસંયોગ સામાન્ય

સમ્બદ્ધ જ છે. અસમ્બદ્ધ નથી એટલે યદ્ધર્મથી સંયોગત્વ પકડાય જ નહિ. ગુણત્વવિશિષ્ટ અસંબંધ છે માટે ગુણત્વ જ પકડાય. તે પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક છે. આમ દોષ રહેતો નથી.

હવે ઈદમીયમાં પણ પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ નિરર્થક છે જુઓ

संयोगी, सत्त्वात् ।

સત્તાધિકરણ ગુણાદિનિષ્ઠ દ્રવ્યત્વાભાવ (ગમે તે અભાવ લેવો) પ્રતિયોગિતાવચ્છેદક દ્રવ્યત્વત્વ- તદ્વચ્છિન્નાભાવવત્ ગુણમાં અસંબદ્ધ યદ્ધર્મ - સંયોગત્વવિશિષ્ટ સંયોગસામાન્ય છે જ. એટલે યદ્ધર્મપદગૃહીત સંયોગત્વ પ્રતિયોગિતાવચ્છેદક, તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ પણ ન રહી.

'દ્રવ્યત્વત્વ' એટલે દ્રવ્યેતરાસમવેતત્વે સતિ સકલદ્રવ્યસમવેતત્વમ્ - અહિં દ્રવ્યમાત્રસમવેતત્વં તે દ્રવ્યત્વત્વંની અપેક્ષાએ લઘુભૂત છે માટે દ્રવ્યત્વત્વમાં અરૂચિ હોવાથી 'દ્રવ્યમાત્રસમવેતત્વ' પદ લીધું.

આ રીતે પ્રથમનિરૂક્તિમાં ઉભયત્ર પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ અનુપાદેય છે.

दीधिति : धूमवान् वह्नेरित्यादावतिव्याप्तेः ।

जागदीशी : *धूमवानिति*। संयोगेन द्रव्याणामव्याप्यवृत्तितया धूमत्वावच्छिन्नाभाववत्यपि धूमत्वादिविशिष्टस्य सत्त्वादिति भावः ।

ઉત્તરપક્ષ : નહિ, તેમ થતાં ***धूमवान्, वह्नेः*** માં અતિવ્યાપ્તિ આવે છે. વહ્ન્યધિકરણ પર્વતમાં ધૂમાભાવ (પ્રતિયોગી સમાનાધિકરણ) પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ, ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ તો સંબદ્ધ છે જ. એટલે યદ્ધર્મ પદથી ઈષ્ટ એવું ધૂમત્વ ન પકડાયું. ઘટત્વવિશિષ્ટ ઘટ અસંબદ્ધ બનતાં ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ.

જો અહીં પ્રતિયોગી વ્યધિકરણ નિવેશ લઈએ તો ધૂમત્વાવચ્છિન્નાભાવવત્ અયોગોલક બને. તેમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ અસમ્બદ્ધ છે જ. એટલે ધૂમત્વ-પ્રતિયોગિતાવચ્છેદક તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

जागदीशी : ननु हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकं यदयोगोलकाऽसंयुक्तत्वं धूमत्वविशिष्टस्य तदवच्छिन्नाभाववदवृत्तित्वादेव नातिव्याप्तिरत आह *न हीति*।

પૂર્વપક્ષ - નહિ, અહી અતિવ્યાપ્તિ રહેલી નથી. અમે વહ્ન્યધિકરણમાં

અયોગોલકાવૃત્તિ (પર્વતીયધૂમ) દ્રવ્યાભાવ લઈશું. પ્રતિયોગિતાવચ્છેદક અયોગોલકાવૃત્તિદ્રવ્યત્વ. અયોગોલકાવૃત્તિદ્રવ્યત્વાવચ્છિન્નાભાववત્ અયોગોલક બને.

એમાં ધૂમત્વવિશિષ્ટધૂમ અસમ્બદ્ધ છે જ. એટલે ધૂમત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બન્યો, તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ન રહી.

दीधिति : न हि उत्पत्तिकालावच्छेदेनाऽपि महानसादौ किञ्चित्संयोगेन वर्तते, येन वह्निमदयोगोलकनिष्ठात्यन्ताभावप्रतियोगितावच्छेदकायोगोलकाऽवृत्तिद्रव्यत्वाद्यवच्छिन्नाभाववदवृत्तित्वं धूमत्वविशिष्टस्य सम्भाव्येत ।

ઉત્તરપક્ષ : મહાનસમાં પણ ઉત્પત્તિકાલાવચ્છેદેન અયોગોલકાવૃત્તિ દ્રવ્યત્વાવચ્છિન્નાભાવ મળી જાય. એમાં (મહાનસમાં) ધૂમત્વવિશિષ્ટધૂમ અસમ્બદ્ધ નથી. ઘટત્વવિશિષ્ટ ઘટ અસમ્બદ્ધ છે માટે પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ. હવે જો અહીં પ્રતિયોગીવ્યધિકરણ નિવેશ હોય તો અયોગોલકાવૃત્તિ દ્રવ્યત્વાવચ્છિન્નાભાવવત્ મહાનસ પકડાય નહિ કેમકે તે ધૂમપ્રતિયોગિનું અધિકરણ છે. તેવું અયોગોલક જ પકડાય. ત્યાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ અસમ્બદ્ધ છે. ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક બની જાય. તેજ સાધ્યતાવચ્છેદક બનવાથી અતિવ્યાપ્તિ ન રહે. (અહીં અયોગોલકાવૃત્તિ દ્રવ્ય કોઈપણ સંયોગથી ઉત્પત્તિકાલાવચ્છેદેન મહાનસમાં રહેતું નથી એટલે તમે તમારી રીતે અયોગોલકને જ અધિકરણ પકડીને અતિવ્યાપ્તિ દૂર કરવાનું કાર્ય કરી શકતા નથી.)

जागदीशी : इत्थञ्चावच्छेदकत्वनिरुक्तौ प्रतियोग्निवैयधिकरण्यप्रवेशे मूलोक्तहेतुसमानाधिकरणाभावेऽपि तदावश्यकम्, अन्यथा हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकीभूतसंयोगत्वाद्यवच्छिन्नाभावस्य प्रतियोगिवैयधिकरण्यावच्छिन्नस्याधिकरणे गुणादौ संयोगत्वादिविशिष्टस्याऽवृत्तेः संयोगी द्रव्यत्वादित्यादावव्याप्तिरिति भावः ।

આ રીતે ઇદમીય પ્રથમનિરુક્તિમાં પ્રતિયોગી વ્યધિકરણ પદની આવશ્યકતા સિદ્ધાન્તીએ સિદ્ધ કરી. હવે કહે છે કે મૌલીય પ્રતિયોગી વૈયધિકરણ્ય નિવેશ પણ આવશ્યક છે. જો ત્યાં પ્રતિયોગી વૈયધિકરણ્ય નિવેશ ન કરીએ તો ***संयोगी, द्रव्यत्वात्*** માં અવ્યાપ્તિ આવે. જે આ રીતે :

દ્રવ્યત્વાધિકરણ દ્રવ્યનિષ્ઠ સંયોગાભાવ (પ્રતિયોગી સામાનાધિકરણ). પ્રતિયોગિતાવચ્છેદક-સંયોગત્વ. સંયોગત્વાવચ્છિન્નાભાવવત્ ગુણ. (કેમકે ઈદમીયમાં તો પ્રતિયોગી વૈયધિકરણ નિવેશ હમણાં જ નક્કી કરી લીધો છે. એટલે હવે તાદશાભાવવત્ દ્રવ્ય ન કહેવાય) તેમાં સંયોગત્વ વિશિષ્ટ સંયોગ અસમ્બદ્ધ છે જ એટલે સંયોગત્વ પ્રતિયોગિતાવચ્છેદક બને, તે જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ.

હવે જો મૂલમાં પણ પ્રતિયોગી વ્યધિકરણ અભાવ લઈએ તો દોષ રહેતો નથી. દ્રવ્યત્વાધિકરણમાં પ્રતિયોગી વ્યધિકરણ ઘટાભાવાદિ જ મળે. પ્રતિયોગિતાવચ્છેદક-ઘટત્વ. ઘટત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં સંયોગત્વવિશિષ્ટ સંયોગ તો સમ્બદ્ધ છે જ એટલે પ્રતિયોગિતાવચ્છેદક સંયોગત્વ ન બને. ઘટત્વવિશિષ્ટ ઘટ અસમ્બદ્ધ છે માટે ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક બને. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક બનતાં અવ્યાપ્તિ ન રહી.

दीधिति : प्रतियोगितयोरेकसम्बन्धावच्छिन्नत्वस्य विशेषणताविशेषावच्छिन्नत्वस्य वा विवक्षणे पुनरनुपादेयमेव प्रतियोगिवैयधिकरण्यद्वयम् ।

जागदीशी : लाघवमभिप्रेत्याह प्रतियोगितयोरिति । मौलेदमीयप्रतियोगितयोरित्यर्थः । तथा च हेतुमन्निष्ठाभावीययद्यत्सम्बन्धावच्छिन्नप्रतियोगितावच्छेदकीभूतयत्किञ्चिद्धर्मावच्छिन्नतत्तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभाववदसम्बद्धस्वविशिष्टसामान्यकत्वं प्रथमस्य ।

હવે દીધિતિકાર ત્રણેયનિરૂક્તિમાં પ્રતિયોગી વૈયધિકરણના નિવેશ વિના જ લક્ષણ સમન્વય કરે છે. અર્થાત્ પ્રતિયોગી વૈયધિકરણ્યનો નિવેશ ન કરે તો ય લઘુભૂત એકસમ્બન્ધાવચ્છિન્ના પ્રતિયોગિતા ઈત્યાદિ વક્ષ્યમાણ રીત્યા જ કાર્ય ઉપપન્ન થઈ જવાથી તે નિવેશ ગુરૂભૂત હોઈને ત્યાજ્ય છે.

દીધિતિકાર કહે છે કે પહેલી બે નિરૂક્તિમાં હેતુસમાનાધિકરણ અભાવીય પ્રતિયોગિતા અને સ્વવિશિષ્ટ સંબંધિનિષ્ઠાભાવીય પ્રતિયોગિતા બેય એક સંબંધાવચ્છિન્ના જોઈએ એવી વિવક્ષા કરતા પ્રતિયોગી વૈયધિકરણ નિવેશ અનુપાદેય છે. પ્રથમનિરૂક્તિમાં જોઈએ.

वह्निमान्, धूमात् સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ -

સંયોગેન ઘટત્વાવચ્છિન્નાભાવવત્ પર્વતમાં ઘટત્વવિશિષ્ટ ઘટ અસંબદ્ધ છે જ. માટે યદ્ધર્મપદગૃહીત ઘટત્વએ પ્રતિયોગિતાવચ્છેદક બની ગયો. તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક

બન્યો.

धूमवान्, वह्नेः । સંયોગેન ધૂમાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક = ધૂમત્વવિશિષ્ટ ધૂમવત્ અયોગોલકમાં અસમ્બદ્ધ ધૂમત્વવિશિષ્ટ ધૂમ છે. માટે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક તે જ સાધ્યતાવચ્છેદક. તેથી અતિવ્યાપ્તિ ન આવી.

जागदीशी : द्वितीयस्य तु स्वविशिष्टसम्बन्धिनिष्ठाभावीययद्यत्सम्बन्धावच्छिन्न-प्रतियोगितानवच्छेदकीभूतहेतुसमानाधिकरणाभावीयतत्तत्सम्बन्धावच्छिन्नप्रतियोगिता-वच्छेदकत्वमर्थः ।

દ્વિતીયનિરૂક્તિમાં પણ ***वह्निमान्, धूमात्*** સ્થળે સંયોગેન ઘટાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ એ સ્વવિશિષ્ટ- સંબંધિનિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદક = સંયોગેન ઘટત્વ (સ્વ)વિશિષ્ટ ઘટ સંબંધિ ભૂતલ નિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદક ઘટત્વ બને છે માટે સ્વ = ઘટત્વ પ્રતિયોગિતાવચ્છેદક, તદ્ભિન્ન સાધ્યતાવચ્છેદક. અવ્યાપ્તિ નથી.

જગદીશ અહીં કહે છે કે જે સ્વવિશિષ્ટ પ્રતિયોગિતાનવચ્છેદક છે તે હેતુ સમાનાધિકરણ અભાવીયપ્રતિયોગિતાવચ્છેદક છે, માટે સ્વ પદગૃહીત પ્રતિયોગિતાવચ્છેદક બને. ***धूमवान्, वह्नेः*** માં સંયોગેન ધૂમાભાવીય પ્રતિયોગિતાવચ્છેદક ધૂમત્વ. ધૂમત્વવિશિષ્ટ ધૂમસંબંધિ પર્વતનિષ્ઠાભાવ પ્રતિયોગિતાનવચ્છેદક ધૂમત્વ છે જ માટે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક બન્યો. તેજ સાધ્યતાવચ્છેદક.

અહીં બે ય પ્રતિયોગિતા તત્તત્સંબંધથી અવચ્છિન્ના કહી છે. એટલે એકસંબંધ એ તત્ તત્ સંબંધમાં પર્યવસિત થઈ ગયો. માટે તત્ પદના અનનુગમને લીધે હવે દીધિતિકાર કહે છે કે બેય પ્રતિયોગિતા સ્વરૂપસંબંધાવચ્છિન્ના હોવી જોઈએ. અભાવ તેવો પકડવો જેની પ્રતિયોગિતા સ્વરૂપસંબંધ અવચ્છિન્ન હોય.

धूमवान्, वह्नेः સ્થળે હવે ધૂમાભાવ ન લેવાય પણ અયોગોલકાન્યત્વાભાવ લેવાય. (અયોગોલકાન્ય = પર્વત, તેમાં અયોગોલકાન્યત્વ મળે પણ અયોગોલકમાં તેનો અભાવ) તદીય પ્રતિયોગિતા સ્વરૂપાવચ્છિન્ના છે જ. હવે પ્રતિયોગિતાવચ્છેદક અયોગોલકાન્યત્વત્વ સ્વરૂપેણ અયોગોલકાન્યત્વત્વાવચ્છિન્નાભાવવત્ અયોગોલક બને. તેમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમ અસંબદ્ધ છે જ. માટે ધૂમત્વ પ્રતિયોગિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ન રહે.

दीधिति : यत्राधिकरणे व्यभिचारस्तदन्यत्वत्वतदन्यत्वप्रकारकप्रमाविषयत्वत्वसाध्यवत्त्वप्रकारकप्रमाविषयत्वत्वादीनां साध्यतावच्छेदकविशिष्टसाध्यवन्निष्ठात्यन्ताभावप्रतियोगिताऽनवच्छेदकत्वात्, हेतुतावच्छेदकविशिष्टहेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकत्वाच्चातिव्याप्तेरनवकाशात् ।

जागदीशी : तत्तत्सम्बन्धावच्छिन्नत्वपर्यवसन्नस्यैकसम्बन्धावच्छिन्नत्वस्याननुगमाद्विशेषणताविशेषावच्छिन्नत्वप्रवेशावश्यकत्वेन सम्बन्धान्तरप्रवेशे गौरवात्तदपेक्षया लाघवाच्चाह विशेषणतेति । अभावीयविशेषणताया लक्षणघटकत्वमभिप्रेत्याह *तदन्यत्वत्वेति* ।

અહીં દીધિતિકાર કહે છે કે જે વ્યભિચારી સ્થળો હોય ત્યાં આવા અભાવ લેવા જોઈએ. પહેલા તો વિશેષણતાવિશેષ સંબંધ કહ્યો છે એટલે કોઈ કાલિક સંબંધને લક્ષણ ઘટક ન સમજી લે એટલે દીધિતિકાર તદન્યત્વત્વ ને લઈને કહે છે કે દ્વિતીય નિરૂક્તિમાં ધૂમત્વવિશિષ્ટ ધૂમસંબંધિ પર્વતમાં અયોગોલકાન્યત્વાભાવ ન મળે માટે અયોગોલકાન્યત્વત્વ એ પ્રતિયોગિતાનવચ્છેદક બને. માટે ધૂમત્વ એ પારિભાષિક અવચ્છેદક બની જાય. તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

जागदीशी : प्रमाविषयत्वीयविशेषणतायास्तथात्वमभिप्रेत्याह *तदन्यत्वप्रकारकेति* ।

એજ રીતે આ સ્થળે તદન્યત્વપ્રકારકપ્રમાવિષયાભાવ પણ લેવાય. અયોગોલકાન્યત્વપ્રકારકપ્રમાવિષયતા પર્વતમાં છે. તેનો અભાવ અયોગોલકમાં છે. દીધિતિકાર આ બીજું ઉદાહરણ લઈને એ સૂચવે છે કે અભાવની જ સ્વરૂપસંબંધથી અવચ્છિન્ના પ્રતિયોગિતા જોઈએ તેમ નહિ પ્રમાવિષયત્વીય સ્વરૂપસંબંધ = અર્થાત્ પ્રમાવિષયતા પણ જે સ્વરૂપસંબંધથી રહી છે તે સ્વરૂપસંબંધથી પણ અવચ્છેદક પ્રતિયોગિતા તદન્યત્વપ્રકારકપ્રમાવિષયત્વાભાવીયા બને. (અયોગોલકમાં પ્રમાવિષયતા તો છે જ તેનો અભાવ નથી પણ તદન્યત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વાભાવ છે જ)

जागदीशी : साध्यवत्त्वस्यावश्यकोपस्थितिकतया तद्घटितधर्मस्योपस्थितिलाघवात्तमादायैवातिव्याप्तिवारणं सुघटमित्याशयेनाह *साध्यवत्त्वेत्यादि* ।

વળી સાધ્યવત્વપ્રકારકપ્રમાવિષયાભાવ ઉજુ ઉદાહરણ લે છે. અને એનાથી સૂચવે છે કે સાધ્યવત્વ એ અવશ્યોપસ્થિતિક હોવાથી તદ્ઘટિત ધર્મમાં ઉપસ્થિતિકૃત લાઘવ છે માટે એને લઈને જ અતિવ્યાપ્તિનું વારણ થઈ શકે છે. તે પણ જોઈ લઈએ.

ધૂમવાન્, વહ્નેઃ સ્થળે :

સાધ્યવત્ત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક = સાધ્યતાવચ્છેદક પ્રકારકપ્રમાવિષયત્વત્વ, સ્વ = ધૂમત્વપ્રકારકપ્રમાવિશેષ્યત્વ વિશિષ્ટ ધૂમ સંબંધિ પર્વત એમાં સાધ્યવત્ત્વપ્રકારકપ્રમાવિષયત્વાભાવ ન જ મળે તેથી પ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યવત્ત્વપ્રકારકપ્રમાવિષયત્વત્વ બની જાય. એટલે સ્વપદગૃહીત ધૂમત્વ એ પ્રતિયોગિતાવચ્છેદક બને. તેજ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ ન રહી.

આ રીતે દ્વિતીયનિરુક્તિ અનુસાર તદન્યત્વત્વ આદિ ધર્મો પ્રતિયોગિતાનવચ્છેદક બને છે અને પારિભાષિક પ્રતિયોગિતાવચ્છેદક રૂપ પણ બને છે. એટલે યદ્ધર્મ પદથી ધૂમત્વ લીધેલું તે પ્રતિયોગિતાવચ્છેદક બને તે જ સાધ્યતાવચ્છેદક બનતાં અતિવ્યાપ્તિ રહેતી નથી.

આ રીતે દીધિતિકારે પ્રથમ અને દ્વિતીય નિરૂક્તિમાં સ્વરૂપેણ પ્રતિયોગિતા લઈને પ્રતિયોગી વૈયધિકરણ નિવેશ દૂર કર્યો.

